બ્રહ્મનિર્ઝર


જે બ્રહ્મને જાણે તે પરમને પામે

ફેબ્રુઆરી ૨૦૨૨ * વર્ષ ૩૫ * અંક ૧૧

# સ્મૃતિ વિશેષાંક

શ્રી સ્વામિનારાયણ મંદિર
કળશ મહોત્સવ





બ્રહ્મનિર્ઝર
જે બ્રહ્મને જાણે તે પરમને પામે
ફેબ્રુઆરી ૨૦૨૨ * વર્ષ ૩૬ * અંક ૧૧
સ્મૃતિ વિશેષાંક
શ્રી સ્વામિનારાયણ મંદિર
કળશ મહોત્સવ
અનુપમ
મિશન


સંપ સુહૃદભાવ ને એકતાના
યોગીજી મહારાજના રાજીપાના
કળશ ચઢી ગયા !




ગુરુહરિ પરમ પૂજ્ય પપ્પાજીના હસ્તાક્ષરમાં પરાવચન : “સ્વામીસ્વરૂપ પૂ. સાહેબના પ્રથમ ભઠ્ઠીના એકાંતિકો”ની નિશ્રામાં

પ્રથમ હરોળમાં ઊભા : * પૂ. ડૉ. સનંદભાઈ * પૂ. પૂનમભાઈ * પૂ. હર્ષદભાઈ * પૂ. રમેશભાઈ

દ્વિતીય હરોળમાં બેઠેલા : * પૂ. અશ્વિનભાઈ * **સંતભગવંત પ.પૂ. સાહેબજી** * પૂ. શાંતિભાઈ * પૂ. ડૉ. રતિભાઈ


તૃતીય હરોળમાં બેઠેલા : * પૂ. ડૉ. વિઠ્ઠલભાઈ * પૂ. અરુણભાઈ



# ભગવાનના દિવ્ય કાર્યના એક નૂતન દિવ્ય યુગનો ઉદય

૧૯૫૯ની સાલ. ભારતની સ્વતંત્રતાના ૧૨મા મહાપર્વનો એ દિવસ ૧૫મી ઑગસ્ટ હતો. યોગીબાપા મુંબઈમાં બિરાજતા હતા.

યુવાન સાહેબજી અને તેમના સર્વ અધ્યાત્મપંથી સાથીદારો ઉચ્ચ અભ્યાસ માટે વલ્લભવિદ્યાનગર આવીને વસ્યા હતા. સાહેબજી અને યુવાનોને સંબોધીને યોગીબાપાએ આ પૂર્વે અને એ પછી અનેક પત્રો પોતાના હસ્તાક્ષરમાં લખીને પાઠવ્યા હતા. આવા પત્રોમાંનો એક પત્ર યોગીબાપાએ મુંબઈથી ૧૯૫૯ની સાલની ૧૫મી ઑગસ્ટે સ્વ-હસ્તાક્ષરમાં લખ્યો. યોગીબાપાએ એ પત્રમાં લખ્યું :



``દા. સાધુ જ્ઞાનજીવનદાસજીના ઘણા હેતથી
સ્વામિનારાયણ વાચશો. અત્યારે યુવકો
૨૦ છે... બ્રહ્મ સ્થીતીવાળા છે મહારાજે
બધા યુવકોને બ્રહ્મસ્થીતી કરવા સારું
મોકલ્યા છે. તે યુવકો તમો ૨૧ ત્યાં
તૈયાર કરો – થશે જ, માટે આશીરવાદ
લીયો ને કામ શરૂ કરો...

૧૯૫૯માં જ્યારે યોગીજી મહારાજે સાહેબજીને ઉદ્દેશીને ઉપરોક્ત પત્ર લખ્યો હતો, ત્યારે સાહેબજી ૧૯ વર્ષના યુવાન હતા. તેઓના સહાધ્યાયી અધ્યાત્મપંથી સૌ મિત્રો પણ લગભગ એટલી જ ઉંમરના હતા. સામેના પાન ઉપરની છબીમાં સાહેબજી સાથે સાહેબજીના જે સહાધ્યાયી મિત્રોનાં દર્શન થાય છે, તેઓ સૌને ઉદ્દેશીને લખેલા ઉપરોક્ત પત્રમાં યોગીજી મહારાજે આ યુવાનોના જીવનના આધ્યાત્મિક ધ્યેયને સ્પષ્ટ કરી આપ્યું એટલું જ નહીં; પરંતુ, એ દિવ્ય ધ્યેયને પ્રાપ્ત કરવાની તેઓની શ્રદ્ધા અને આશીર્વાદ રૂપ શબ્દો પણ લખ્યા : “**...થશે જ, માટે આશીરવાદ લીયો ને કામ શરૂ કરો !**”

યોગીજી મહારાજે ૧૯૫૯માં લખેલા એ પત્રમાં સાહેબજી અને તેમના સહાધ્યાયી અધ્યાત્મ પંથી મિત્રોનાં દિવ્ય દર્શન કરાવી જે આશીર્વાદ આપ્યા હતા, એ જ વાતને વર્ષો પછી ગુરુહરિ પરમ પૂજ્ય પપ્પાજીએ પોતાના હસ્તાક્ષરમાં લખી યોગીજી મહારાજના એ આશીર્વાદને સાકાર થયેલા પુનઃ દર્શન કરાવ્યાં, જે સામેના પાન ઉપરની છબીમાં વંચાય છે.


આ સમયગાળા દરમિયાન, ૧૯૬૪માં જ્યારે સાહેબજી અને તેમના અધ્યાત્મપંથી મિત્રો એમ.એસસી. (M.Sc.)નો અભ્યાસ કરવા સારુ વલ્લભવિદ્યાનગરમાં સરદાર પટેલ યુનિવર્સિટીની હૉસ્ટેલમાં નિવાસ કરવા આવ્યા ત્યારે યોગીજી મહારાજે સાહેબજીને આજ્ઞા કરી, 'હે જશુભાઈ ! આપણે હૉસ્ટેલમાં મંદિર કરો...!'

ભારતની આઝાદી પછીની આ ઉછરતી નવયુવાન પેઢી માટે યોગીજી મહારાજનો આ આદેશ સામાન્ય રીતે તો ગળે ઊતરે તેવો નહોતો. પરંતુ, સાહેબજી તો, યોગીજી મહારાજના શબ્દોમાં કહીએ તો, “દિવ્ય મૂરતિ” હતા. અને તેઓના સહાધ્યાયી અધ્યાત્મપંથી મિત્રો પણ એવા જ હતા. હૉસ્ટેલમાં મંદિર કરવાની યોગીજી મહારાજની આજ્ઞાને જ્યારે સાહેબજીએ પોતાના મિત્રોને કહી, ત્યારે ઝાઝી ચર્ચા-વિચારણા કર્યા વગર યુનિવર્સિટીની હૉસ્ટેલની રૂમ નં. ૧૪ પર સાહેબજીએ પસંદગી ઉતારી, અને સૌએ ભેગા મળી યોગીજી મહારાજની આજ્ઞા અનુસાર ચોવીસ કલાકથી પણ ઓછા સમયમાં સરસ મજાનું શ્રી ઠાકોરજી મહારાજનું મંદિર તૈયાર કરી દીધું. આ મંદિરમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની છબી સાથે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ તથા બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની છબીઓ પણ પધરાવી.

યુનિવર્સિટી હૉસ્ટેલની રૂમ નં. ૧૪માં મંદિર તૈયાર થયાના બીજા દિવસે સવારે એ મંદિરમાં બિરાજતા શ્રી ઠાકોરજી મહારાજની આરતી ઉતારવાના ઉમંગ સાથે સાહેબજી, તેઓના સૌ અધ્યાત્મ પંથી મિત્રો અને હૉસ્ટેલમાં રહેતા યુવાનોએ તૈયારી આરંભી. જેમ જેમ શ્રી ઠાકોરજી મહારાજની આરતી ઉતારવાનો સમય નજીક આવતો જતો હતો, તેમ તેમ સાહેબજીના હૃદયમાં એક દિવ્ય ભાવની અનુભૂતિ સહજ થતી જતી હતી. આરતી થવાનો સમય થયો તેની થોડી જ ક્ષણો પહેલાં જે રૂમમાં શ્રી ઠાકોરજી મહારાજનું મંદિર તૈયાર કર્યું હતું, તે રૂમની બહાર એક મોટરગાડી આવવાનો અવાજ સાંભળી સાહેબજી અને કેટલાક યુવાનો બહાર આવ્યા. જોયું તો એ મોટરગાડીમાંથી સ્વયં બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજ દરવાજો ખોલી હૉસ્ટેલ તરફ પધારી રહ્યા હતા ! બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજનાં દર્શન કરી સાહેબજી અને સૌ યુવામિત્રો તો રાજી રાજી થઈ ગયા. સહજ ગોષ્ઠિ દરમિયાન બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજે જણાવ્યું કે, એ દિવસે તેઓશ્રી સંસ્થાના એક ગ્રંથના છાપકામ માટે વડતાલ તરફ જઈ રહ્યા હતા, અને સહજ પ્રેરણા પામી, તેઓશ્રી યુનિવર્સિટીની એ હૉસ્ટેલમાં નિવાસ કરતા યોગીજી મહારાજના પ્રિય યુવકોને મળવા – દર્શન તથા સત્સંગનું સુખ આપવા પધાર્યા હતા.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજ યુનિવર્સિટી હૉસ્ટેલની એ રૂમ નં ૧૪માં પધાર્યા, જ્યાં સાહેબજી અને યુવાનોએ યોગીજી મહારાજની આજ્ઞા અનુસાર શ્રી ઠાકોરજી મહારાજનું એક સુંદર મંદિર તૈયાર કર્યું હતું, અને એ નવનિર્મિત મંદિરમાં બિરાજમાન શ્રી ઠાકોરજી મહારાજની પ્રથમ આરતી ઉતારવાની તૈયારીઓ જણાતી હતી. બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજે યુવાનો દ્વારા નિર્મિત એ મંદિરમાં બિરાજમાન શ્રી ઠાકોરજીનાં દર્શન કર્યાં, અને જાણે તેઓની દષ્ટિમાં પ્રગટ દિવ્યતાથી એ મંદિરજીમાં પધરાવવામાં આવેલી છબીઓમાં પ્રાણપ્રતિષ્ઠા કરી રહ્યા ! સાહેબજીએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજને હૉસ્ટેલની એ રૂમમાં નિર્મિત મંદિરમાં બિરાજમાન શ્રી ઠાકોરજીની પ્રથમ આરતી ઉતારવાની પ્રાર્થના કરી. બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજે કૃપા કરી એ પ્રાર્થના સ્વીકારી, અને અત્યંત ભાવથી જાણે કે યોગીજી મહારાજની આજ્ઞાથી નિર્મિત મંદિરની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠાની આરતી ઉતારતા હોય તેવા દિવ્યભાવથી શ્રી ઠાકોરજી મહારાજની આરતી ઉતારી. સંભવતઃ, વલ્લભવિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીની એ હૉસ્ટેલની ૧૪ નંબરની રૂમમાં યોગીજી મહારાજની આજ્ઞાથી સાહેબજી અને તેઓના અધ્યાત્મપંથી મિત્રો દ્વારા નિર્માણ પામેલું આ સંસારનું એ સર્વપ્રથમ એક એવું ઐતિહાસિક મંદિર હતું, જેની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય હસ્તે શ્રી ઠાકોરજીની કૃપાથી સહજ યોજાઈ, અને તેની પ્રતિષ્ઠાની પ્રથમ આરતી પણ તેઓશ્રીના વરદ્ દિવ્ય હસ્તે અર્પણ થઈ ! એક દિવ્ય દૃષ્ટિથી જોઈએ તો સાહેબજી દ્વારા મંદિરજીના નિર્માણના આરંભની યાત્રા તો એ દિવસથી જ થઈ ગઈ હતી !

૧૯૬૪ની એ ઐતિહાસિક સાલમાં જ યોગીજી મહારાજે લખેલા એક પરમ દિવ્ય પત્રમાં સાહેબજીને સ્વહસ્તે આશીર્વાદ લખી મોકલ્યા :


**(હે જશુભાઈ તમો સ્વામીના લાડીલા છો તો જે ધારશો તે થશે...)**

યોગીજી મહારાજના આવા પરમ દિવ્ય અદ્ભુત અને અભય વરદાનના અનુભવ આપણે સૌએ અનેકાનેક પ્રસંગે આજ દિન પર્યંત કર્યા છે. ભારતની તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર વિક્રમ સંવત ૨૦૭૮ની આ પોષી પૂર્ણિમાએ નવનિર્મિત મંદિરજીના શિખરજી પર જે સુવર્ણમંડિત ભવ્ય કળશજી અને ધ્વજાજી સ્થાપિત થયાં છે, એ મંદિરજીના નિર્માણની આખેઆખી ગાથા પણ જાણે કે યોગીજી મહારાજના એ અભય વરદાનના સાકાર સ્વરૂપ સમાન જ રહી છે. આ ગાથાના અને સાહેબજીની જીવનગાથાના દિવ્ય સહપંથીઓ રૂપે આપણા મૂળ સદ્ગુરુઓ – જેમનાં દર્શન આ લેખ સાથેની છબીમાં થાય છે, તેઓ સૌ આ પૃથ્વી ઉપર સાહેબજી દ્વારા ભગવાનના કાર્યના દિવ્ય વાહક જ્યોતિર્ધરો બની રહ્યા છે.

આજે, ભારત સ્થિત અનુપમ મિશનની તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર ભવ્ય અને દિવ્ય મંદિરજીના નિર્માણની સંપન્નતા સાથે સાહેબજી દ્વારા આ પૃથ્વી ઉપર ભગવાનના દિવ્ય કાર્યનો એક નૂતન દિવ્ય યુગ ઉદય પામી રહ્યો છે. આપણા સૌનાં મહા પુણ્યોના ઉદયના પ્રતાપે આપણને આ યુગમાં જન્મ ધારણ કરવાનો, સાહેબજીના દિવ્ય સ્વરૂપની ઝાંખી પ્રાપ્ત કરવાનો, અને તેઓના વચનને યત્કિંચિત જીવવાનો અવસર ભગવાનની અપાર કૃપાથી પ્રાપ્ત થયો છે. આ અવસર આપણા જીવનમાં ભગવાનની કૃપા અને પ્રેરણાના ફળ સ્વરૂપે છે ; તેને પ્રભુના આશીર્વાદ માની, એ આશીર્વાદની દિવ્ય શક્તિના ઉપયોગ શેષ જીવન દરમિયાન આ પૃથ્વી ઉપર પ્રભુનું દિવ્ય કાર્ય, પ્રભુની રીતે, અને પ્રભુના પ્રગટ સાકાર દિવ્ય સ્વરૂપ સંતભગવંત સાહેબજીને રાજી કરવા કરીએ તેવી અભ્યર્થના શ્રી ઠાકોરજી મહારાજના ચરણે નિત્ય પ્રાર્થના રૂપે ધરતા રહીએ ! ◆

~ સાધુ મનોજદાસ



૧૯૬૪માં વલ્લભવિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીની હોસ્ટેલની રૂમ નં. ૧૪માં
બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજની આજ્ઞા અનુસાર
સાહેબજી અને સૌ સહાધ્યાયી યુવા સાથીદારો દ્વારા તૈયાર કરેલા મંદિરજીમાં
બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામીજી મહારાજ દ્વારા જે મૂર્તિની પ્રતિષ્ઠા અને પ્રથમ આરતી થઈ તે પ્રસાદીની મૂર્તિ !

બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે યોજિત

# શ્રી સ્વામિનારાયણ મંદિર કળશ મહોત્સવ

## દિવ્ય સ્મૃતિ ઝરૂખો



# શ્રી કળશ શોભાયાત્રા

૧૪ જાન્યુઆરી, ૨૦૨૨

**મકરસંક્રાંતિ,** ૧૪ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ આધ્યાત્મિક ઉન્નતિની અનુભૂતિ કરાવતો પૂર્ણ પ્રકાશિત સોનેરી ભાણ ઉદય પામ્યો. આ જ પવિત્ર દિવસે શ્રી સ્વામિનારાયણ મંદિર કળશ મહોત્સવ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે યોજાયો, જેની મંગલ પ્રભાતે સર્વે અક્ષરમુક્તો અને સંતોના અનુપમ આનંદ સાથે શ્રી કળશ શોભાયાત્રા સંપન્ન થઈ. તે પૂર્વે બ્રહ્મજ્યોતિ પરિસર મહોત્સવના શણગારે સજ્જ હતું. ભક્તોનાં હૈયાં ભક્તિભાવે હિલ્લોળી રહ્યાં હતાં. સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતો સૌને અપાર સુખ આપી રહ્યા હતા.



યજમાન યુગલો દ્વારા કળશ વહન



શ્રી કળશ શોભાયાત્રાનો મુખ્ય કાફલો



ધ્વજા, ધાર્મિક ચિહ્નો સાથે જોશવંતા યુવાનો



શિર પર કળશ સાથે ભક્તિભીની યુવતીઓ

સવારે કળશજીની શોભાયાત્રા યોજાઈ. શોભાયાત્રા પ્રારંભે પારમિતા સભાખંડમાં ઉપસ્થિત કળશજીને શિર પર ધારી પ્રતિનિધિ યજમાન યુગલોએ સુશોભિત મયૂરરથમાં સ્થાપિત કર્યા. મહોત્સવ અધ્યક્ષ સદ્ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ મહોત્સવ ધ્વજને ગગનમાં લહેરાવી શોભાયાત્રાના આરંભ કરાવ્યા. પારમિતા સભાખંડથી નૂતન મંદિરજી સુધીની આ કળશયાત્રામાં ભક્તોના હસ્તમાં ધજાઓ, ધાર્મિકચિહ્નો, જીવનસૂત્રો, મહોત્સવના લોગો આદિ શોભી રહ્યાં હતાં.

ઉપાસનાના પ્રાંગણ 'શરણમ્'માં શોભાયાત્રા પધારી ત્યારે કળશજીનાં સ્વાગત પુષ્પવર્ષા સાથે સાહેબજી અને સદ્ગુરુ સંતોએ કર્યાં. સુશોભિત કરાયેલ મયૂર રથ પર સંતભગવંત સાહેબજી, કળશજી અને સદ્ગુરુ સંતો બિરાજ્યા. ભક્તોના ભાવ ઝીલી સાહેબજી અને શોભાયાત્રાનો કાફલો મંદિર પ્રવેશદ્વાર પાસે પહોંચ્યો ત્યારે યુવાનોએ રંગબેરંગી ફુગ્ગાઓને મુક્ત ગગનમાં છોડી મહોત્સવના આનંદરંગથી નભને રંગી દીધું. મંદિર પરિસરમાં સાહેબજી સહિત કળશજીનાં સ્વાગત પુષ્પવૃષ્ટિ દ્વારા થયાં અને રથમાં પધારેલ કળશજીને મુખ્ય યજ્ઞવેદીઓ ઉપર સંતો દ્વારા સ્થાપિત કરાયા. યજમાનોએ પણ ભાવથી કળશજીને આવકાર્યા અને વંદના ધરી તેઓ યજ્ઞ તથા પૂજનવિધિમાં જોડાયા. શ્રી ઠાકોરજી મહારાજનાં દર્શન કરી સાહેબજી અને સદ્ગુરુ સંતો યજ્ઞશાળામાં મુખ્ય આસને બિરાજ્યા. ◆



મહોત્સવ ધ્વજને લહેરાવતા મહોત્સવ અધ્યક્ષ



ઉપાસનાના પ્રાંગણમાં પુષ્પવૃષ્ટિથી કળશનાં વધામણાં



મહોત્સવ પ્રારંભે શ્રી ઠાકોરજીને ભાવવંદના



શાસ્ત્રીજી મહારાજ-યોગીજી મહારાજને ભાવવંદના



શિર પર પોથી સાથે જોડાયેલાં બહેનો



સુશોભિત રથમાં બિરાજમાન સદ્ગુરુ સંતો



પુષ્પથી કળશજી અને સાહેબજીનાં વધામણાં



મુખ્ય કળશજીનાં પૂજન કરતા સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા



સંતભગવંત સાહેબજી



સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદા







શ્રી મંદિરજી પર આરૂઢ થનારા દિવ્ય શ્રી કળશજીને સદ્‌ગુરુ સંતો દ્વારા મંત્રપુષ્પાંજલિ અર્પણ






સદ્ગુરુ સંતોની પવિત્ર સંનિધિ



યજ્ઞવિધિ કરાવનાર આચાર્યગણ



યજમાનો અને ઉપસ્થિત અક્ષરમુક્તો



યજમાનો અને ઉપસ્થિત અક્ષરમુક્તો



સદ્ગુરુ સંત પૂ. અશ્વિનદાદાનાં આશીર્દાન

ભવ્ય શ્રી કળશ શોભાયાત્રા બાદ મંદિરજીના પ્રાંગણમાં સંતભગવંત સાહેબજી, સદ્ગુરુ સંતો, વ્રતધારી સંતો, ગુણાતીત જ્યોતથી પધારેલાં સંત બહેનો, દેશ-પરદેશના અક્ષરમુક્તોની પરમ દિવ્ય ઉપસ્થિતિમાં શ્રી સ્વામિનારાયણ મંદિર કળશ મહોત્સવ મહાયજ્ઞ યોજાયો.

મહોત્સવના જૂજ દિવસો પૂર્વે જ કોરોના મહામારી અનુલક્ષ્યે સરકારશ્રી દ્વારા પ્રસ્તુત થયેલ માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરી મહોત્સવ મર્યાદિત સંખ્યામાં ઉજવવાનું નક્કી થયું હોવા છતાં; મહોત્સવની દિવ્યતા અને ભવ્યતા અકબંધ રહી. સંતોની દોરવણી અનુસાર ભક્તો દ્વારા વહેતી સેવાઓ અવિરત ચાલુ રહી. મહોત્સવમાં લાભ લેવા પરદેશથી ઓછા ભક્તો પધારી શક્યા અને દેશમાંથી પણ મહોત્સવના ચારેય દિવસ અલગ અલગ પ્રદેશના મર્યાદિત અક્ષરમુક્તોએ હાજરી આપવાનું નક્કી કર્યું તે નિર્ણયને સૌએ વધાવી લીધો. ડિજિટલ માધ્યમથી પ્રસારિત થયેલ સમગ્ર મહોત્સવને ભક્તોએ ઘરબેઠાં ભક્તિભાવે માણી ધન્યતા અનુભવી. આવી અકલ્પનીય ગુરુભક્તિને સદ્ગુરુ સંતોએ વિશેષ વધાવી પ્રસન્નતા વરસાવી. મહોત્સવમાં ઉપસ્થિત સૌ સંતો અક્ષરમુક્તોએ સમગ્ર સમય માસ્ક પહેરી રાખી, સામાજિક અંતરનાં પાલન કરી આદર્શ ભક્તિનાં દર્શન કરાવ્યાં.

મહાયજ્ઞ નિમિત્તે ભવ્ય સુશોભન અને સુંદર બેઠક વ્યવસ્થામાં બિરાજમાન ભક્તો દ્વારા સર્જાયેલ દિવ્ય વાતાવરણની રોનક અલૌકિક હતી!




શ્રી કળશજી સ્થાપન



સદ્‌ગુરુ સંત પૂ. મનોજદાસજીના પ્રધાન આચાર્યપદે આચાર્યો દ્વારા શાસ્ત્રોક્ત મહાયાગ વિધિ સંપન્ન થઈ. સુંદર સુશોભિત યજ્ઞવેદી પર દેશ-પરદેશનાં યુગલ અક્ષરમુક્તો એકસરખાં વસ્ત્ર પરિધાન કરી યજમાન પદે બિરાજ્યાં. સૌની સેવાર્થે સજ્જ ઋષિ કન્યાઓની ભક્તિ પર સૌએ પ્રસન્નતા વરસાવી. સુવ્યવસ્થિત યજ્ઞશોભા અદ્‌ભુત હતી ! યજ્ઞનારાયણને ભક્તિભાવની આહુતિ અર્પણ કરવામાં આપી. શાસ્ત્રોક્ત ઋચાગાન, મંત્રોચ્ચાર અને યજમાનોનાં ભક્તિભર્યાં હૈયાં આંતર-બાહ્ય વાતાવરણની પવિત્રતા વધારી રહ્યાં હતાં.

મંદિરજીનાં પગથિયાં પર શોભાયમાન મુખ્ય કળશ અને દ્વજદંડનાં પૂજન સાહેબજી અને સદ્‌ગુરુ સંતોએ કર્યાં તેમજ મુખ્ય વેદી સહિત તમામ યજ્ઞવેદી પર શોભાયમાન કળશજીનાં ભાવથી પૂજન યજમાનોએ કર્યાં. ત્યારબાદ સાહેબજીએ આશીર્વાદ વરસાવ્યા, 'આપણો ધ્યેય ગુણાતીતભાવને પામવાનો છે. પ્રભુની પ્રસન્નતા વરસે તો ગુણાતીતભાવ પમાય. તે પ્રસન્નતા પ્રાપ્ત કરવાનું માધ્યમ આવા ઉત્સવો છે. તેમાં તનથી સેવા, મનની આહુતિ, આત્માના પ્રભુ સાથેનાં જોડાણથી ગુણાતીતભાવ પ્રગટે છે.' યજ્ઞવ્યવસ્થાની સેવામાં રત સૌને બિરદાવી ભક્તિભાવે મહોત્સવમાં ઉપસ્થિત રહેનાર સૌને પૂ. અશ્વિનદાદાએ પ્રસન્નતા સાથે ધન્યવાદ પાઠવ્યા. યજ્ઞ બાદ શિખર પર શ્રી કળશજી અને દ્વજદંડ સ્થાપન વિધિના આરંભ કરવામાં આવ્યા. ◆


શ્રી ધ્વજદંડ સ્થાપન


મુખ્ય કળશને યજમાનો દ્વારા વિશિષ્ટ હાર અર્પણ


ગુણાતીત જ્યોતનાં સંત બહેનોની દિવ્ય નિશ્રા


યજમાનો દ્વારા યજ્ઞનારાયણને આહુતિ અર્પણ


યજમાનો દ્વારા યજ્ઞનારાયણને આહુતિ અર્પણ


યજમાનો દ્વારા યજ્ઞનારાયણને આહુતિ અર્પણ


સંતભગવંત સાહેબજીની આશિષવર્ષા



શ્રી ઠાકોરજી સમક્ષ ભક્તિભાવનાં દીપપ્રાગટ્ય

# શ્રી સ્વામિનારાયણ મંદિર કળશ મહોત્સવ

## ઉદ્‌ઘાટન સમારંભ

**દીપપ્રાગટ્ય, કીર્તનભક્તિ, આશીર્વાદ**

**૧૪ જાન્યુઆરી, ૨૦૨૨**



શ્રી ઠાકોરજી અને યોગીબાપાનાં ભાવપૂજન

૧૪ જાન્યુઆરીની શીતળ સંધ્યાએ શ્રી સ્વામિનારાયણ મંદિર કળશ મહોત્સવનો ઉદ્‌ઘાટન સમારંભ 'બ્રહ્મકળશ' સભામંડપમાં યોજાયો. મહોત્સવ અધ્યક્ષ સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ શ્રી ઠાકોરજી મહારાજનાં પૂજન કરી, દીપ પ્રગટાવી ભાવવંદના ધરી. સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા, પૂ. શાંતિદાદા, અમૅરિકાના અક્ષરમુક્તો ડૉ. જિતુભાઈ પટેલ, બિમલભાઈ શેઠ, કૅનેડાના દીપકભાઈ દાણી, ઇંગ્લૅન્ડના વિજયભાઈ ઠક્કર, રોહિતભાઈ મહેતા, સુરેન્દ્રભાઈ પટેલ, ભારતના બારીન્દ્રભાઈ પટેલ, ચંદ્રકાંતભાઈ પટેલના વરદ હસ્તે દીપપ્રાગટ્ય દ્વારા મહોત્સવનાં ઉદ્‌ઘાટન કરવામાં આવ્યાં.

ત્યારબાદ શ્રી ઠાકોરજી મહારાજ અને સર્વે ગુણાતીત સ્વરૂપોને કીર્તનભક્તિ વંદના અર્પણ કરવામાં આવી. આ કીર્તન આરાધનાનું સંકલન અને આયોજન સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી લબ્ધપ્રતિષ્ઠિત અક્ષરમુક્ત કલાકારો અમિતભાઈ ઠક્કર, દીપ્તિબહેન દેસાઈ અને દ્યુતિબહેનને સોંપાયું. પૂ. શાંતિદાદાની પ્રેરણાનુસાર અનુપમ મિશનનાં દેશ-વિદેશનાં કૅન્દ્રોમાં કીર્તનભક્તિની સેવા કરતા ૩૫થી વધુ યુવાભક્તોએ કીર્તન આરાધના પ્રસ્તુત કરી.



ઉદ્‌ઘાટન સમારોહમાં ઉપસ્થિત સંતો-અક્ષરમુક્તો




દીપપ્રાગટ્ય દ્વારા મહોત્સવના દિવ્ય શુભારંભ



ઉદ્‌ઘાટન સમારોહમાં ઉપસ્થિત સંત બહેનો-અક્ષરમુક્તો



મહોત્સવ ઉદ્‌ઘાટન સભામાં અદ્વિતીય સંવાદિતા, સુમધુર કંઠધ્વનિ, અપ્રતિમ ભક્તિભાવ સાથે દેશ-વિદેશના યુવા કલાકારો દ્વારા પ્રસ્તુત કીર્તન આરાધના



'કીર્તનસંહિતા' આલ્બમનાં મુક્તાર્પણ

સૂર તાલ અને ભક્તિની અદ્વિતીય સંવાદિતા સાથે અમિતભાઈના નેતૃત્વ હેઠળ જોશસભર કીર્તનવંદના અર્પણ થઈ. પ્રત્યેક કીર્તનમાં કંઠની મધુરતા, સંગીત વાદ્યોના નાદ અને ભક્તિની અનુપમ દિવ્યતા છલકાતી હતી, જેને માણી સૌએ પોતાના સ્થાન ઉપર ઊભા થઈ કરતાલની બ્રહ્મધ્વનિ સાથે વધાવી લીધી.



યુવાનો દ્વારા રચિત ને ગવાયેલ કીર્તન આલ્બમનાં મુક્તાર્પણ

કીર્તનભક્તિના અંતે ગુરુસભાના યુવાનોએ પ્રવર્તમાન પરિસ્થિતિને અનુરૂપ માસ્ક પહેરીને ગુરુભક્તિની અદમ્ય ભાવના સાથે જોશીલી નૃત્યભક્તિ અર્પણ કરી. યુવાપેઢી દ્વારા પ્રસ્તુત કીર્તન અને નૃત્યભક્તિ પર અંતરની અપરંપાર પ્રસન્નતા સાહેબજી અને સદ્‌ગુરુ સંતોએ વરસાવી. આ પ્રસંગે અમિતભાઈ ઠક્કર દ્વારા રચિત અને તેઓની સાથે દીપ્તિબહેન-દ્યુતિબહેન દ્વારા ગવાયેલ કીર્તન આલ્બમ 'કીર્તનસંહિતા'નાં મુક્તાર્પણ સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાના વરદ હસ્તે થયાં. ગુરુસભાના યુવાનો દ્વારા રચિત અને ગવાયેલ કીર્તન આલ્બમ 'સંપ, સુહૃદભાવ, એકતા... સાહેબદાદાની પ્રસન્નતા'નાં મુક્તાર્પણ સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાના વરદ હસ્તે થયાં. અત્યંત પ્રસન્નભાવ સાથે મહોત્સવ અધ્યક્ષ સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ મહોત્સવ શુભારંભની ઉદ્‌ઘોષણા કરી તેની સાથે જ કળશ મહોત્સવના જયનાદ સર્વત્ર ગૂંજી ઊઠ્યા. મહોત્સવના આરંભે પ્રભુની મૂર્તિ અને ગુરુની સ્મૃતિ સાથે પ્રસ્તુત થયેલ કીર્તનભક્તિ અને નૃત્યભક્તિને માણીને સૌનાં હૈયામાં અનુપમ દિવ્યતા પ્રસરી. ◆



'યોગીજી મહારાજે સાહેબજીને આપેલા આશીર્વાદ સમયે સમયે સાકાર થઈ રહ્યા છે તેની એક વિશેષ અનુભૂતિ એટલે આ મહોત્સવ !'

'જ્યારે ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત થાય ત્યારે સંસારની આસક્તિ છૂટે. તે પ્રસન્નતા સંપ, સુહૃદભાવ અને એકતાથી કરેલ સેવા દ્વારા પ્રાપ્ત થાય. યોગીજી મહારાજના આશીર્વાદથી આ ભાવના સૌના જીવનમાં ઉદય પામી છે.'





'અહં ઓગળે તો દાસત્વ પ્રગટે અને સંપ, સુહૃદભાવ, એકતાથી સેવા થાય. તેવી સેવા કરવાનો અવસર એટલે આ મહોત્સવ !'



ગુરુસભાના જોશસભર તરવરિયા યુવાનો દ્વારા પ્રસ્તુત નૃત્યભક્તિ પર વરસતી સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોની દિવ્ય પ્રસન્નતા




**શ્રી** સ્વામિનારાયણ મંદિર કળશ મહોત્સવના દ્વિતીય દિનની સવારે ‘બ્રહ્મકળશ’ સભામંડપમાં ભાવિક ભક્તો સમયસર પધારવા માંડ્યા. અને સાથે જ ડિજિટલ માધ્યમથી મહોત્સવનો લાભ લેનારા દેશ-વિદેશના ભક્તો પણ જોડાવા લાગ્યા. શ્રી સ્વામિનારાયણ મંદિર કળશ મહોત્સવ માહાત્મ્યદર્શન સભામાં કેનેડાના દીપકભાઈ દાણીએ શ્રી ઠાકોરજી મહારાજનાં પૂજન કરી સૌ સદ્‌ગુરુ સંતોને સેનિટાઈઝ કરેલા કાપડના વિશિષ્ટ હાર અર્પણ કર્યા. સભાસંચાલક સાધુ પૂ. પીટરદાસજીએ પ્રાસ્તવિક ઉદ્‌બોધનમાં કળશ મહોત્સવના ઉમંગ અને તે માટે ભક્તોએ કરેલી અકલ્પ્ય સેવા અને સમર્પણની મનનીય વાતો કરી. ત્યારબાદ અમેરિકાના ડૉ. જિતુભાઈ પટેલ અને પરેશભાઈ પટેલે નૂતન મંદિરજીના નિર્માણના સંકલ્પથી કળશસ્થાપન સુધીનાં દિવ્ય કાર્ય અને તેની સેવાની ધન્ય અનુભૂતિનાં દર્શન કરાવ્યાં. ગુજરાત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રી શ્રી અર્જુનસિંહ ચૌહાણ આ પ્રસંગે પધાર્યા, જેઓનાં અનુપમ મિશન દ્વારા અભિવાદન કરાયાં. તેઓએ આ પ્રસંગે ઉપસ્થિત રહેવાની ધન્યતા વ્યક્ત કરી આશિષયાચના કરી.


'બ્રહ્મજ્યોતિ કળશવંદના' કીર્તન આલ્બમનાં મુક્તાર્પણ


સદ્‌ગુરુ સંત પૂ. મનોજદાસજીએ યોગીબાપાની આજ્ઞાથી સાહેબજીએ યુનિવર્સિટી હૉસ્ટેલની રૂમ નં. ૧૪માં કરેલ પ્રથમ મંદિરથી નૂતન મંદિરજી સુધીની યાત્રામાં પ્રગટ થતી યોગીજી મહારાજના આશીર્વાદની પ્રચંડ શક્તિ અને આર્ષદૃષ્ટિની માર્મિક સમજ આપી માહાત્મ્યદર્શન કરાવ્યું. સંતભગવંત સાહેબજીએ સૌને પ્રાર્થના



અને સંકલ્પ દ્વારા, યોગીજી મહારાજના આશીર્વાદના બળે નિર્મળ અને પવિત્ર કર્યા છે, સૌના આત્મામાં પ્રભુ બિરાજે ને મન મંદિર બને તે માટે જતન કર્યાં છે; તે અનુભૂતિની વાત કરી. સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાએ સૌને ગુરુમુખી અને પ્રભુમય બનાવવા માટે પ્રાર્થના કરી આશીર્વાદ વરસાવ્યા. આ પ્રસંગે અનુપમ મિશનનાં દેશ અને વિદેશમાં કાર્યરત સત્સંગ કેન્દ્રોના પ્રતિનિધિઓને મહોત્સવની વિશિષ્ટ સ્મૃતિભેટ અર્પણ કરાઈ. ઉપાસનાની સ્પષ્ટ અને શુદ્ધ સમજણ આપતા સંકલ્પ કરાવી સંતભગવંત સાહેબજીએ અત્યંત મનનીય આશીર્વાદ પ્રદાન કર્યા, જેમાં શુદ્ધ અને સનાતન ઉપાસના, પ્રગટ સત્પુરુષની અનિવાર્યતા, ભગવાનધારક સંતના માહાત્મ્યની અલૌકિક વાતો છતી કરી. આ પ્રસંગે અમેરિકાના યુવાન મિહિર પટેલ દ્વારા ગવાયેલાં કીર્તનોનું આલ્બમ 'બ્રહ્મજ્યોતિ કળશ વંદના'નું મુક્તાર્પણ સદ્‌ગુરુ સંત પૂ. રતિકાકાના વરદ હસ્તે કરવામાં આવ્યું. ◆




નીલમબહેન (ગુણાતીત જ્યોત)ને સ્મૃતિભેટ અર્પણ



પરેશભાઈ પટેલ



સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદા



ડૉ. જિતુભાઈ પટેલ



સદ્‌ગુરુ સંત પૂ. મનોજદાસજી



સંતભગવંત સાહેબજીની આશિષવર્ષા





# અનાદિ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીજી મહાદીક્ષા માહાત્મ્યપર્વ

૧૫ જાન્યુઆરી, ૨૦૨૨

**પોષીપૂર્ણિમા** – અનાદિ મૂળ અક્ષરમૂર્તિ શ્રી ગુણાતીતાનંદ સ્વામીજીના ભાગવતી દીક્ષા પ્રસંગના અનુસંધાને મહોત્સવના દ્વિતીય દિનની સંધ્યાસભામાં શ્રી ગુણાતીત દીક્ષા માહાત્મ્યદર્શન કરાયું. આ સભામાં પ્રત્યેક વક્તાઓએ ગુણાતીતભાવને પ્રાધાન્ય આપતી અને માહાત્મ્ય સમજાવતી વાતો દૃષ્ટાંતો અને સ્વાનુભૂતિના આધારે કરી. સભા પ્રારંભે સાધુ પૂ. હિંમતદાસજી (યુ.કે.)એ શ્રી ઠાકોરજી મહારાજનાં પૂજન કરી સૌ સરળતાથી ગુણાતીતભાવ પામી જાય એ માટેની આશિષયાચના કરી.

અમેરિકાના બિમલભાઈ શેઠ અને ઈંગ્લેન્ડનાં ભાવિશાબહેન ટેલરે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સંતભગવંત સાહેબજીના સર્વોપરી ગુણાતીત ભાવનાં અનુપમ દર્શન કરાવ્યાં. પ્રભુ ગુણાતીત સાધુ દ્વારા પ્રગટ છે અને તે સંતભગવંત સાહેબજી સ્વરૂપે પ્રાપ્ત થયા છે તેની દિવ્ય અનુભૂતિની વાતો તેઓએ કરી. વિશેષ તો સંતભગવંત સાહેબજીની અતુલ્ય ગુરુભક્તિ, અપ્રતિમ સંકલ્પશક્તિ અને ગુરુહરિના આશીર્વાદના બળે ઉપાસના પ્રવર્તન માટેની અવિરત સેવા-પ્રવૃત્તિના સ્વાનુભવ વ્યક્ત કર્યા. અનુપમ મિશનની ઈન્ટરનેશનલ સમિતિના પ્રમુખ સતીશભાઈ ચતવાણીએ ડિજિટલ માધ્યમ દ્વારા પ્રાસંગિક માહાત્મ્યદર્શન કરાવ્યું. પ્રભુ જેટલી જ સામર્થી હોવા છતાં ગુણાતીત સદાય દાસભાવે વર્ત્યા, તેવા પોતાના જીવંત અનુભવની સુંદર વાતો તેઓએ કરી. ઈંગ્લેન્ડમાં ગ્રીનબેલ્ટમાં આવેલ અનુપમ મિશનના



'સાધુ રે સાધો' કીર્તન આલ્બમનાં મુક્તાર્પણ



## યોગીજી મહારાજનાં ભાવપૂજન




સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા



ભાવિશાબહેન ટેલર (યુ.કે.)

કેન્દ્રમાં નૂતન મંદિરજીના નિર્માણની પરવાનગી મળવી તે અશક્ય વાત સંતભગવંત સાહેબજીના સંકલ્પે શક્ય બની. તેથી વિશેષ તે જ ગ્રીનબૅલ્ટની જમીન પર અંતિમ ક્રિયાધામના નિર્માણની પરવાનગી મળી તે સાહેબજીની સંકલ્પશક્તિ, ગુરુના આશીર્વાદની સામર્થી અને પ્રભુ પ્રતિની અડગ આશરાની તેઓને થયેલ દિવ્ય અનુભૂતિની વાત અસ્ખલિત મહિમા સાથે તેઓએ વ્યક્ત કરી. આ પ્રસંગે સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના અને તેને સંલગ્ન ગુણાતીતભાવની માહાત્મ્યપૂર્ણ સરવાણી વહાવી, જે બ્રહ્મનિર્ઝરના આ જ અંકના ‘અનુપમની હે અમૃતધારા’ વિભાગમાં પ્રકાશિત કરી છે. આ શુભ પ્રસંગે સદ્‌ગુરુ સંત પૂ. મનોજદાસજી દ્વારા રચિત ગુણાતીતભાવને પામવા બળ પમાડે તેવાં કીર્તનોનું નૂતન આલ્બમ ‘સાધુ રે સાધો...’ સંતભગવંત સાહેબજીનાં કરકમલો દ્વારા મુક્તાર્પણ પામ્યું. ◆



સતીશભાઈ ચતવાણી (યુ.કે.)



બિમલભાઈ શેઠ (યુ.એસ.એ.)

# શાલીન માનવરત્ન સન્માન અર્પણ

**અનુપમ મિશન દ્વારા**
**માનવતાના પ્રકાશપુંજનાં સન્માન**



૧૬ જાન્યુઆરી, ૨૦૨૨

**શિક્ષણ**, આરોગ્ય, સંસ્કૃતિજતન, પર્યાવરણ સંવર્ધન, રાહતકાર્ય આદિ માનવસેવાનાં વિવિધ ક્ષેત્રોમાં દાન, પ્રબંધ દ્વારા ઉત્તમ સેવા પ્રદાન કરતા સમાજના આદરણીય પ્રેરણાદાયી મહાનુભાવોને સન્માનિત કરી ભક્તિ કર્યાનો ભાવ સેવી પ્રતિ વર્ષ અનુપમ મિશન સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી શાલીન માનવરત્ન સન્માન અર્પણ કરે છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર કળશ મહોત્સવના દિવ્ય પ્રસંગે સમાજના આવા ભક્તિવંત સેવકોને સન્માનિત કરવાનો સુંદર કાર્યક્રમ ૧૬ જાન્યુઆરીની દિવ્ય પ્રભાતે યોજાયો. આ કાર્યક્રમમાં સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સંતો, ગુણાતીત જ્યોતનાં વરિષ્ઠ સંત પૂ. હંસાદીદીની સાથે વૈષ્ણવાચાર્ય ગોસ્વામી શ્રી ૧૦૮ પરમ પૂજ્ય વ્રજરાજકુમાર મહોદયશ્રીની દિવ્ય પ્રેરક ઉપસ્થિતિ રહી. વિશેષ તો આ પ્રસંગે ગુજરાતનાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી અને હાલમાં ઉત્તર પ્રદેશનાં રાજ્યપાલશ્રી મહામહિમ આનંદીબહેન પટેલનાં સન્માન કરવાની અનુપમ તક પ્રાપ્ત થઈ. તેમજ વિખ્યાત સ્પાઈન સ્પેશ્યાલિસ્ટ ડૉ. ભરતભાઈ દવે અને ખ્યાતનામ પલ્મનોલૉજિસ્ટ ડૉ. પાર્થિવભાઈ મહેતાનાં પણ સન્માન કરાયાં.

મંદિરજીના શિખરજી પર કળશજી સ્થાપિત થઈ ગયા હતા અને ધજાઓ ગગનમાં લહેરી રહી હતી. મંદિરજી પરિસર વિશેષ સુશોભનથી શોભી રહ્યું હતું. અને મહામહિમ રાજ્યપાલ શ્રી આનંદીબહેન પટેલ તેઓના વ્યવસ્થા-કાફલા સાથે પધાર્યાં. દિવ્ય મંદિરજીની શોભા નિહાળી તેઓ વંદી રહ્યાં. નૂતન મંદિરજીના પ્રાંગણમાં યુવતીઓએ ભાવનૃત્ય દ્વારા ઉમંગસભર તેઓનાં સ્વાગત કર્યાં. નૂતન મંદિરજીમાં સદ્‌ગુરુ સંત પૂ. હર્ષદદાદાએ શાલ ઓઢાડી સ્વાગત કર્યાં. શ્રી ઠાકોરજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનાં દર્શન કરી શ્રીમતી આનંદીબહેન અભિભૂત થયાં અને મંત્રપુષ્પાંજલિ દ્વારા ભાવવંદના અર્પણ કરી. સદ્‌ગુરુ સંત પૂ. મનોજદાસજી, ભાવિશાબહેન અને સંતો સાથે ગોષ્ઠિ કરી મંદિરજી માહાત્મ્યને હૃદયસ્થ કર્યાં. અક્ષરમહોલની શોભા અને કલાત્મકતા નિહાળી ભાવવિભોર થયાં.


ભક્તો દ્વારા લિખિત મહામંત્ર પોથીના સંગ્રહસ્થાન – 'મહામંત્ર ઘડી'નાં મુક્તાર્પણ મહામહિમ રાજ્યપાલશ્રી આનંદીબહેન પટેલનાં વરદહસ્તે થયાં. તે પૂર્વે સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોનાં દર્શન પામી ધન્ય થયાં. શ્રીહરિ અભિષેક મંડપમાં શ્રી હરિકૃષ્ણ મહારાજને જળાભિષેક કરી ભક્તિભાવ રૂપી વંદના ધરી. ત્યારબાદ તેઓ 'બ્રહ્મકળશ' સભામંડપમાં પધાર્યાં.



મહામહિમ રાજ્યપાલ શ્રીમતી આનંદીબહેનનાં ભાવનૃત્ય દ્વારા સ્વાગત




શ્રી મંદિરજીમાં સ્વાગત




વંદન શ્રી ઠાકોરજી મહારાજને !





અક્ષરમહોલનાં દર્શન



શ્રી મંદિરજી માહાત્મ્યશ્રવણ

## ॥ મહામંત્ર ઘડી ॥


અનેક વર્ષો પર્યંત સંતો તથા અક્ષરમુક્તોએ
સંતભગવંત સાહેબજીના વચને
શ્રી સ્વામિનારાયણ મહામંત્રના
કરોડો મહાબળવંત મહામંત્રોને
મંત્રપોથીમાં શ્રદ્ધાપૂર્વક
સ્વહસ્તે લખ્યા છે.

સંતભગવંત સાહેબજી
અને સૌ સદ્‌ગુરુ સંતોએ પણ
મંત્રપોથીમાં હજારો મહામંત્રનાં
લેખન કર્યાં છે.

સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી
આ તપોભૂમિ પર
આ પરમ દિવ્ય મહામંત્ર લખનારા
સૌ સંતો તથા અક્ષરમુક્તોની ભક્તિની સ્મૃતિ,
તથા વર્તમાન તેમજ ભાવિ મુમુક્ષુ પેઢીની પ્રેરણાર્થે,
શ્રી સ્વામિનારાયણ મહામંત્રની
હજારો અકબંધ મંત્રપોથીઓ સાથેના
એક સ્મારકના નિર્માણ દ્વારા
વિનમ્ર વંદના ધરી,
શ્રી સ્વામિનારાયણ મહામંત્રનાં
મહિમાગાન કરવાના ભાવ છે.



ભાવભર્યાં સ્વાગત




'મહામંત્ર ઘડી'નાં મુક્તાર્પણ




શ્રી હરિકૃષ્ણ મહારાજનાં અભિષેક



મંદિરજીના પ્રાંગણમાં સ્મૃતિ છબી




પરમ આદરભાવે પરસ્પર વંદન



સંતભગવંત સાહેબજીને વિશિષ્ટ કલાત્મક હાર અર્પણ



શ્રીમતી આનંદીબહેનનાં ભાવભર્યાં સ્વાગત



સ્વાગતભાવ ધરતા પૂ. અશ્વિનદાદા



'શાલીન માનવરત્ન સન્માન' સમારોહ માણતા અક્ષરમુક્તો

સભા પ્રારંભે શ્રી ઠાકોરજીનાં મંગલાચરણ, સ્તુતિગાન કરીને અમિતભાઈ ઠક્કર અને દીપ્તિબહેન દેસાઈએ વાતાવરણને સુદિવ્ય બનાવ્યું. સભામાં સંતવર્યો અને મંચસ્થ મહાનુભાવોને અનુપમ મિશનના વ્રતધારી સંતો અને સત્સંગી અક્ષરમુક્તોએ કાપડથી બનાવેલા અને સેનિટાઈઝ કરેલા કલાત્મક હાર અર્પણ કરી સ્વાગતભાવ ધર્યા. સદ્ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ 'શાલીન માનવરત્ન સન્માન'ની ગરિમા અને આ સન્માન પ્રાપ્ત કરનારાં પ્રતિભાવંત વ્યક્તિત્વોનાં ગુણદર્શન કરાવી સૌનાં સ્વાગત કર્યાં. વિશેષ કરીને મહામહિમ રાજ્યપાલશ્રી આનંદીબહેન પટેલનાં અનુપમ મિશન સાથેના પૂર્વ સંસ્મરણોને તાજા કર્યાં.

અત્યંત વ્યસ્ત કાર્યક્રમ અને કોરાના મહામારીની પ્રતિકૂળ પરિસ્થિતિ છતાં પણ સંતભગવંત સાહેબજી અને સદ્ગુરુ સંતો પ્રતિના પ્રેમને વશ થઈ સન્માન પ્રાપ્ત કરનારાં સૌ શાલીન માનવરત્નો પધાર્યાં તેની ધન્યતા, આભાર અને આનંદની લાગણી સદ્ગુરુ સંત પૂ. મનોજદાસજીએ પ્રગટ કરી. તેમજ શ્રીમતી આનંદીબહેન પટેલના વિશેષ પરિચય આપી પ્રશસ્તિવાંચન કર્યાં.






વિશિષ્ટ કલાત્મક હાર દ્વારા વૈષ્ણવાચાર્યજીનાં સ્વાગત



વિશિષ્ટ કલાત્મક હાર દ્વારા પૂ. હંસાદીદીનાં સ્વાગત

ત્યારબાદ 'શાલીન માનવરત્ન સન્માન' અર્પણ વિધિનો આરંભ થયો. સૌ શાલીન માનવરત્નોને સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ શાલ, સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાએ ખેસ, સદ્‌ગુરુ સંત પૂ. મનોજદાસજીએ મહોત્સવની વિશિષ્ટ સ્મૃતિભેટ, સાધુ પૂ. જયેશદાસજીએ પ્રસાદછાબ, સાધુ પૂ. દિલીપદાસજીએ અનુપમ મિશનનાં વિવિધ પ્રકાશનો અર્પણ કર્યાં તેમજ સંતભગવંત સાહેબજી અને વૈષ્ણવાચાર્ય ગોસ્વામી ૧૦૮ પ.પૂ. વ્રજરાજકુમાર મહોદયશ્રીએ 'શાલીન માનવરત્ન સન્માન' અર્પણ કર્યાં.

શ્રીમતી આનંદીબહેન પટેલ, ડૉ. ભરતભાઈ દવે, ડૉ. પાર્થિવભાઈ મહેતાએ અત્યંત વિનમ્રતા સાથે આ સન્માનનો સ્વીકાર કર્યો અને તેની ધન્યતા પ્રતિભાવ દર્શન દરમિયાન ગદ્‌ગદ ભાવે વ્યક્ત કરી. આ સન્માન અર્પણભાવને ઉપસ્થિત સૌ અક્ષરમુક્તોએ વધાવી લીધા. સંતભગવંત સાહેબજીએ પણ અત્યંત પ્રસન્નતા સાથે સન્માન પ્રાપ્ત કરનારાં સૌ શાલીન માનવરત્નોની સેવાભક્તિ, નિઃસ્વાર્થ જીવનભાવના અને સમર્પણને વધાવી, સૌને તેઓનાં જીવન દ્વારા પ્રેરણા લેવા સમજ આપી.



વિશિષ્ટ કલાત્મક હાર દ્વારા મહાનુભાવોનાં સ્વાગત



શાલીન માનવરત્નોના પરિચય અને પ્રશસ્તિવાંચન



'શાલીન માનવરત્ન સન્માન' સમારોહ માણતા અક્ષરમુક્તો





શાલ અર્પણ



સ્વામિનારાયણ મંત્ર અંકિત ખેસ અર્પણ



વિશિષ્ટ મહોત્સવ સ્મૃતિભેટ અર્પણ



પ્રસાદછાબ અર્પણ



પ્રકાશન સ્મૃતિઅર્પણ



શ્રીમતી આનંદીબહેનને 'શાલીન માનરત્ન સન્માન' અર્પણ



પ્રતિભાવ દર્શન :

## આદરણીય
## શ્રીમતી આનંદીબહેન પટેલ

માનનીય રાજ્યપાલશ્રી,
ઉત્તર પ્રદેશ

"નિઃસ્વાર્થ સેવાભાવી વ્યક્તિઓનાં સન્માન થવાં જ જોઈએ અને અનુપમ મિશન તે અદ્ભુત રીતે કરે છે. સાહેબજીનાં દર્શન કરતાં જ અનુભવ્યું કે, તેમના હાથ સદાય મારા મસ્તક પર છે. અહીંયાંનું મંદિર અને તેની મૂર્તિઓ અદ્ભુત છે ! મારે સાહેબજી સાથે છપૈયા જવું છે. સારા કાર્ય કરવા માટે ઈશ્વર જ નિમિત્ત બનાવે છે, માટે તેમના આશીર્વાદ લઈ રાષ્ટ્રભક્તિ માટે કટિબદ્ધ થઈએ."





શ્રીમાન ડૉ. ભરતભાઈ દવેને 'શાલીન માનરત્ન સન્માન' અર્પણ

**પ્રતિભાવ દર્શન :**

## આદરણીય
## શ્રીમાન ડૉ. ભરતભાઈ દવે

વિખ્યાત સ્પાઈન સ્પેશ્યાલિસ્ટ



"સાહેબજીનો અવિરત પ્રેમ અમારા પરિવાર પર રહ્યો છે. મારી ડિક્શનરીમાં 'ખોટું લગાડવું' અને 'થાક' – આ બે શબ્દોનો સમાવેશ નથી. સતત પ્રયત્નશીલ રહેવાથી વિકાસ થાય. દર્દીને પૂરતો ન્યાય આપવો તે મારી ફરજ છે. તેમના સુખમાં મારું પુણ્ય છે. સેવા અને સહકાર મારી ફરજ છે. આ ભાવના સાથે સદાય સેવા રત રહું તે પ્રાર્થના છે !"






શ્રીમાન ડૉ. પાર્થિવભાવ મહેતાને 'શાલીન માનરત્ન સન્માન' અર્પણ

**પ્રતિભાવ દર્શન :**

## આદરણીય
## શ્રીમાન ડૉ. પાર્થિવભાઈ મહેતા

ખ્યાતનામ પલ્મનોલૉજિસ્ટ



"કોરોના મહામારીમાં સેવાર્પણ કરનાર સૌ તબીબો અને સહકર્મીઓ વતી આ સન્માન સ્વીકારું છું. સેવા અને સુરક્ષાની આ યાત્રામાં સહભાગી મારા પરિવાર અને સંતો પ્રતિ આભાર વ્યક્ત કરું છું. સંપ, સુહૃદભાવ, એકતા, પ્રામાણિકતા, નીતિ અને પારદર્શિતા સાથે ફરજપાલન થાય તે પ્રભુની પ્રસન્નતા અને અંતરની શાંતિ અપાવે છે. તેવા ફરજપાલનની પ્રેરણા સૌ પામે તેવી અભ્યર્થના !"







પરસ્પર નીતરતા સ્નેહનું અમૃત દર્શન





શાલ અર્પણ દ્વારા બહુમાન



ખેસ અર્પણ દ્વારા અભિવાદન



વિશિષ્ટ મહોત્સવ સ્મૃતિભેટ અર્પણ

આ પરમ સન્માન પ્રાપ્ત કરી સૌએ અપ્રતિમ ધન્યતાના ભાવ વ્યક્ત કર્યા, જેને માણી ઉપસ્થિત સૌ અક્ષરમુક્તો અને ડિજિટલ માધ્યમથી જોડાયેલા દેશ-પરદેશના સંતો-અક્ષરમુક્તોએ અનુપમ પ્રેરણા પ્રાપ્ત કરી. ગુરુદેવ યોગીજી મહારાજ કહેતા કે, 'સમાજની સેવાભાવી ઉમદા વ્યક્તિઓને મળીએ, દર્શન કરીએ અને તેમની વાતો સાંભળીએ તો આપણને પણ પ્રેરણા મળે.' યોગીજી મહારાજની આ જ ભાવનાને નજર સમક્ષ રાખી અનુપમ મિશનના સૌ સંતોની ભક્તિના ભાગ રૂપે આ પ્રેરણાદાયી મહાનુભાવોને વિનમ્રતાપૂર્વક 'શાલીન માનવરત્ન' સન્માન અર્પણ કરાયાં.

આ પ્રસંગે પધારેલ આદરણીય વૈષ્ણવાચાર્ય ગોસ્વામી શ્રી ૧૦૮ પરમ પૂજ્ય વ્રજરાજકુમાર મહોદયશ્રીને શાલ, ખેસ, સ્મૃતિભેટ અર્પણ કરી ભાવપૂર્વક તેઓનાં અભિવાદન કરાયાં. સંતભગવંત સાહેબજી અને વૈષ્ણવાચાર્યજીના પરસ્પર દિવ્ય પ્રેમનાં અનુપમ દર્શન સૌને પ્રાપ્ત થયાં. વળી, બંને યુગવિભૂતિઓએ આ દિવ્ય સ્નેહનાં શાબ્દિક વર્ણન પણ તેઓનાં આશીર્વચનોમાં કર્યાં. ઉપસ્થિત સૌ કોઈએ આ પ્રસંગે આધ્યાત્મિક, સામાજિક અને સામુદાયિક સેવા પ્રતિની અનેરી પ્રેરણા પ્રાપ્ત કરી. 'કોઈ ભક્તમાં ૯૯ અવગુણ હોય અને એક જ ગુણ હોય તો તે એક ગુણ જોઈ, તેનો જ વિચાર કરી મહિમા ગાવો-સાંભળવો તે સુહૃદભાવ.' સંતભગંવત સાહેબજી કથિત આ વિભાવના આ પ્રસંગે સૌએ સુદૃઢ કરી. પરમ આદરણીય વૈષ્ણવાચાર્ય ગોસ્વામી શ્રી ૧૦૮ પ.પૂ. વ્રજરાજકુમાર મહોદયશ્રીના વરદ હસ્તે અનુપમ સૂરવૃંદ દ્વારા ગવાયેલ ઑડિયો આલ્બમ 'શ્રી અચિંત્યાનંદ બ્રહ્મચારી વિરચિતં શ્રી ગુણાતીતાનંદ મહિમ્નસ્તોત્રમ'નાં મુક્તાર્પણ થયાં.



અનુપમ સૂરવૃંદ દ્વારા ગવાયેલ ઑડિયો આલ્બમ
'શ્રી અચિંત્યાનંદ બ્રહ્મચારી વિરચિતં શ્રી ગુણાતીતાનંદ મહિમ્નસ્તોત્રમ'નાં મુક્તાર્પણ

સમારંભના અંતે રાષ્ટ્રગીતનાં ગાન થયાં, જેમાં સૌ કોઈ પોતાના સ્થાને અદબથી ઊભાં થઈ ભક્તિભાવે જોડાયાં. સન્માન સમારોહની અનુપમ સ્મૃતિઓ સાથે લઈ બ્રહ્મજ્યોતિની દિવ્યતા સંપન્ન પ્રેરણાશિષ ઝીલી સૌ મહાપ્રસાદ લેવા પધાર્યાં. ◆



આશીર્દાન :
વૈષ્ણવાચાર્ય ગોસ્વામી ૧૦૮ પ.પૂ. વ્રજરાજકુમાર મહોદયશ્રી

સાહેબજી સ્નેહ, પ્રેમ, આત્મીયતાનો દરિયો છે. તેમના દ્વારા રચિત મંદિરો તે પ્રભુના કાર્યના વાહક સમાન જહાજ છે, જે ભક્તોને કિનારે પહોંચાડે છે. સાહેબજીના સંતો તે દરિયામાંથી તૈયાર થતા મેઘસમાન છે. જે માનવસેવા, રાષ્ટ્રસેવા કરી સૌ પર પ્રેમસભર અનુકંપા ભરી વર્ષા વરસાવી રહ્યા છે. અને રત્નો પણ દરિયામાંથી જ પ્રગટ થાય છે તેવાં આ શાલીન માનવરત્નો છે. આમ, સાહેબજીનું સ્વરૂપ વિરાટ અને વિશાળ છે. સાહેબજીની વિનમ્રતા અને પ્રેમાગ્રાહ ખૂબ આકર્ષે છે.



આશીર્દાન :
યોગી વારસદાર હ્દય અધિરાજ સંતભગવંત સાહેબજી

ગુરુદેવ યોગીજી મહારાજના આશીર્વાદે કાકાજી, પપ્પાજી, પ્રમુખ સ્વામીજી, મહંત સ્વામીજી, હરિપ્રસાદ સ્વામીજી, અશ્વિનભાઈ, શાંતિભાઈ જેવા સંતોની આગેવાની હેઠળ યુવાનો દ્વારા સમસ્ત વિશ્વમાં સ્વામિનારાયણ સંપ્રદાયે આધ્યાત્મિક વિકાસ પ્રાપ્ત કર્યો. યોગીજી મહારાજ કહેતા કે, 'સમાજની નિઃસ્વાર્થ સેવાભાવી પ્રતિભાને બિરદાવવી એ આપણી ભક્તિ છે.' એ ભક્તિના ભાગ રૂપે આ સન્માન કરાયાં. સન્માન સ્વીકારનાર સૌને ખૂબ ખૂબ ધન્યવાદ !



'શાલીન માનવરત્ન સન્માન' અર્પણ સમારોહ અંતે રાષ્ટ્રગીત વંદના અર્થે જોડાયેલાં સૌ મંચસ્થ મહાનુભાવો



**શ્રી સ્વામિનારાયણ મંદિરના શિખરજી પર**
**કળશ આરૂઢ થયા પશ્ચાત**

# શ્રી મંદિરજીની શોભાનાં અનુપમ દર્શન

શ્રી સ્વામિનારાયણ મંદિર કળશ મહોત્સવના તૃતીય દિનના સંધ્યાકાળ સુધીમાં નૂતન મંદિરજીના શિખરજી પર સુવર્ણ મંડિત કળશજી સ્થાપિત થઈ ગયા હતા અને ધર્મની ધજા ફરકી રહી હતી. આ શોભા અપ્રતિમ દિવ્યતાની અનુભૂતિ કરાવી રહી હતી. જેના સંકલ્પે આ સર્જન અને દર્શન પ્રત્યક્ષ થયાં તેવા સંતભગવંત સાહેબજી અને સદ્ગુરુ સંતો જ્યારે આ મંદિરજી સમક્ષ પધાર્યા ત્યારે સર્જાયેલા દિવ્ય વાતાવરણના સંસ્પર્શ અનુપમ હતા. 'બ્રહ્મકળશ' સભામંડપમાં યોજિત સંધ્યાસભામાં સંતભગવંત સાહેબજી પ્રેરિત અનુપમ મિશન તથા શ્રી મંદિરજીની વિશિષ્ટ પ્રસ્તુતિ કરવામાં આવી. આ પ્રસ્તુતિ બેનમૂન હતી. અનુપમ મિશનના વિડિયો વિભાગમાં સેવા કરતા સંતો અને સેવકો દ્વારા તૈયાર કરાયેલ વિડિયો પ્રસ્તુતિમાં યોગીજી મહારાજનાં માહાત્મ્ય, કળશ મહોત્સવ નિમિત્તે ઑસ્ટ્રેલિયા-ન્યૂઝિલૅન્ડના અક્ષરમુક્તોની વિશિષ્ટ પ્રસ્તુતિ, અનુપમ મિશનનાં સેવાકાર્યોની આછેરી ઝલક, સંતભગવંત સાહેબજીના સંકલ્પે સર્જાયેલાં અનુપમ મિશનનાં દેશ અને પરદેશનાં મંદિરો, નૂતન મંદિરજીના નિર્માણની ઝાંખી માણી સૌ અભિભૂત થયાં અને તેઓની સેવાને મનોમન વંદી રહ્યાં.

૧૬ જાન્યુઆરી, ૨૦૨૨



દિવ્ય દર્શનમ્



**યુગ અનંત પર્યંત આ મંદિર ઉપાસનાનાં કરશે ગાન...**
**અક્ષરપુરુષોત્તમ જયઘોષે ગૂંજતાં રહેશે સર્વે ધામ !**

**~ સંતભગવંત સાહેબજી**




ડૉ. જિતુભાઈ-રીટાબહેનનાં અભિવાદન

બિમલભાઈ-પૂજાબહેનનાં અભિવાદન



## શ્રી ઠાકોરજી મહારાજની

# મહાઆરતી

નૂતન મંદિરજીના શિખર પર કળશજી પધરાવ્યા બાદ મોટી સંખ્યામાં ઉપસ્થિત ભક્તો દ્વારા ઐતિહાસિક મહાઆરતી સર્વ પ્રથમ વખત અર્પણ કરવામાં આવી. સૌ સંતો અને ભક્તોના હૈયામાં પ્રગટ થયેલ ભક્તિ અને શ્રદ્ધાના બ્રહ્મપ્રકાશની ઓજસ્વી દિવ્યતા અનુપમ હતી ! આ મહાઆરતીનો બ્રહ્મપ્રકાશ સૌના અંતરને પરમ તેજે પ્રકાશિત કરી રહ્યો હતો. તેમાંય સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સંતો, વ્રતધારી સંતો, ગુણાતીત જ્યોતનાં સંત બહેનોની દિવ્ય મંગલકારી ઉપસ્થિતિથી આતમ આંગણું પ્રજ્વલિત થયું હતું. પ્રત્યેક સંતો અને અક્ષરમુક્તોના હસ્તમાં શોભતી ભક્તિભાવની આરતનો પ્રકાશ ઘેરા નભને પ્રકાશિત કરી રહ્યો હતો, જેનાં દર્શન મનભાવન હતાં. અંતરની તેજોમય નિષ્ઠાની જ્યોત સાથે મંદિરજીમાં બિરાજમાન શ્રી મુક્ત અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુણાતીત સ્વરૂપોને તથા સુવર્ણમંડિત કળશ સહિત સમગ્ર મંદિરજીને આરતી અર્પણ કરવામાં આવી. તે સમયે મંદિરના પશ્ચાદ્ ભૂમાં થતી આતશબાજીની રોશનીએ અનેરી શોભાથી મંદિરજીને સજાવી દીધું. શ્રી સ્વામિનારાયણ મંદિર કળશ મહોત્સવની અનેક દિવ્ય ચિરસ્મરણીય કલ્યાણકારી સ્મૃતિઓ પૈકી શ્રી ઠાકોરજી મહારાજની આ મહાઆરતીની પવિત્ર સ્મૃતિ સહજ શાશ્વત બની રહી. ◆





# શ્રી સ્વામિનારાયણ મંદિર

## દ્વિતીય પાટોત્સવ સ્તુતિવંદના-મહાવિધિ



૧૭ જાન્યુઆરી, ૨૦૨૨

**પોષીપૂર્ણિમાની** ધન્ય મંગલ પ્રભાત અને શ્રી સ્વામિનારાયણ મંદિર કળશ મહોત્સવની પૂર્ણાહુતિનો દિવસ. ત્રણ દિવસની ઉજવણીનો અપૂર્વ આનંદ હૈયે ભરી સૌ ભાવિક ભક્તો અંતિમ દિનની સ્મૃતિઓને અંતરે ભરી લેવા આતુર હતા. વળી, આ મંગલ દિનની શરૂઆત બ્રહ્મજ્યોતિ સ્થિત નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરજીમાં બિરાજમાન શ્રી ઠાકોરજી મહારાજ અને સર્વ ગુણાતીત સ્વરૂપોની મૂર્તિઓના દ્વિતીય પાટોત્સવ નિમિત્તે દિવ્ય સ્તુતિગાન સાથે થઈ. નૂતન મંદિરજીમાં શ્રી ઠાકોરજી સમક્ષ સંતભગવંત સાહેબજી, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સમક્ષ સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સમક્ષ સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદા, શ્રી ગણેશજી દેવ સમક્ષ સાધુ પૂ. રમેશદાસજી દયાળુ, શ્રી હનુમંત દેવ સમક્ષ સાધુ પૂ. અરવિંદદાસજી, અક્ષરમહોલમાં બિરાજમાન શ્રી ઠાકોરજી સમક્ષ સદ્‌ગુરુ સંતો પૂ. રતિકાકા, પૂ. હર્ષદદાદા, પૂ. અરુણદાદા, બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ સમક્ષ સાધુ પૂ. હિંમતદાસજી, બ્રહ્મસ્વરૂપો જાગા સ્વામી, કૃષ્ણજી અદા, કાકાજી મહારાજ, પપ્પાજી મહારાજ સમક્ષ સાધુ પૂ. ગૌતમદાસજી અને સાધુ પૂ. રણછોડદાસજી, બ્રહ્મસ્વરૂપો શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, હરિપ્રસાદ સ્વામીજી, અક્ષરવિહારી સ્વામીજી સમક્ષ સાધુ પૂ. વાસુદેવદાસજી અને સાધુ પૂ. રમેશદાસજી તેમજ સંતભગવંત સાહેબજી સમક્ષ સાધુ પૂ. જયેશદાસજીએ પધારી પાટોત્સવ પૂજન વિધિ કરી. આચાર્યગણ દ્વારા શાસ્ત્રોક્ત રીતે ભાવવાહી વિધિ કરાવવામાં આવી અને સેવક પૂજારીઓએ અદ્‌ભુત શણગાર કરી શ્રી ઠાકોરજી મહારાજનાં દિવ્ય દર્શનનો લાભ સૌને સુલભ કરાવ્યો. શણગાર દરમિયાન સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાએ 'શોભા સાગર શ્યામ તમારી મૂર્તિ પ્યારી રે…' કીર્તનનાં નિરૂપણ કરી ભક્તિની સમજ આપી. સંતભગવંત સાહેબજીએ આશીર્વાદમાં ગુણાતીત દીક્ષાદિનની શુભકામનાઓ પાઠવી અને ગુણાતીતભાવ સુદૃઢ કરવા માર્ગદર્શન પ્રદાન કર્યાં. અંતે સૌ યુવા ભક્તોએ શ્રી ઠાકોરજી મહારાજને ભાવથી અન્નકૂટ ધરાવી જમાડ્યા !








સંતભગવંત સાહેબજી દ્વારા નૂતન મંદિરજીમાં બિરાજમાન શ્રી મુક્ત અક્ષરપુરુષોત્તમ મહારાજના દ્વિતીય પાટોત્સવ પૂજન અને ભાવવંદનાસભર આરતી અર્પણ


પાટોત્સવવિધિ રત પૂ. અશ્વિનદાદા


બ્ર.સ્વ. શાસ્ત્રીજી મહારાજને ભાવવંદના


બ્ર.સ્વ. શાસ્ત્રીજી મહારાજનાં દિવ્ય દર્શન



પાટોત્સવવિધિ રત પૂ. શાંતિદાદા



બ્ર.સ્વ. યોગીજી મહારાજને ભાવવંદના


બ્ર.સ્વ. યોગીજી મહારાજનાં મનોહર દર્શન



બ્ર.સ્વ. શાસ્ત્રીજી મહારાજને આરતી અર્પણ



બ્ર.સ્વ. યોગીજી મહારાજને આરતી અર્પણ



પાટોત્સવવિધિ રત સાધુ પૂ. રમેશદાસજી


શ્રી ગણપતિ દેવને આરતી અર્પણ


વિઘ્નહર્તા દેવનાં મનભાવન દર્શન


પાટોત્સવવિધિ રત સાધુ પૂ. અરવિંદદાસજી


શ્રી હનુમાન દેવને આરતી અર્પણ


કષ્ટભંજન દેવનાં નયનરમ્ય દર્શન



મંદિરજીમાં બિરાજમાન શ્રી ઠાકોરજી મહારાજના શણગાર તો મનોહર હતા જ વળી, મંદિરજીની કલાત્મકતા તથા રંગ અને સુશોભનની શોભા પણ માધુર્યસભર હતી. સ્તંભની કોતરણી, ઝરૂખા, કલાત્મક કમાન, ભવ્ય ઘુમ્મટ આદિ શિલ્પકળાની બેનમૂન પ્રસ્તુતિઓ અને તે માટે સંતોનાં માર્ગદર્શને રખાયેલી ચીવટ હૃદયસ્પર્શી હતી. આ વિશિષ્ટ સ્મૃતિ દિવ્ય અક્ષરધામની અકલ્પનીય અનુભૂતિને સાકાર કરી રહી હતી. દર્શનાર્થે પધારનાર સૌ કોઈ મંદિરજીની આ શોભામાં લીન થઈ રહ્યાં હતાં. સંતભગવંત સાહેબજીને ગદ્‌ગદ ભાવે વંદી રહ્યાં હતાં. ◆



અક્ષરમહોલમાં બિરાજમાન શ્રી ઠાકોરજીનાં પાટોત્સવ પૂજન



શ્રી ઠાકોરજી મહારાજને આરતી અર્પણ



પાટોત્સવવિધિ રત સાધુ પૂ. હિંમતદાસજી



શ્રી ઠાકોરજી મહારાજને ભક્તિભાવે અન્નકૂટ અર્પણ



બ્ર.સ્વ. ભગતજી મહારાજને આરતી અર્પણ



પાટોત્સવવિધિ રત સાધુ પૂ. જયેશદાસજી



સંતભગવંત સાહેબજીને આરતી અર્પણ



પાટોત્સવવિધિ રત પૂ. ગૌતમદાસજી-પૂ. રણછોડદાસજી



પાટોત્સવ પર્વે ગુણાતીત સ્વરૂપોને ભાવવંદના



ગુણાતીત સ્વરૂપોનાં મંગલ દર્શન




પાટોત્સવવિધિ રત પૂ. વાસુદેવદાસજી-પૂ. રમેશદાસજી



પાટોત્સવ પર્વે ગુણાતીત સ્વરૂપોને ભાવવંદના



સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન



સદ્‌ગુરુ પૂ. શાંતિદાદાનાં આધ્યાત્મિક માર્ગદર્શન



બ્ર.સ્વ. ભગતજી મહારાજનાં અમૃતદર્શન



સંતભગવંત સાહેબજીનાં રસરૂપ દર્શન



ગુણાતીત સ્વરૂપોનાં મનભાવન દર્શન




# પૂર્ણાહુતિ માહાત્મ્યપર્વ

૧૭ જાન્યુઆરી, ૨૦૨૨

નૂતન દીક્ષાર્થી

# વ્રતધારણ

૧૭ જાન્યુઆરી ૨૦૨૨


શાલ અર્પણ

પોષીપૂર્ણિમા, શ્રી ગુણાતીત દીક્ષાદિન, અનુપમ મિશનના સંતોનો વ્રતધારણ દિન ! શ્રી સ્વામિનારાયણ મંદિર કળશ મહોત્સવના આ મહામાંગલ્યપ્રદ અવસરે નિષ્ઠાવાન, હોનહાર, તેજસ્વી ૮ યુવાનોએ દીક્ષા પ્રાપ્ત કરી શ્રી ઠાકોરજીના શ્રીચરણોમાં જીવન સમર્પિત કરવાનું મહાકલ્યાણકારી ભક્તિકાર્ય કર્યું. શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના મહામંગલકારી કાર્યના વિસ્તરણમાં જોડાનાર, જીવન હોમી દેવા તત્પર આ નૂતન દીક્ષાર્થીઓનાં માતા-પિતા-પરિવારજનોના પણ આ પ્રસંગે આભાર વ્યક્ત કરાયા.


ગુરુમંત્ર અર્પણ

નૂતન દીક્ષાર્થીઓને સંતભગવંત સાહેબજીએ શાલ ઓઢાડી ગુરુમંત્ર આપ્યો, સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ બેજ અર્પણ કર્યો, સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાએ પૂજા અર્પણ કરી, સદ્‌ગુરુ સંત પૂ. હર્ષદદાદાએ કંઠી અર્પણ કરી, સદ્‌ગુરુ સંત પૂ. રતિકાકાએ માળા અર્પણ કરી દીક્ષા પ્રદાન કરી. અનુપમ મિશનના સંતો, ગુણાતીત સમાજનાં સૌ સંતો-સંત બહેનો સહિત ઉપસ્થિત ભક્તોએ નવદીક્ષિત સંતોને અંતરથી બિરદાવ્યા. ભગવાનના કાર્યમાં જોડાનાર સૌ સંતોને ભગવાનનું કાર્ય, ભગવાનની રીતે કરવા સાધનામાર્ગે ખૂબ બળ મળે તે માટે સૌએ અંતરથી પ્રાર્થનાઓ કરી !


અનુપમ બેજ અર્પણ



પૂજા અર્પણ


તીર્થસમાન માતા-પિતા-પરિવારજનોનાં દર્શન


નૂતન દીક્ષાર્થીઓને સદ્‌ગુરુઓના આશીર્વાદ


કંઠી અર્પણ


સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોના શ્રીચરણોમાં નવદીક્ષિત સંતવૃંદ
પૂ. ચંદ્રેશદાસ, પૂ. જયદાસ, પૂ. ગૌરવદાસ, પૂ. કાનજીદાસ, પૂ. જયદાસ, પૂ. શિલ્પદાસ, પૂ. નીલેશદાસ, પૂ. ચિરાગદાસ


માળા અર્પણ



સાહેબજીને શ્રદ્ધાભાવના હાર અર્પણ




પરમ સ્નેહમિલનનાં દિવ્ય દર્શન



પ.પૂ. દ્વારકેશલાલજીને ભક્તિભાવે હાર અર્પણ







પ.પૂ. નિર્મળ સ્વામીજી, પ.પૂ. પ્રેમસ્વરૂપદાસ સ્વામીજી, પ.પૂ. બાપુ સ્વામીજીનાં પરમ આદરભાવે સ્વાગત

મહોત્સવ પૂર્ણાહુતિ સભામાં સૌના પરમ સદ્ભાગ્યે સંતભગવંત સાહેબજીની પરમ નિશ્રા સાથે વૈષ્ણવાચાર્ય પ.પૂ. દ્વારકેશલાલજી મહારાજ, પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામી મહારાજ, પ.પૂ. નિર્મળ સ્વામીજી, પ.પૂ. બાપુ સ્વામીજી સહિત હરિધામ-સોખડા, સાંકરદા, સમઢિયાળા કેન્દ્રના સંતો, ગુણાતીત જ્યોત, હરિધામ-સોખડાનાં સંત બહેનો અને પરમ દિવ્ય અક્ષરમુક્તોની દિવ્ય સંનિધિ પ્રાપ્ત થઈ. સૌ મંચસ્થ સ્વરૂપોના ભક્તિભાવે સ્વાગત કરાયાં. સંતભગવંત સાહેબજીના શુદ્ધ ઉપાસનાની સ્પષ્ટ સમજણ સહિતનાં જીવન-આચરણ માટેનાં માર્ગદર્શન અંગે પ્રાસ્તાવિક વર્ણન સાથે સાધુ પૂ. પીટરદાસજીએ સભાનો આરંભ કરાવ્યો. સદ્ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ નવદીક્ષિત થયેલા વ્રતધારીઓને અને તેઓનાં માતાપિતાનાં સમર્પણને બિરદાવી આધ્યાત્મિક પંથે પ્રભુપ્રીત્યર્થે અને ગુરુમુખી જીવન જીવવાનાં માર્ગદર્શન પ્રદાન કર્યાં. પ.પૂ. મુકુંદજીવન સ્વામીજીના પણ પ્રિરૅકોર્ડેડ આશીર્વાદ આ પ્રસંગે પ્રાપ્ત થયા.




આધ્યાત્મિક માર્ગદર્શન :
પૂ. અશ્વિનદાદા


આ પ્રસંગે પ.પૂ. દ્વારકેશલાલજી મહારાજ, પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજી અને સંતભગવંત સાહેબજીને અભૂતપૂર્વ કૃપાશિષવર્ષા વરસી, જેને ઝીલી સૌ ધન્ય થયાં. સમગ્ર મહોત્સવના આયોજન મહોત્સવ અધ્યક્ષ સદ્ગુરુ સંત પ.પૂ. અશ્વિનદાદાના માર્ગદર્શને થયાં. મહોત્સવને સર્વ પ્રકારે સફળ બનાવવા સુશોભન, મહાપ્રસાદ, ઉતારા, સભાવ્યવસ્થા, પ્રકાશન, સભાસંચાલન આદિ સેવાકાર્યોમાં મહિમા અને નિર્દોષભાવ રાખી અકલ્પનીય દાખડો કરનાર સૌ સંતો અને યુવાન અક્ષરમુક્તોએ સેવા, ભક્તિ અને સમર્પણના કળશ ચઢવા રૂપી ધન્યતા અનુભવી. સંપ, સુહૃદભાવ, એકતા... યોગીબાપાની પ્રસન્નતા... આ સૂત્રને જીવનનો ધ્યેયમંત્ર રાખી સદૈવ સેવાતત્પર રહેવા સંતભગવંત સાહેબજીએ આહ્લેક ગુંજાવી. આ કૃપાપ્રસાદ સાથે શ્રી સ્વામિનારાયણ મંદિર કળશ મહોત્સવ પૂર્ણાહુતિના જયઘોષ ગૂંજી ઊઠ્યા. ◆




સભા ઉદ્ઘોષક :
પૂ. પીટરદાસજી



'શ્રી દીનાનાથ ભટ્ટ કૃતમ્ શ્રી નારાયણ સ્તવનાષ્ટકમ' ઑડિયો આલ્બમનાં વૈષ્ણવાચાર્યજી દ્વારા મુક્તાર્પણ



સંતભગવંત સાહેબજીની 'છે માહાત્મ્યસભર વાણી સદા' મહાગ્રંથના નવમા ભાગનું ડૉ. જિતુભાઈ દ્વારા મુક્તાર્પણ



'સ્પિરિચ્યુઅલ એસેન્સ' મહાગ્રંથના છઠ્ઠા ભાગનું વિજયભાઈ ઠક્કર દ્વારા મુક્તાર્પણ







"જેના રોમરોમમાં ભક્તિ વસી હોય તેના વિચાર, વાણી અને વર્તન અલૌકિક હોય છે. અને તેવા અલૌકિક સ્વરૂપનું સાક્ષાત્ દર્શન એટલે સંતભગવંત સાહેબજીનું દર્શન ! સહજ પ્રેમ, વાત્સલ્ય, સમભાવ, સર્વ સ્વીકાર એટલે સાહેબજી ! કોઈ પ્રત્યે દુર્ભાવ નહીં, કોઈનો અનાદર નહીં, અભાવ રહિત અવસ્થા છે સાહેબજીની ! જેમના મુખ પર સહજ બાળકવત્ નિર્દોષ સ્મિત સદાય રમે છે તે સાહેબજી !

~ વૈષ્ણવાચાર્ય ગોસ્વામી ૧૦૮ પરમ પૂજ્ય શ્રી દ્વારકેશલાલજી



સર્વનાં ગુણગાન અને મહિમા ગાયા કરીએ, સાંભળ્યા કરીએ. અને જ્યારે પણ મન, કર્મ, વચને સેવા કરવાની તક મળે ત્યારે નિર્દોષભાવે મારા કલ્યાણ માટે સેવા કરીએ. ને સંપ, સુહૃદભાવ, એકતાથી હળીમળીને ભક્તિ કરીએ ! આપણે ગુણાતીતરૂપ થવું છે. મહારાજને એ જ પ્રાર્થના એ રૂપ થવાના માર્ગે અમને આપે ચાલતા કર્યા છે તો આ ને આ દેહે કરીને, હસતા-રમતા, ખેલતા-કૂદતા એ ભાવને પામીએ એવી આજના મંગલકારી દિવસે આપણા સૌની પ્રાર્થના !

~ સંતભગવંત સાહેબજી






ગુણાતીત સત્પુરુષે આપણો હાથ પકડ્યો છે તે આપણા જીવનમાં ખૂબ મોટી વાત બની ! તે સ્વરૂપ સિવાય બીજે સુખ ઇચ્છવું નહીં, તેમનું વચન જડબેસલાક પાળીએ, તેમનું ગમતું નિરંતર કર્યા કરીએ તે આશીર્વાદ આજે સ્વામીજી અને સાહેબજી પાસે માંગીએ છીએ. યોગીબાપાનો અભિપ્રાય તે જ સ્વામીજી અને સાહેબજીનો અભિપ્રાય છે. તે અભિપ્રાય એટલે સંપ, સુહૃદભાવ અને એકતા. તે આપણું જીવન બને તે પ્રાર્થના ! સંબંધવાળાનો મહિમા સમજી તેમનામાં જ રમમાણ રહે, તેમની સેવામાં ખોવાઈ જવું તેનું દર્શન એટલે સાહેબજીનું ભક્તિમય જીવન. તેવું જીવન આપણું બને તેવી અંતરની યાચના !


~ પરમ પૂજ્ય પ્રેમસ્વરૂપ સ્વામીજી







વૈષ્ણવાચાર્ય ગોસ્વામી પ.પૂ. દ્વારકેશલાલજી મહારાજ, પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજી, પ.પૂ. નિર્મળ સ્વામીજી, પ.પૂ. બાપુ સ્વામીજીનાં અભિવાદન... સ્મૃતિભેટ અર્પણ





સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**સોમવાર, પોષીપૂર્ણિમા મહાપર્વ, ૧૭.૦૧.૨૦૨૨**

**શ્રી સ્વામિનારાયણ મંદિર કળશ મહોત્સવ પૂર્ણાહુતિ માહાત્મ્યપર્વ**



**શ્રી સ્વામિનારાયણ મંદિર કળશ મહોત્સવ દરમિયાન સંતભગવંત સાહેબજીએ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની સ્પષ્ટ અને શુદ્ધ સમજણ આપીને અક્ષરમુક્તો પાસે કરાવેલ બ્રહ્મસૂત્ર સમાન સંકલ્પ અત્રે સૌના સ્વાધ્યાય અને નિદિધ્યાસ માટે પ્રસ્તુત કર્યો છે :**

**આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. મારા માટે સર્વોપરી છે. મારા હૃદયમાં એમનું સર્વોપરી સ્થાન છે. એ કર્તાહર્તા છે. મારા જીવનમાં જે કંઈ થયું છે, જે કંઈ થઈ રહ્યું છે, જે કંઈ થશે એના કર્તા-હર્તા મારા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન જ છે. એ ભગવાન એવા ગુણાતીત સાધુ દ્વારા મને સાકાર અને પ્રગટ મળ્યા છે. એમની સાથે આત્મબુદ્ધિ અને પ્રીતિથી જોડાવું એ મારા જીવનનું શ્રેષ્ઠ કાર્ય છે. અને એમની આજ્ઞામાં રહીને પ્રવૃત્તિ કરવી એ મારી અક્ષરપુરુષોત્તમની ઉપાસના છે. એમનાં સંબંધવાળાંમાં નિર્દોષભાવ, દિવ્યભાવ રાખીને મન, કર્મ, વચને જ્યારે પણ સેવાની તક મળે તે અહોહોભાવે કરી લેવી એ એમની પ્રસન્નતાનું શ્રેષ્ઠ કાર્ય છે. આ આપણી ઉપાસના !**

**આજે** ખૂબ આનંદનો દિવસ. આપણે સૌ અત્યારે જે આ લહેજતથી, સરસ રીતે પ્રભુભક્તિનો આનંદ લઈ રહ્યાં છીએ એ શુભ સમય આપવા માટે આજનો દિવસ આપણા માટે ખરેખર બહુ મોટો દિવસ છે ! શ્રી સ્વામિનારાયણ ભગવાને મૂળજી શર્માને ડભાણ મુકામે દીક્ષા આપી અને આપણને સૌને ગુણાતીતાનંદ સ્વામીની ભેટ આપી. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે એ અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના બ્રહ્માંડમાં સનાતન રહે એ માટે પાંચ મંદિરો દ્વારા અક્ષરપુરુષોત્તમનાં અનાદિનાં સ્વરૂપોની આપણને ઓળખાણ કરાવી અને યોગીજીમહારાજ જેવા દિવ્ય પુરુષોની ભેટ આપી, આપણને સૌને અત્યારે આવી અદ્ભુત રીતે ભક્તિ કરવાનો સમય આપ્યો.

મહારાજ ને ગુણાતીતાનંદ સ્વામીના વખતમાં આપણે જોઈએ કે પરમહંસો અને હરિભક્તોનાં ત્યાગ, સમર્પણ અદ્વિતીય હતાં. અજ્ઞાનીઓ, આસુરી શક્તિના ધારણ કરનાર માણસો પરમહંસોને મારતા, છતાં પણ પોતાના ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન તરફની તેઓની નિષ્ઠામાં સહેજ પણ ખળભળાટ ના થયો, ભગવાનના કાર્ય કરવામાં સહેજ પણ મોળાશ ના આવી, કે મારનારના પ્રત્યે પણ એમને અભાવ ના આવ્યો. આવા સંતો દ્વારા સ્વામિનારાયણ સંપ્રદાયનો આવો અદ્ભુત પાયો નખાયો. ભગતજી મહારાજ, જાગા સ્વામી, કૃષ્ણજી અદાએ એને આગળ ચલાવ્યો. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની તો વાત ન થાય ! આપણા માટે કેટલાં બધાં અદ્ભુત કાર્યો કર્યાં !

તેઓ સાથે અસાધારણ હેતને લઈને સમર્પણ થતાં હતાં. મંદિરો એમ ને એમ નથી થયાં, સમર્પણ વગર થાય નહિ. સમૈયા-ઉત્સવો એમ ને એમ નથી થતા, સેવા વગર થાય નહિ. બધા સંતો-ભક્તો સેવા કરતા હતા, સમર્પિત થતા હતા, પણ હેતને લઈને, પ્રેમને લઈને ! એમના સંકલ્પથી સૌમાં ધીમે ધીમે માહાત્મ્ય વધ્યું, એ અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસનાની સમજણનું છે.

મહારાજ આ બ્રહ્માંડમાં પધાર્યા. સર્વોપરી, સર્વાવતારના અવતારી, સર્વના કારણ, સર્વનિયંતા, આપણા સર્વની બુદ્ધિના પ્રેરક, પ્રવર્તક; તેઓ માનવરૂપે-સહજાનંદરૂપે પ્રગટ થયા. આપણા માટે તેઓ એક જ ભગવાન છે ! તેઓએ ગુણાતીતાનંદ સ્વામીને 'મોડલ હાઉસ' તરીકે બતાવ્યા. તેઓમાં ઐશ્વર્ય-પ્રતાપ, રિદ્ધિસિદ્ધિ અનંત પ્રકારનાં હતાં, કારણ કે એમનામાં ભગવાન અખંડ હતા. પણ, એમનો શિરમોર સમો જે ગુણ હતો તે દાસત્વભક્તિ ! એ આદર્શ તેઓએ આપણને આપ્યો. દાસત્વભક્તિના શિરમોર સમા હતા ગુણાતીતાનંદ સ્વામી ! સર્વના દાસ થઈને વર્ત્યા અને આપણાં સૌનું પરૂરું કર્યું.

ભગવાન સદાય સાકાર અને દિવ્ય છે,
કર્તાહર્તા છે, ગુણાતીત સાધુ દ્વારા પ્રગટ છે.
એમના સંબંધવાળા સૌ મુક્તો દિવ્ય છે.
એમની થાય એટલી સેવા કરો,
પણ એમનાં અમહિમા, ભાવફેર, માથાકૂટમાં
પડાય જ નહિ.







માયાનું ગમે તેટલું તોફાન આવે,
પણ જેને અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના છે
અને જેને ભગવાનની પરમ નિષ્ઠા છે
એવા કોઈ ભગત હાલે નહિ. એટલે યાદ રાખો,
અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના હોય
તે કોઈ પક્ષાપક્ષીમાં ના પડે.



એ અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના દ્વારા શાસ્ત્રીજી મહારાજે કહ્યું કે, ભગવાન એક જ છે સહજાનંદ સ્વામી. એમને રહેવાનું ધામ એવા ગુણાતીત સાધુ છે. એવા ગુણાતીત સાધુ દ્વારા મહારાજ પ્રગટ છે. એમને વિશે આત્મબુદ્ધિ અને પ્રીતિ ! અને એવી આત્મબુદ્ધિ ને પ્રીતિથી જોડાયેલાં આપણે સૌએ બહુ જ સમર્પણ કર્યાં છે, પણ માહાત્મ્ય... જે યોગીબાપા કહેતા કે, 'માહાત્મ્યની કસર ટાળવા આપણે વારંવાર આવવું પડે છે.' ભગવાન સદાય સાકાર અને દિવ્ય છે, પ્રગટ છે, કર્તાહર્તા છે, ગુણાતીત સાધુ દ્વારા પ્રગટ છે. એમના સંબંધવાળા સૌ મુક્તો દિવ્ય છે. એમની થાય એટલી સેવા કરો, પણ એમનાં અમહિમા, ભાવફેર, માથાકૂટમાં પડાય જ નહિ. આ જે માહાત્મ્ય, તે યોગીબાપાના સંકલ્પે સત્સંગમાં પ્રસાર પામ્યું, યાદ રાખો !

યોગીબાપા માહાત્મ્યનું એવું સ્વરૂપ કે, કોઈ હરિભક્તથી દૂધ ઢોળાઈ જાય ત્યારે કોઈ એમ કહે કે, 'અપશુકન થયાં.' જ્યારે બાપા કહે, 'નહિ ગુરુ, અક્ષરમુક્તથી ઢોળાયું તે શુકન થયાં.' હિસાબ લખતાં લખતાં હકાભાઈથી હિસાબના ચોપડા ઉપર સહીનો ખડિયો ઢળી ગયો. બાજુમાં બેઠેલા ભાઈએ કહ્યું કે, 'આજે અપશુકન થયાં.' ત્યારે બાપા કહે કે, 'અક્ષરદેરીમાં બેઠા છીએ, તેથી કાયમ શુકન જ હોય !' આ બાપાનું માહાત્મ્ય !

આપણે અહીં બિગબૅન ટાવર ઊભો કર્યો છે, દર્શન કરજો. આપણા આ મંદિર માટે પાંચ-સાત વર્ષથી આપણા આખા ગુણાતીત સમાજના મુક્તોએ, દેશ-પરદેશ રહેનારાં સર્વ ભક્તોએ-બહેનો, ભાઈઓ, બાળકો, યુવાનો, યુવતીઓએ જે મંત્ર લખ્યા છે તેને લઈને માહાત્મ્યનો એક વિસ્ફોટ થયો એમ કહું તો ચાલે. એના ફળસ્વરૂપે આ સમૈયાનાં, મંદિરનાં કાર્યો સરળ-આનંદમય થતાં હોય છે. મંત્રલેખનની નોટબુકો એટલી બધી આવી છે કે, તેનું ગોડાઉન ભરાયું છે. સંતોની અમારી ટીમને થયું કે, મંત્રલેખન એ તો પાયામાં છે, એને લીધે તો બધાંને માહાત્મ્યની સેર ઊઠી ને તેને પરિણામે આ બધાં કામ સરળ થાય છે, તો એના માટે એક મૉન્યુમૅન્ટ બનાવીએ. વિચારવિમર્શ કરીને બિગબેન ટાવરમાં બધી મંત્રપોથી પધરાવવી એમ નક્કી કર્યું ને એનું નામ 'મહામંત્ર ઘડી' રાખ્યું છે, એનાં દર્શન કરજો.

પાછળ તીરથ છે, જ્યાં મહાતીર્થ સ્થાન છપૈયા અને ધારીનું મૉડેલ ટાઉન છે. વળી, શાસ્ત્રીજી મહારાજે પોતે લોકોને મળી મળીને કન્ફર્મ કરીને જે ચાર-પાંચ પ્રસંગો કહ્યા કે, મહારાજે અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના સંબંધી ક્યાં ક્યાં વાત કરી છે ? એ ચાર-પાંચ પ્રસંગોમાંનો રાઠોડ ધાધલને ત્યાં હોળી ખેલતા 'સદ્‌ગુરુ ખેલે વસંત'નો એક પ્રસંગ પેઈન્ટિંગ કરીને તૈયાર થયો, એ મંદિરના અક્ષરમહોલમાં મૂક્યો છે, તેનાં દર્શન કરજો.

મહામંત્ર ઘડીમાં તમે જુઓ તો અત્યારે એ ઘડિયાળમાં એક જ ટાઈમ છે, કારણકે એ પોસ્ટર છે. એક વખત કોઈએ બાપાને કહ્યું કે, 'આની ઘડિયાળ ખોટી છે.' બાપા કહે, 'ગુરુ, દિવસના બે ટાઈમ તો તે સાચા બતાવે છે ને !' આ યોગીજી મહારાજ ! એમની વાતો અલૌકિક હતી. આપણે લૌકિક ભેજાવાળાને કશી સમજ પડતી ન હતી, પણ એમના વિશે હેત હતું એટલે શંકા-કુશંકા, તર્ક-વિતર્ક કરતા નહોતા. યોગીબાપાના સંકલ્પે સૌમાં ખૂબ માહાત્મ્ય વધ્યું.

ખરેખર આ સમૈયો ઊજવવાનું જ્યારે નક્કી કર્યું ત્યારે કોરોનાનો આટલો બધો વિસ્ફોટ હતો નહિ. ૨૫-૨૬ ડિસેમ્બર પછી સંક્રમણ વધતું ગયું. પણ આટલો મોટો મંડપ બાંધવા માટે પહેલેથી પ્લાનિંગ ચાલુ થઈ ગયું હતું તે ચાલુ જ રખાયું. અમારા સંતોની ટીમે નક્કી કર્યું કે, સમૈયો ચાલુ રાખીએ, પણ પ્રદેશ પ્રમાણે દરેક મંડળમાંથી થોડા થોડા ભક્તોને બોલાવીએ. અને જેઓ આવે એ બધા માસ્ક પહેરીને આવે, ડિસ્ટન્સ રાખે અને છૂટા છૂટા બેસે. તો ખરેખર જેટલા ભક્તોને બોલાવ્યા એટલા જ ભક્તો આવ્યા. ને તમે જુઓ તો અત્યારે બધા ડિસ્ટન્સ રાખીને બેઠા છે અને ડિસ્ટન્સ રાખીને જમે છે. આ માહાત્મ્ય

છે ! માહાત્મ્ય છે એટલા માટે જે સૂચના અપાય એ પ્રમાણે બધાંય મંડળના બધા ભક્તો તેનો અમલ કરે છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં અમદાવાદ-નરનારાયણદેવની ગાદી હોય કે વડતાલ-લક્ષ્મીનારાયણદેવની ગાદી હોય, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ રચિત બાપ્સ સંસ્થા હોય, કે યોગી ડિવાઈન સોસાયટી-હરિધામ હોય, કે ગુણાતીત જ્યોત, કે અનુપમ મિશન હોય; આપણા સ્વામિનારાયણ સંપ્રદાયમાં બધી જ શાખાઓમાં માહાત્મ્યનો એક વિસ્ફોટ થયો છે. અત્યારે બધે જ સમૈયા થાય છે. પણ બધે જ આટલી ડિસિપ્લિન માહાત્મ્યને લીધે જ શક્ય બની છે. સ્વામિનારાયણ ભગવાનના સંકલ્પથી માહાત્મ્યસભર એક સમાજ ઊભો થયો છે તો એમાં સૌને આનંદ રહે છે.

આજે આઠ દીકરાઓએ વ્રત લીધું એનો બહુ આનંદ થયો. મને યાદ આવે છે ૧૯૬૧માં મહંત સ્વામીની આગેવાની નીચે ૫૧ યોગેશ્વરોને પ.પૂ. યોગીબાપાએ દીક્ષા આપી ત્યારે ગઢડા મંદિરના કળશ ચઢાવેલા. વૈશાખ મહિનાના ધોમધખતા તાપમાં યોગીબાપાનો પ્રાગટ્યપર્વ હતો ત્યારે ૫૧ યોગેશ્વરોને દીક્ષા આપવાની હતી તેમનું લિસ્ટ તૈયાર હતું, પણ એમાં ઘણા છોકરાઓ આઘાપાછા થયા. બાપાએ બીમારી ગ્રહણ કરેલી તેથી બાપા રૂમની બહાર નીકળતા નહિ, ક્વૉરન્ટાઈન ધારણ કરેલું.

ત્યારે હરિપ્રસાદ સ્વામી 'પ્રભુદાસ' તરીકે ઓળખાતા હતા. પ્રભુદાસભાઈ સાથે અશ્વિનભાઈ, શાંતિભાઈ ને અમે બધા યુવકો જોડાયેલા. પ્રભુદાસભાઈ સાથે અમને બે-ત્રણ યુવાનોને બાપાની સેવામાં મૂકેલા. દાદુકાકા આવે, વિનુ ભગત-મહંત સ્વામી આવે તો બાપા સૂતા સૂતા પૂછે, 'કેટલા થયા?' 'બાપા. આંકડો છેંતાળીસે પહોંચ્યો છે.' બાપા કહે, 'હજી પાંચ દિવસ છે, પાંચ ગોતી લાવો.' ત્યારે કાકા કહે, 'ભલે.' દાદુકાકા, હર્ષદભાઈ, મહંત સ્વામી અને હરિપ્રસાદ સ્વામીએ બાપાને ખરેખર પ્રભુનું પરમ સ્વરૂપ માન્યા હતા અને બાપાની આજ્ઞા એ જ જીવન અને એ જ સાચી ઉપાસના ! એ રીતે તેઓ જીવ્યા.

દિનકર પંડ્યા પરણેલા હતા, એમને સાધુ બનાવેલા. નાનજી રુડાને પણ કહ્યું, થઈ જા સાધુ. કાકાને બાપાનો ૫૧ સાધુઓ કરવાનો સંકલ્પ કોઈ પણ હિસાબે પૂરો કરવો હતો. તે પછી બે ખૂટતા હતા. બાપા સૂતા હતા, મેં તેઓની પાસે જઈને કાન આગળ કહ્યું, 'બાપા બે ખૂટે છે, એક મને બનાવી દો તો એક શોધવો મટે, પછી એક જ રહ્યો ને બાકી !' બાપા કહે, 'ના તમને નથી બનાવવા.' એટલે પાછો બેસી ગયો. સાંજ સુધીમાં પત્તો ના પડ્યો, હજી બે ખૂટતા હતા. બીજા દિવસે તો દીક્ષાવિધિ થવાની. એટલે બાપાને મેં કહ્યું, 'મને સાધુ બનાવી દો, હું તૈયાર છું.' બાપા કહે, 'ના.' અને ત્યારે બાપા બોલ્યા, 'તમને સાધુ બનાવવા છે, પણ બીજી રીતના બનાવવા છે.' ત્યારે મને કલ્પના નહિ કે, સાધુ બીજી રીતના હોય. પણ, પ.પૂ. બાપાએ એ વચન સાકાર કર્યું છે.

ત્યારે કલ્પના નહોતી કે, આપણે હવે સાધુ બનીશું. પણ ૧૯૬૬માં માયાએ ઉપાડો લીધેલો. જ્યારે માયા ઉપાડો લે ત્યારે નિષ્ઠાની કસોટી થતી હોય છે, અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના સમજ્યા કે નહિ એની કસોટી થતી હોય છે. વાવાઝોડું આવે તો કોણ પડી જાય ? આછાંપાતળાં મૂળિયાંવાળાં ઝાડ હોય એ ઊખડીને પડી જાય, પણ જે ઝાડનાં મૂળ ઊંડાં હોય તે વાવાઝોડાનો બાપ આવે તો હાલકડોલક થાય પણ ઊખડે નહિ. એમ માયાનું ગમે તેટલું તોફાન આવે, પણ જેને અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના છે અને જેને ભગવાનની પરમ નિષ્ઠા છે એવા કોઈ ભગત હાલે નહિ. એટલે યાદ રાખો, અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના હોય તે કોઈ પક્ષાપક્ષીમાં ના પડે.

૧૯૬૬માં જ્યારે ભયંકર માયાએ ઉપાડો લીધો; ત્યારે ભલભલા એની ઝપટમાં આવી ગયા, પણ કાકા, પપ્પા, પ્રમુખ સ્વામીજી, હરિપ્રસાદ સ્વામી, મહંત સ્વામી જ્યાં હતા ત્યાં એમની જબરજસ્ત અદ્ભુત લીડરશિપ હતી, કમાની હતી એટલે અમને સૌને બચાવી લીધા, કોઈ પક્ષાપક્ષીમાં ના પડવા દીધા. સૌને ભજનમાં જ જોડ્યા તો 'આ

જબ્બડેસલાક ઉપાસનાને અનુરૂપ જીવન જીવીએ,
દૃઢ નિષ્ઠામાં રહીએ.
કોઈની માથાકૂટમાં ના પડીએ.
થાય તો સેવા કરજો ને જેટલી થાય એટલી સેવા કરજો,
પણ અસેવા તો કરશો જ નહિ.







**ફલાણો આમ ને ઢીંકણો આમ**
**એમ પટલઈ ઠોકવા ગયા તો ડંડા પડશે, યાદ રાખો !**
**'હે પ્રભુ !**
**તમારાં સંબંધવાળાં નિર્દોષ અને દિવ્ય છે !'**
**એમ માનો.**



સાચો આ ખોટો ? આણે સારું કર્યું-ખોટું કર્યું,' એ કશામાં પડવા ના દીધા તો આપણે ફાવી ગયા કે ના ફાવી ગયા ? બોલો ! નહિ તો અત્યારે ક્યાંય ડોલકાં છોલતાં હોત. માયાની અડફેટમાં આવેલાં બધાં દુઃખી થયાં છે, સત્સંગમાંથી ફેંકાઈ ગયા છે. સ્વામિનારાયણનો આશરો થયો એટલે આત્માના કલ્યાણના માર્ગમાંથી કોઈ જશે નહિ, પણ આ દેહે જે પામવાનું છે એ ના પામી શકાય. કાકા, પપ્પાજીએ, હરિપ્રસાદ સ્વામીજીએ આપણને અદ્ભુત લીડરશિપ આપી કે, કોઈ પક્ષાપક્ષીમાં પડવા જ ન દીધા.

એક પ્રસંગ ઘણી વખત કહું છું. ઘણા અસાધારણ હેતને લઈને માથાકૂટ કરી દેતા હોય છે, પણ બાપાને એ પણ પસંદ નથી. દાદુકાકાનો યોગ બાપાએ જ અમને આપેલો. આણંદ મંદિરે બાપાએ મને કહ્યું કે, 'દાદુભાઈને બોલાવો.' દાદુકાકા આવ્યા. મને બાપાએ શિખવાડ્યું કે, 'દાદુકાકાને પ્રાર્થના કરજે કે, હવે તમે અમારા યુવાનોનું જતન કરો.' મારે તો કંઈ બોલવાનું નહોતું, બાપા હતા એટલે દર્શન કરતો હતો. બાપાએ જ કાકાનો હાથ લઈ તેમાં મારો હાથ મૂકીને કહ્યું કે, 'દાદુભાઈ, આ યુવકોનું કામ તમે હાથમાં લેજો.' બાપાએ મારો હાથ દાદુકાકાના હાથમાં આપ્યો ત્યારથી યોગીજી મહારાજ રૂપ જ દાદુકાકા મને મનાયા છે. અને બાપાએ કહ્યું કે, 'દાદુભાઈની આજ્ઞામાં રહેજો.' તો કાકાની આજ્ઞામાં રહ્યા. ૧૯૬૭માં દાદુકાકાએ કહ્યું કે, 'હવે તમે બાબુભાઈ (પપ્પાજી)ની આજ્ઞામાં રહો.' ત્યાર પછી અમે પપ્પાજીની આજ્ઞામાં રહ્યા.

પણ દાદુકાકા માટે મને ખૂબ પ્રેમ. શાસ્ત્રીજી મહારાજનો શતાબ્દીપર્વ ઊજવ્યા પછીનો પહેલો સમૈયો ૧૯૬૬ના ફેબ્રુઆરીમાં અટલાદરા વસંતપંચમીનો સમૈયો હતો. સભામાં દાદુકાકાનું પહેલું પ્રવચન હતું. કાકાએ અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની અદ્ભુત વાતો કરીને કહ્યું કે, 'સંતો થકી ભગવાનને ઓળખશો તો સહેલું પડશે.' ત્યારે એવું કહેવાતું કે, 'થી-થકીનો સત્સંગ કાયમ રહેશે.' એ પર ફોકસ કરીને કાકાએ વાતો કરી. બીજું જ પ્રવચન હર્ષદભાઈ દવેનું હતું. હર્ષદભાઈ દવેએ કહ્યું કે, 'દાદુકાકાએ વાતો કરી, પણ થી-થકી સત્સંગની કાંઈ જરૂર નથી, સીધા યોગીબાપાને વળગો તો તમારું કામ થઈ જશે.'

એમની રીતે તેઓ સાચા, કાકાની રીતે કાકા સાચા હતા. પણ મને કાકા માટે પ્રેમ, એટલે પૂ. હર્ષદભાઈ પર જબરજસ્ત ગુસ્સો આવી ગયો, એકદમ મારું મગજ ફરી ગયું. ત્યારે ૨૪-૨૫ વર્ષનો યુવાન હતો એટલે મારું મગજ તેજ ચાલતું અને જોશભેર કામ કરતો હતો. મને થયું, 'આ એમના મગજમાં સમજે છે શું ?' સભામાં પ્રવચનોનું જે લિસ્ટ જાહેર થયું હતું તેમાં પૂ. હર્ષદભાઈ પછી બીજા એક ભાઈ પછી મારું પ્રવચન હતું. મેં નક્કી કર્યું કે, મારું પ્રવચન આવશે તેમાં પેલા ભાઈનાં છોતરાં કાઢી નાખીશ. એમના મગજમાં સમજે છે શું ? દાદુકાકાએ જે વાત કરી એને કાપી નાખનાર એ કોણ ? એટલે મારા મગજમાં તો આમ બોલીશ ને તેમ બોલીશ એવા વિચારોનો એકદમ ધોધ વહેતો હતો.

હું યોગીબાપા સામે જોઉં અને દાદુકાકાએ શિખવાડેલું કે, બાપાને રાજી કરવા એ આપણી ખાસ ઉપાસના છે. એટલે થયું કે, હું બોલીશ ને બાપાની હાજરીમાં પેલા ભાઈને વેતરી નાખીશ તો બાપા રાજી નહિ થાય. એટલે મેં ઊભા થઈને બાલુભાઈ ટી.ટી.ને કહ્યું કે, 'પ્લીઝ ! મારું પ્રવચન કૅન્સલ કરો, અત્યારે મારું મગજ કામ નથી કરતું.' તો એ કહે, 'જુઓ જશભાઈ, આ પ્રવચન મેં નક્કી નથી કર્યાં, યોગીજી મહારાજે મને લિસ્ટ આપ્યું છે અને ક્રમ પણ ગોઠવી આપ્યો છે. હવે તારે તારું પ્રવચન કૅન્સલ કરવું હોય તો બાપાને જઈને કહે.'

બાપા તો આપણા માટે ભગવાનનું સ્વરૂપ હતા, એટલે એમને કંઈ સૂચન થાય કે હું નહિ બોલું ? બાપાએ કહ્યું હતું એટલે તો No Way ! એટલે હું તો સભામાંથી નીકળી ગયો ને સ્ટેજની પાછળ પાટ હતી ત્યાં

જઈને બેઠો અને ધૂન કરી. જ્યારે જીવ માયાના ચકરડામાં આવે ત્યારે એક જ ઉપાય છે : ધૂન. ત્યારે કોઈ જ્ઞાન કામ લાગશે નહિ. 'સ્વામિનારાયણ' મંત્રનો જાપ કરવાની ટેવ હશે તો તે બહુ કામ લાગશે. દાદુકાકાએ અમને 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' ભજન કરવાની ટેવ પાડેલી. એટલે મેં પ્રાર્થના કરી કે, 'હે યોગીબાપા, અત્યારે મારું મગજ કંટ્રોલમાં નથી, હું પ્રવચન કરવા ઊભો થઈશ તો તમે રાજી નહિ થાવ એવો ભાંગરો વાટી દઈશ, એટલે કાં તો મારો બધો કંટ્રોલ તમે લઈ લો ને કાં તો તમારે જે કરવું હોય તે કરો, પણ આજે તમે મારી રક્ષા કરો, રક્ષા કરો!' એમ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... મહામંત્રની કચકચાવીને ધૂન કરી. સાચા હૃદયથી ધૂન કરવા માટે કંઈ પાંચ-પચાસ કલાક ના જોઈએ. પાંચ જ મિનિટ ધૂન કરી હશે અને બાલુભાઈ ટી.ટી.એ જાહેર કર્યું કે, 'બાપાની આજ્ઞાથી કાર્યક્રમમાં થોડો ફેરફાર કરવામાં આવે છે.' તે વખતે પાકિસ્તાન સાથે ૧૯૬૫માં યુદ્ધ થયેલું અને મંત્રણા કરતા લાલબહાદુર શાસ્ત્રીનું દેહાંત થયેલું. લાલબહાદુર શાસ્ત્રી આગલે વર્ષે અટલાદરા બાપાનાં દર્શન કરવા આવેલા. એટલે બાપાએ બાલુભાઈ ટી.ટી.ને કહ્યું કે, જશભાઈનું પ્રવચન કૅન્સલ કરી, એમના મોટા ભાઈ રમેશભાઈનું પ્રવચન રાખો, એ લાલબહાદુર શાસ્ત્રીના પ્રસંગની વાત કરે.' બાલુભાઈએ આ જાહેર કર્યું. આ સાંભળી મને હાશ થઈ ગઈ. પણ, તે વખતે મારા મગજમાંથી પૂ. હર્ષદભાઈ માટેનો ભાવફેર એકદમ નીકળી ગયો. આ અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના છે!

તમને માનવરૂપે મળેલા ભગવાનના સ્વરૂપને વિશે અસાધારણ પ્રેમ હોય તો એમને રાજી કરવા માટે બધું જ છોડી દો, જ્ઞાન ને બધું જ છૂટી જાય. એટલે શાસ્ત્રીજી મહારાજે દાખડો કરીને મારા-તમારા અહંતા-મમતા ઓગાળીને કામ-ક્રોધાદિક દોષ રહિત થવા માટે અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના પ્રવર્તાવી છે. અને એ જો સમજીએ તો બેડો પાર છે!


એ ઉપાસનાને આપણા જીવનનો ધ્યેય બનાવીએ તો આપણે ગમે ત્યાં હોઈએ -ઇંગ્લૅન્ડ, અમેરિકા, ન્યૂઝીલૅન્ડ, ઑસ્ટ્રેલિયા કે ભારતનાં જંગલોમાં હોય-આફ્રિકાનાં જંગલોમાં હોય, શહેરમાં ધંધો હોય કે વેપાર હોય, ત્યાગી હોય-ગૃહી હોય, નાનો હોય-મોટો હોય, બાઈ હોય-ભાઈ હોય, ભણેલો હોય-અભણ હોય એનો કોઈ ભેદ નથી, સર્વ ગુણાતીતભાવને પામી જાય, લો! આટલી અદ્‌ભુત અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના શાસ્ત્રીજી મહારાજે, યોગીજી મહારાજે આપણને આપી છે, સમજાવી છે.

અને ખરેખર આપણને ખૂબ આનંદ થાય કે, એ ઉપાસનાને લીધે ત્યાગી સંતો તૈયાર થયા, ત્યાગી સંત બહેનો તૈયાર થયાં, વ્રતધારી સંતો તૈયાર થયા ને ત્યાગી ગૃહસ્થો પણ તૈયાર થયા. એમને સંસાર કરતાં ભગવાન ને સંતોની અગત્ય વધારે છે, પોતાનું બધું ભગવાનને અર્થે કરી રાખ્યું છે, તો એ ત્યાગી જ છે ને! આ ઉપાસનાને કારણે છે. અને એનાં જ સૌને સુખ, શાંતિ ને આનંદ છે.

આજે આ આઠ દીકરાઓએ ઉપાસનાના કાર્ય માટે દીક્ષા લીધી છે, એમાંના બેની વાત કરું. પહેલા અમારા કાનજીબાપા. કાનજીબાપા એટલે આ યુગનો જોબન વડતાલો. એમની જીભ ના ચાલે, એમનો હાથ ચાલે એટલી બધી દાદાગીરી ને બધું કરે. સુરતમાં રણછોડભાઈના યોગને લઈને કાનજીબાપા સત્સંગમાં આવ્યા. અશ્વિનભાઈ સાથે અસાધારણ હેત થયું ને એમને વિશે આત્મબુદ્ધિ અને પ્રીતિ થઈ તો કાનજીબાપા બદલાયા. કેવા બદલાયા ? તો એ મારફાડમાં વપરાતી શૂરવીરતા ભક્તિમાં, ભક્તોનો પક્ષ રાખવામાં, ભક્તોને મદદ કરવામાં પોતાના ગુરુ અશ્વિનભાઈની આજ્ઞા પાળવામાં વાપરી તો તમે જુઓ તો રોજમહાપૂજા કરે છે. આખા સુરત મંડળ ને દક્ષિણ ગુજરાતનો સત્સંગસમાજ સાચવે છે. એમને બે દીકરાઓ અને પત્ની સમજુબા છે. પણ, ૨૦૦૭ના વર્ષથી જ્યારથી મંદિર શરૂ થયું, ત્યારથી એકધારી

**પ્રભુ કેવળ તમને રાજી કરવા માટે**
**મન- કર્મ-વચને સેવા કરવી છે તો**
**હઠ-માન-ઈર્ષાના ભાવો અને**
**મારું-તારું અને કામ-ક્રોધાદિક દોષ**
**આપોઆપ ઓછા થઈ જશે અને**
**ભગવાનના ધામનો આનંદ છતી દેહે મળશે.**







**આપણે ગુણાતીતભાવને પામવો છે, ગુણાતીતભાવને પામીશું એટલે પરબ્રહ્મની સેવાનો અધિકાર આપણને આપોઆપ પ્રાપ્ત થવાનો છે અને એનો આનંદ કંઈક જુદો હશે.**



ઘડિયાળના કાંટે ઠાકોરજીની બધા જ પ્રકારની સેવા થાળ, મહાપૂજા, ભક્તોને માટે પ્રાર્થનાઓ કરતાં કરતાં અત્યારે તેમનો સંસાર છૂટી ગયો અને આજે વ્રત લઈ આ કાનજીબાપા 'વ્રતધારી સાધુ' - સાધુ પૂ. કાનજીદાસજી બન્યા છે !

બીજો એક યુવાન જય પટેલ છે. અમારા દહેગામના શાંતિબાપા-નર્મદામૈયાનો પૌત્ર અને અરુણ-રેખાનો એકનો એક દીકરો છે. રેખા ક્રિષ્ના ને વાડીભાઈને લીધે સત્સંગમાં ને સેવામાં એટલી બધી ઓતપ્રોત છે કે, એની એક જ પ્રાર્થના હતી કે, 'આ અમારા એકના એક દીકરાને તમે સાધુ બનાવો.' આ માતાને ધન્ય છે ! આ સંસારમાં કંઈ કરવા જેવું નથી માટે આ દીકરાને સાધુ બનાવી દો ! એટલે જયને પૂછ્યું, 'જય તારે સાધુ થવું છે ?' તો કહે, 'ના, મારે લગન કરવું છે.' જય ના જ પાડે અને એની મમ્મી હા પાડે. રેખાને કહ્યું કે, 'રેખા, તું બસ માળા ફેરવજે, ભજન કરજે, એને સાધુ બનાવવાનો આગ્રહ ના કરીશ.'

એને અહીં એમ થયું કે, આ બધા ભેગા થઈ મને સાધુ બનાવી દેશે એટલે એ અમદાવાદ જતો રહ્યો હતો ને નોકરીમાં લાગી ગયો હતો. પછી અહીં ૨૦૨૦માં મૂર્તિપ્રતિષ્ઠા થઈ ત્યારે એ દીકરાને અમારા પપ્પુએ સેવા કરવા બોલાવ્યો, એ સેવામાં આવ્યો અને જોડાયો. અમારા પપ્પુભાઈ સાથે એને પ્રેમ છે. માર્ચમાં લૉકડાઉન થયું એટલે અશ્વિનભાઈની સૂચનાથી એને શ્રેયસ જોડે સેવામાં રાખ્યો. શ્રેયસ જોડે લૉકડાઉન દરમિયાન ત્રણ મહિના સેવામાં રહ્યો. પપ્પુ સાથે અસાધારણ પ્રેમ, અશ્વિનભાઈની કૃપાદૃષ્ટિ ! લૉકડાઉન ખુલ્યા પછી અશ્વિનભાઈએ કહ્યું, 'હવે તું ઉપાસનામાં પપ્પુભાઈ સાથે સેવામાં જતો રહે.' સેવામાં આવ્યા પછી સામેથી મને કહે કે, 'હવે મને સાધુ બનાવો, હું સાધુ થઈશ.' તમે જુઓ, અશ્વિનભાઈ, શાંતિભાઈ જેવા મોટા સંતોની દૃષ્ટિ, શ્રેયસ, પપ્પુ જેવા સાધુ સાથેની આત્મબુદ્ધિ અને પ્રીતિ, એની મમ્મીનું ભજન અને પૂર્વનો જબરજસ્ત આત્મા હશે તો એ છોકરાને તો સાધુ જ નહોતું થવું, એમાંથી એને અંદરથી થયું કે, મારે હવે સંસારમાં જવું નથી, મારે સાધુ થવું છે, ને આજે એણે વ્રત લીધું. આ અક્ષરપુરુષોત્તમની ઉપાસનાનું પરિણામ છે !

શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ આપણને શુદ્ધ ઉપાસનાનું જે રહસ્ય આપીને ગયા છે એ ખરેખર અદ્વિતીય છે ! એને સમજદારીથી આપણે સમજીએ અને એ પ્રકારનું જીવન જીવીએ તો સત્સંગમાં અત્યારે ગુણાતીતાનંદ સ્વામી કહેતા એમ, શેરડીના સાંઠાનો વચલો ભાગ છે. ગળપણ બહુ છે ને રસ પણ ઝાઝો છે. એવો અદ્‌ભુત સમય આવ્યો છે !

સ્વામિનારાયણ ભગવાને કહ્યું કે, 'મારા વિશે સર્વોપરીપણાની નિષ્ઠા હશે, મને કર્તા-હર્તા માનતા હશો, સંત દ્વારા હું સાકાર ને પ્રગટ છું એવું માની એમને વિશે આત્મબુદ્ધિથી જોડાયેલા હશો, એમની આજ્ઞામાં રહેતા હશો, ને ભગવાનના ભક્તોમાં સુહૃદભાવ રાખતા હશો ; તો તમને સુખી કરવાની જવાબદારી ભગવાન કહે, મારી. પછી કાળ, કર્મ અને માયાની તાકાત નથી કે મને-તમને દુઃખી કરી શકે. તો આવી જડબેસલાક ઉપાસનાને અનુરૂપ જીવન જીવીએ, દૃઢ નિષ્ઠામાં રહીએ. કોઈની માથાકૂટમાં ના પડીએ. થાય તો સેવા કરજો ને જેટલી થાય એટલી સેવા કરજો, પણ અસેવા તો કરશો જ નહિ. ફલાણો આમ ને ઢીંકણો આમ એમ પટલાઈ ઠોકવા ગયા તો ડંડા પડશે, યાદ રાખો ! હે પ્રભુ ! તમારાં સંબંધવાળાં નિર્દોષ અને દિવ્ય છે ! એમ માનો.

મહંતસ્વામીની એક વાત તમને કહું. દાદર મંદિરે ૫૧ યોગેશ્વરો હતા. એમાં બે પક્ષ પડી ગયા હતા. મહંતસ્વામી આ સંતોની સાથે મહંત તરીકે એટલે એમને બેઉ પક્ષો કહેવા આવે, ફરિયાદ કરવા આવે. તો મહંત સ્વામી કહે, 'કોણ સાચો-કોણ ખોટો ? કોણે શું કર્યું ને શું કરવું જોઈએ ? એવું કશું કર્યા વગર પહેલાં એ બંનેને હું સાંભળું અને પછી રાત્રે અગાશી પર જઈને ધૂન કરું કે, 'આ સાચા છે ને તે પણ સાચા છે, બંનેને ભેગા કરીને હે પ્રભુ ! અમને સરખા રાખજો.' એટલી પ્રાર્થના કરું.

કોઈ સાચો-કોઈ ખોટો, કોઈ પાપી-કોઈ પુણ્યશાળી, કોઈએ સારું કર્યું-ખોટું કર્યું, આ ખોટું વર્તે છે-સાચું વર્તે છે; એ બધું પ્રકૃતિ પુરુષથી અંદરનું છે અને આપણા પ્રભુ તો પ્રકૃતિ પુરુષથી પરના છે. એમાં સાચું-ખોટું, પાપ-પુણ્ય કશું નથી. એટલે શ્રી કૃષ્ણ પરમાત્માએ અર્જુનને કહ્યું : 'સર્વ ધર્માન્પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ।' હે અર્જુન ! તારું પાપ-પુણ્ય, સાચું-ખોટું, સત્ય-અસત્ય, આ કરવું જોઈએ-આ ના કરવું જોઈએ; આવી બધી દ્વિધામાંથી-દ્વન્દ્વમાંથી નીકળી તું મારે શરણે આવ.' અર્થાત્ પ્રકૃતિ પુરુષથી ઉપરના જ્ઞાનમાં આ કોઈ વસ્તુ છે જ નહિ, એમાં એક જ છે - સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ધૂન કરીએ એટલે આપણું અંદરનું મગજ ને બધું ચોખ્ખું થઈ જશે. અને એ કરવા માટે આપણને કોરોના કાળમાં અદ્ભુત સમય મળ્યો છે. અવરજવર ઓછી થઈ ગઈ છે. વર્ક ફ્રૉમ હોમ એવું થઈ ગયું છે ને ! અમારે સંતોને પણ વિચરણ ઓછું થઈ ગયું છે, નહિ તો બધા વિચરણમાં હોય તો આવો સમય મળે નહિ. પ્રભુએ આપણને ભજન, ભક્તિ, સેવા કરવાનો સરસ સમય આપ્યો છે તો તેનો ઉપયોગ કરીએ. સર્વનાં ગુણગાન અને મહિમા ગાયાં કરીએ, સાંભળ્યાં કરીએ. અને જ્યારે પણ મન, કર્મ, વચને સેવા કરવાની તક મળે ત્યારે નિર્દોષભાવે મારા કલ્યાણ માટે સેવા કરીએ.

યાદ રાખો, માન મેળવવા માટે, આગળ બેસાડવા માટે એવી કોઈ પળોજણ નહિ, પણ કેવળ અને કેવળ પ્રભુ તમને રાજી કરવા માટે મન-કર્મ-વચને સેવા કરવી છે તો હઠ-માન-ઈર્ષાના ભાવો અને મારું-તારું અને કામ-ક્રોધાદિક દોષ આપોઆપ ઓછા થઈ જશે અને ભગવાનના ધામનો આનંદ છતી દેહે મળશે.

આ મહાત્મ્યનો જ્યારે વિચાર કરો કે, આટલો અદ્ભુત સમાજ ! આટલા બધા અદ્ભુત સંતો ! આટલાં બધાં અદ્ભુત સંત બહેનો ! આવાં બધાં સમર્પિત ગૃહસ્થ ભાઈઓ-બહેનો, યુવાન-યુવતીઓ ! આવા માહાત્મ્યના વિચારે જ્યારે ચઢી જાય ત્યારે આનંદ હિલ્લોળા મારે ! આ આનંદ કોને કહેવો ? આ આનંદનું શબ્દોમાં વર્ણન કેવી રીતે કરવું ? એ સમજાય નહિ. એટલો બધો આનંદ મને-તમને-સૌને આવતો જશે. અત્યારે આવી જ રહ્યો છે. એ માટે ખરેખર લાખ લાખ વંદન હજો મહારાજને કે, તેઓ મૂળ અક્ષર ગુણાતીતાનંદ સ્વામીને પોતાની સાથે લઈને આવ્યા. અને એ દિવ્ય સ્વરૂપોને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજે ઓળખાવ્યાં. કાકા-પપ્પા, હરિપ્રસાદ સ્વામી, મહંત સ્વામી, પ્રમુખ સ્વામીએ આપણને એમાં જોડ્યા ને સંપ, સુહૃદભાવ, એકતાથી હળીમળીને કાર્યાન્વિત કરીને અત્યારે પ્રેમસ્વરૂપ સ્વામી, અશ્વિનભાઈ, શાંતિભાઈ, નિર્મળ સ્વામી ને આ સંતોના સાંનિધ્યમાં રાખીને આપણને ભક્તિ કરવાનો ટાઈમ આપ્યો છે, તો એ ચુકાઈ ના જાય એવી આ ગુણાતીતના દીક્ષાદિનની પ્રાર્થના !


આપણા સૌનો આદર્શ ગુણાતીત છે, યાદ રાખો ! ભગવાન તો પરના પર છે, એ ભાવને પામવા માટે કોઈ પ્રયત્ન કરશો નહિ, નહિતર તો પછડાશો. ગુણાતીતભાવને પામવો છે, ગુણાતીતભાવને પામીશું એટલે પરબ્રહ્મની સેવાનો અધિકાર આપણને આપોઆપ પ્રાપ્ત થવાનો છે અને એનો આનંદ કંઈક જુદો હશે. તે ગુણાતીતભાવને પામવાના આદર્શરૂપ ગુણાતીતાનંદ સ્વામીને આજે સ્વામિનારાયણ ભગવાને દીક્ષા આપીને આપણને સૌને એમની ભેટ આપી. તો આપણે ગુણાતીતરૂપ થવું છે. મહારાજને એ જ પ્રાર્થના એ રૂપ થવાના માર્ગે અમને આપે ચાલતા કર્યા છે તો આ ને આ દેહે કરીને, હસતા-રમતા, ખેલતા-કૂદતા એ ભાવને પામીએ એવી આજના મંગલકારી દિવસે આપણા સૌની પ્રાર્થના !


આજે કળશ મહોત્સવ પૂરો થાય છે એટલે છેલ્લી જય બોલાવીએ. છેલ્લી જય બોલાવીએ પછી આપણા આખા કળશમહોત્સવની પૂર્ણાહુતિ થાય છે. બોલો શ્રી સ્વામિનારાયણ મંદિર કળશ મહોત્સવની જય !

જય શ્રી સ્વામિનારાયણ ! ◆

મહાત્મ્યનો વિચાર કરો કે, આટલો અદ્ભુત સમાજ !
આટલા બધા અદ્ભુત સંતો !
આટલાં બધાં અદ્ભુત સંત બહેનો !
આવાં બધાં સમર્પિત ગૃહસ્થ ભાઈઓ-બહેનો,
યુવાન-યુવતીઓ !
આવા માહાત્મ્યના વિચાર જ્યારે આવે
ત્યારે આનંદ હિલ્લોળા મારે !







# સાધુ હૃદયની પ્રાર્થનાગંગા

## હે યોગીબાપા !

આપ સાકાર બ્રહ્મનું સ્વરૂપ
તેનો સ્વીકાર કાકાજી મહારાજે કર્યો
સૌ તે સ્વીકારે તે સંકલ્પ કર્યો.
સ્વીકારીને જીવન સમર્પણ કર્યાં
તેવાં સૌનો ગુણાતીત સમાજ સ્થપાયો !

આપે સંકલ્પ કર્યો...
સાહેબજીના સ્વરૂપને ઓળખાવવાનો
આપ અને સાહેબજીની એકરૂપતા
આપ સાથે સાહેબજીનો અદ્વૈતભાવ
તે દર્શન કર્યાં ને ધન્ય થયા
તેવાં સૌનું અનુપમ મિશન સ્થપાયું !

આપે સાહેબજીને વરદાન દીધાં
'જશુભાઈ સાહેબ ! તમે જે ધારશો તે થશે.'
'તમે સંકલ્પ ન કરો તેમાં તમારી ખોટ
પૂરા ન કરીએ તે અમારી ખોટ.'
'જશુભાઈ સાહેબ ! તમે જે કાર્ય ઉપાડશો
તેમાં લક્ષ્મીનો તૂટો નહિ પડે.'
સાહેબજીએ આપની આજ્ઞા અને પ્રેરણા ઝીલી
કાર્ય ઉપાડ્યાં ને પૂર્ણ કર્યાં.
બહાર દૃષ્ટિમાં દેખાતાં કાર્યો તો અદ્ભુત થયાં
તે કાર્યોમાં જે હોમાયા તેનાં આંતરિક પરિવર્તન થયાં
જગતની આસક્તિ ટળી ને પ્રભુ પ્રગટ પરમમાં આસક્ત થયા.
સૌનાં હૃદયે પ્રભુ બિરાજી ગયા તે પ્રતીતિ તઈ.
વિશેષ તો પ્રગટ-પ્રત્યક્ષની ઉપાસના દૃઢ થઈ

ગુણાતીત સ્વરૂપમાં પૂર્ણ પ્રીતિથી જોડાય
દિવ્યભાવ સહિત મન બુદ્ધિનાં સમર્પણ ધરે ને આજ્ઞા અનુસરે
તે દિવ્ય થાય અને સાધુતા પ્રાપ્ત કરે !
તે સ્વરૂપના સ્વભાવ ગમાડે ને આજ્ઞા અનુસરે
તે નિર્વાસનિક થઈ જ જાય
તેના સંબંધવાળાને ગમાડે
તે સ્વરહિત થઈ જ જાય
સાધુતા પ્રાપ્ત કરતા થઈ જાય
સૌને પ્રભુ આપતા થઈ જાય

હે યોગીબાપા !
આવાં દિવ્ય આત્મિક કાર્યો અર્થે જ
સાહેબજીને આપ સાથે લઈ પધાર્યા !
તે માટે તો આપે સાહેબજીને સામર્થ્ય દીધાં
તેનાં દિવ્ય દર્શન, સર્વત્ર સર્વમાં થાય છે.
સૌનાં હૃદય પવિત્ર થયાં છે દિવ્ય થયાં છે.
સૌમાંથી સત્પુરુષ વિશેના મનુષ્યભાવ ટળ્યા છે
શ્રીજીએ સંકલ્પ કર્યા જે
'સૌમાંથી ઝીણી ઝીણી કસર ટાળવી છે.'
તે આજે બાપા ! આપ ટાળી રહ્યા છો
તેવા દિવ્ય અનુપમ સમાજનાં દર્શન થાય છે.
મંદિર કળશ મહોત્સવ મંગલ દિવ્યભાવે ઉજવાયો.
જેઓએ સેવા કરી તે પર સાહેબજીની કૃપા ઢળી
સૌનાં અંતરે નિર્મળતા વ્યાપી
પ્રશાંતિ સ્થપાઈ. પ્રભુનાં દિવ્ય તેજ પથરાયાં
ઉપાસના શુદ્ધ સત્ય સમજાઈ... મનાઈ
સૌ અધ્યાત્મને સાચા અર્થે સમજ્યા.


હે બાપા !
આપે સાહેબજી પર કળશ ઢોળ્યો
તેનો સ્પર્શ જેઓ પામ્યા તે ધન્ય થયા
આ તો શાશ્વતતા સ્થપાઈ.

હે દયાળુ યોગીબાપા !
સાહેબજીના માળાના મણકા બની
તેઓને કેવળ રાજી કરવા ઝંખના કરી
તેઓના સ્વરૂપમાં આપનાં દર્શન કરી
તેઓ પ્રગટ પ્રત્યક્ષ સ્વામિશ્રીજી સ્વરૂપ છે તે સ્વીકારી
જીવન જીવવા ઝંખે છે તે સૌને બળ દઈ સમજ દઈ
આપે કૃતકૃત્ય કર્યા.
આપને અનંત વંદન !
આપના ચરણરૂપ સાહેબજીને અનંત વંદન !
આપ અને સાહેબજી સદા રાજી રહો
આપ સદા સદા રાજી રહો તેવું જીવવા સૌને શક્તિ દો !



સાધુ શાન્તાદાસના જય સ્વામિનારાયણ.

બ્રહ્મજ્યોતિ, બ્રહ્મસ્વરૂપ કાકાજી સાક્ષાત્કાર દિન
૩-૨-૨૦૨૨



શ્રી સ્વામિનારાયણ મંદિર કળશ મહોત્સવના દ્વિતીય દિનની સવારની સભામાં સદ્ગુરુ સંત પ.પૂ. શાંતિદાદાએ અને સાંજની સભામાં સદ્ગુરુ સંત પ.પૂ. અશ્વિનદાદાએ મનનીય આશીર્પ્રવચન કર્યાં. આ બંને સદ્ગુરુ સંતોનાં શ્રીમુખે સરેલી અનુપમ બ્રહ્મપરાવાણી સૌનાં સ્વાધ્યાય અને મનન-ચિંતન અર્થે અત્રે પ્રસ્તુત કરાઈ છે.

# અનુપમની હે અમૃતધારા...!

*~ સદ્ગુરુ પરમ પૂજ્ય શાંતિદાદા*



શ્રી સ્વામિનારાયણ મંદિર કળશ મહોત્સવ માહાત્મ્યપર્વ
બ્રહ્મજ્યોતિ મોગરી,
શનિવાર, પોષ શુક્લ ત્રયોદશી, ૧૫.૦૧.૨૦૨૨

**કળશ** ચઢાવવાનો ઉત્સવ અદ્ભુત રીતે ચાલી રહ્યો છે. પચાસ વર્ષ પહેલાં આરંભ થયેલા મંદિરનો સુંદર ઇતિહાસ આપણે જાણ્યો. ત્યારથી આરંભ પામેલા એ મંદિરનિર્માણનો સંકલ્પ, જેમણે એનું નેતૃત્વ લીધું એવા સંતભગવંત સાહેબજી, અને એમની સાથે જેઓ જોડાયા, તેઓ પોતે જાતે તો કોઈ જોડાયા નહોતા, યોગીબાપાએ એમને જોડ્યા હતા.

યોગીબાપાએ જોડ્યા એવું હું એટલા માટે કહું છું કે, અશ્વિનદાદા, રતિકાકા, હર્ષદદાદા, ડૉક્ટરદાદા, વી.એસ.દાદા - આ બધા જ સંતો, સાહેબજી જે દિવસે વલ્લભવિદ્યાનગરમાં અભ્યાસ કરવા માટે આવ્યા અને ભેગા થયા તે દિવસથી તેમની પૂર્વની પ્રીત જાગી ગઈ, સાહેબ સાથે જોડાઈ ગયા. સાહેબજીને દિવ્ય માન્યા, મોટા માન્યા, સંત માન્યા, ગુરુ માન્યા, પ્રભુનું સાકાર સ્વરૂપ માન્યા. માન્યા એટલે જે દિવસે ગુરુ માન્યા એ દિવસે ગુરુઆજ્ઞા સો ટકા એમણે શિર સાટે ધરી. આજે પણ એ જ પ્રમાણે જીવે છે. સાહેબજી ઘણી વખત આશીર્વાદ આપતા કહે છે, 'આ અશ્વિનદાદા, રતિકાકા, હર્ષદદાદા, ડૉક્ટરદાદા, વી.એસ.દાદા મોટા કેમ ? પહેલા દિવસથી- જે દિવસથી અમારી મિત્રતા થઈ અને એમણે યોગીબાપાને ગુરુસ્થાને સ્થાપ્યા ને સ્વીકાર્યા તે દિવસથી આજપર્યંત એમણે કોઈ પ્રશ્ન મને પૂછ્યો નથી. યોગીબાપાએ જે કહ્યું એ કર્યું. ' ૧૯૭૧થી યોગીબાપા ધામમાં ગયા તે પછી એ 'એ યોગી એ આ સાહેબજી' એવા ભાવ કરીને એમનાં જીવન એમના ચરણોમાં સમર્પિત કર્યાં.

જેમ જેમ એક પછી એક મંદિર રચાતાં ગયાં - ઍલનટાઉનનું મંદિર થયું, વેમારમાં થયું, મુંબઈ, સુરત, અમદાવાદ અને ઈંગ્લૅન્ડ - આ બધાં જ મંદિરોનાં નિર્માણમાં દિવસે દિવસે આ સંતોની આત્માની દિવ્ય પ્રગતિ તો થઈ જ, સાથે સાહેબ સાથેનાં જોડાણ બહુ જ દઢ અને પાકાં થયાં. જેમ જેમ સાહેબદાદા એમના હૃદયમાં બિરાજતા ગયા, એમણે પણ શુભ સંકલ્પો કર્યા અને આજે સૌનાં હૃદયમાં પ્રભુ બિરાજ્યા એની અનુભૂતિ આપણે કરીએ છીએ.

પ્રભુ બિરાજ્યાનો અર્થ મન-બુદ્ધિ તર્ક-વિતર્ક ના કરે. જે કાંઈ શબ્દ આવે છે એનો સ્વીકાર કરી દે. 'સુહૃદભાવ રાખો', રાખવા માટેનો પ્રયત્ન કરે. સુહૃદભાવ રાખવો છે તો મારે દાસ થવાનું છે, દાસમાંથી દાસોઽસ્ય દાસોઽસ્મિ થવાનું છે-દાસના પણ દાસ થવાનું છે. આ શબ્દોને જીવવા માટે પ્રયત્ન કરે, એ સાહેબજીને ભગવાનનું સ્વરૂપ માન્યા કહેવાય ! એ વાત એમની જ કૃપાથી, એમના જ આશીર્વાદથી આવા દિવ્ય સત્પુરુષોના કૃપાશિષથી જેમના હૃદયમાં સાહેબ અખંડ

બિરાજમાન થયા છે એવા દિવ્ય પુરુષ ! જેણે સમગ્ર સાધના કરાવી છે એવા દિવ્ય પુરુષ ! જેણે હઠ, માન, ઈર્ષા, રાગ દ્વેષ મૂકાવ્યાં છે એવા દિવ્ય પુરુષ ! ભગવાનના સંબંધવાળાં સર્વ દિવ્ય છે, એ માનીને એમની સાથે વર્તન કરાવ્યાં છે એવા દિવ્ય પુરુષ ! એ સાહેબજી રોમરોમમાં વસી ગયા. પરિણામે આંખ ઉઘાડી જોઉં જગત જ્યાં અને આંખ મીંચીને અંતર સામું જોઉં ત્યારે સર્વત્ર પ્રભુનાં દર્શન થાય, સર્વ મુક્તોમાં પ્રભુનાં દર્શન થાય, સર્વ દિવ્ય મનાય, તેમની આગળ દાસ થઈ જવાય. આ બધું જ્ઞાન જે શાસ્ત્રોમાં હતું, એ આ દિવ્ય પુરુષે પોતાના સંકલ્પથી આપણા હૃદયમાં સ્થાપિત કર્યું છે. મહારાજનો સંકલ્પ હતો એ આ જ હતો. અને યોગીબાપાનો સંકલ્પ પણ આ હતો. શાસ્ત્રીજી મહારાજનો પણ ઉપાસના પ્રવર્તન વખતે આ જ સંકલ્પ હતો.

મંદિરનિર્માણમાં જે જે કોઈ તનથી, મનથી, ધનથી, આત્માથી સેવા કરે એ સર્વના આત્મા ચોખ્ખા થાય, એમાં પ્રભુ બિરાજે, સર્વના રાગ-દ્વેષ ઓછા થઈ જાય, અહંતા-મમતા છૂટી જાય, 'હું' ટળી જાય, સર્વત્ર પ્રભુનાં દર્શન થઈ જાય; આ તો સંકલ્પ હતા ! અને એ સંકલ્પ એવા દિવ્ય પુરુષ થકી હંમેશાં આ પૃથ્વી પર શાશ્વતકાળ સુધી કામ કરતા રહે છે, એનું દર્શન આજે થાય છે.

મંદિરનાં નિર્માણ થયાં, પથ્થરો ગોઠવાયા. આજે એ શિખર પર કળશ ચઢે છે. એ સુહૃદભાવના કળશ, એ આત્મીયતાના કળશ, એ દિવ્યભાવના કળશ, એ સાહેબદાદારૂપ અમારું ભગવાનનું સાકાર સ્વરૂપ અત્યારે અમને મળ્યું છે ને એમના પ્રત્યે એ અહોભાવ ને મહિમાના કળશ! સોનેરી કળશ ! એવા જ સોનાના કળશ, આપણાં સૌનાં હૃદયમંદિર પર પણ ચઢી રહ્યા છે, ચઢ્યા છે, અને એનો આનંદ આપણે કરીએ છીએ.

યોગીબાપાએ શાસ્ત્રીજી મહારાજનો કેટલો બધો મહિમા મહેળાવની પ્રાર્થનામાં ગાયો ! એના શબ્દો જ્યારે સાંભળીએ ને યોગીબાપા જ્યારે એમ બોલે છે કે, 'આપ તો મહાપ્રતાપી છો, આપના સંકલ્પે આ સૌનું કલ્યાણ થઈ રહ્યું છે દયાળુ ! આપની આજ્ઞામાં અમે વર્તી લઈએ, આપનાં સંબંધવાળાં સૌનો મહિમા સમજીએ.' આ બધી પ્રાર્થનાઓ શાસ્ત્રીજી મહારાજ સમક્ષ યોગીબાપાએ કરી.

સાહેબદાદાના મુખેથી વારંવાર આ પ્રાર્થનાઓ સાંભળી છે. જ્યારે સાહેબદાદા આવી પ્રાર્થના કરે છે ત્યારે અમારા મનમાં પણ એવા સંકલ્પો થાય છે કે, હે દાદા ! અમારે પણ એ રીતે આ સંબંધવાળાં સર્વને એવાં મોટાં માનવાં છે, જે રીતે મોટા માનીને આપ જીવો છો. ભજનની પંક્તિ જ્યારે ગવાય, 'મારા અનંત ગુના માફ કરી, મારો ચૈતન્ય ચોકો સાફ કરી, મારા આત્મમંદિરની મૂરતિ બની બિરાજી ગયો તું કૃપા કરી.' આની આપણને અંતરમાં પ્રતીતિ થાય છે. આપણા દેહભાવ તો કેટલા બધા આપણને પજવી ગયા છે ! હઠ, માન, ઈર્ષ્યાના ભાવો કેટલા બધા આપણને પ્રબળ હતા અને જે આપણને દુઃખી કરી ગયા છે ! પણ, આ દિવ્ય પુરુષે માળા કરીને, સંકલ્પ કરીને આપણાં હૃદયને નિર્મળ ને પવિત્ર બનાવ્યાં છે. આવું જ્યારે બોલીએ છીએ કે, નિર્મળ ને પવિત્ર એમણે કર્યાં છે ત્યારે આપણાં સૌનાં હૃદયમાં એ પ્રતીતિ છે. સ્વભાવ એવાં નહોતા, સમર્પિત થઈએ એવા આપણે નહોતાં, જૂનાં પાસ લઈને આપણે આવ્યા હતા, જ્યાં જન્મ લીધો એ વાતાવરણમાંથી ઘણું બધું લઈને આવ્યાં હતાં. પણ આ દિવ્ય પુરુષ એવા સમર્થ હતા.

'તમે સંકલ્પ ના કરો એ તમારી ખોટ, પૂરા ના કરીએ એ અમારી ખોટ.' એ યોગીબાપાના આશીર્વાદ ! એમણે શા સંકલ્પ કર્યા ? મોટાં મોટાં મંદિરો થાય અને એને સોનાના કળશ ચઢે, એ સંકલ્પ તો ખરા જ; પણ એના કરતાંય વિશેષ જે સંબંધમાં આવ્યા છે, જે મહારાજ અને સ્વામીના છે, જે શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજના છે, એ સર્વ ચૈતન્યોનાં હૃદયમાં કળશ ચઢી જાય. એ કળશ સુહૃદભાવના, એ કળશ આત્મીયતાના, એ કળશ પ્રેમના, એ કળશ ઉપાસનાની દઢતાના ! ઉપાસના સમજાઈ જાય એના કળશ ! એ ચઢાવવાના સંકલ્પ પણ એમણે કર્યા. આપણે જોઈએ છીએ કે એવા કેટલાય પ્રસંગો છે.

એમણે આ નિર્માણમાં બધાંના સંકલ્પો, બધાંના સમર્પણો સ્વીકાર્યાં છે. અમેરિકાના ભક્તો સાહેબને એમ કહે કે, 'સાહેબ, આટલાં પાંચ-પાંચ, છ-છ મંદિર તમે શિખરબદ્ધ કળશવાળાં કર્યાં, બ્રહ્મજ્યોતિમાં નથી.' આ સંકલ્પ એમણે ઝીલ્યો. એ સંકલ્પ ઝીલ્યો એટલે મંદિર કરવાનો સંકલ્પ તો ચોક્કસ ઝીલ્યો, પણ એની સાથે સાથે જે કોઈ નાની-મોટી સેવા કરે, આશીર્વાદ આપતા એમ પણ બોલ્યા, 'આ મંદિરમાં એક રૂપિયાની સેવા કરશે એનું પણ કલ્યાણ કરવું છે.' અને આજે જોઈએ છીએ, કેટલાં બધાંને સંબંધ આપ્યો છે ! પસ્તી માંગવા દીકરીઓ ગઈ, અને જ્યાંથી પસ્તી ના મળે ત્યાં આગળ માન-અપમાન બધું સહન કરીને, બે હાથ જોડીને, વંદન કરીને ત્યાંથી નીકળે ને કોઈનું મન પરિવર્તન થાય ને પાછાં બોલાવે ને તેને આપે, આ કલ્યાણ !

દીપ્તિ દીકરી સાહેબ પાસે આવીને પોતાનું બૅન્કનું આખું લૉકર સાહેબના ચરણોમાં મૂકી જાય. ગણ્યું નહીં, જોયું નહીં કે અંદર શું છે ? સાહેબદાદા કહે, 'બેટા, તારાં ઘરેણાં તું લઈ આવી તે તારે આમાંથી કશું પહેરવું નથી?' ત્યારે કહે, 'દાદા હું નથી પહેરતી.' તો સાહેબ કહે, 'ના બેટા, કોઈ સારો પ્રસંગ

હોયને તો પહેરવું જોઈએ.' એમ કહીને સાહેબે એને કેટલું બધું તો પાછું આપી દીધું, આ ગુરુદેવ છે.

એમના સંકલ્પ જબરજસ્ત કામ કરે છે. એ સંકલ્પમાં જેટલાં જેટલાં દેહથી, મનથી સમર્પિત થયાં, બુદ્ધિનાં સમર્પણ પણ કર્યાં; એક નાનું વચન હોય કે, 'આ કરો' અને એ પ્રમાણે કરવા માટે સતત અનુસંધાન રાખીને એકેએક સાધક, એકેએક ભક્ત, એકેએક સંબંધવાળાં ચૈતન્યો એની પાછળ મંડી પડ્યાં, તો સર્વનાં હૃદય, જે યોગીબાપાએ સાહેબજીને આશીર્વાદ આપ્યા હતા કે, 'તમારાં હૃદય ભગવાં કરવાં છે, તમારાં કપડાં નહીં.' એ આપણાં સૌનાં હૃદયો ભગવાં કરી રહ્યા છે. કેટલાંયનાં હૃદય ભગવાં થયાં છે અને ભગવાનનું સુખ આપણે લઈએ છીએ એ એમની કૃપા છે !

આવા દિવ્ય પુરુષ આપણાં જીવનમાં આવે એ આપણે મહાભાગ્ય સમજીએ ! દરરોજ પ્રાર્થના એ જ થતી હોય છે, હે દયાળુ! હે મહારાજ ! આપ બ્રહ્માંડમાં પધાર્યા છો, યોગીબાપા અમારા માટે જ બ્રહ્માંડમાં પધાર્યા હતા, દિવ્ય સ્વરૂપો અમારા માટે જ આ બ્રહ્માંડમાં પધાર્યાં, સાહેબદાદા પણ એ માટે જ આવ્યા છે, અને એમણે અમારો હાથ પકડ્યો છે, એમણે સ્વીકાર્યા છે. અમારા દોષ ટળી રહ્યા છે એની અનુભૂતિ થાય છે, સર્વના દોષ ટળી રહ્યા છે એની અનુભૂતિ, એનાં દર્શન થાય છે.

એક દશ વર્ષનો છોકરો, વર્ષો પહેલાં ગણેશપુરીની એક શિબિરમાં, સાહેબદાદા બેઠા છે. કાકાજી બેઠા છે ત્યાં આગળ આવીને પ્રવચન કરી જાય છે. સાહેબદાદાની એની ઉપર દૃષ્ટિ પડે છે. આ મોટા પુરુષો તો ચૈતન્યને, આત્માને ઓળખે, પોતાનો કરે છે. દૃષ્ટિ પડ્યા પછી એ ચૈતન્યને સાધનાપંથે આગળ ચલાવે છે, પ્રસંગો ગમે એવા આવ્યા છે – દુઃખદ પ્રસંગો ને સુખદ પ્રસંગો બધા પ્રસંગોમાં કેવળ ભગવાનનું કર્તાપણું માનીને એ ચૈતન્ય જીવે છે અને પોતાનું સમગ્ર સમર્પિત કરે છે. એવું દિવ્ય દર્શન આપણે મનોજદાસજીના જીવનથી જોયું છે. જેને 'સ્વ'ના ભાવનું જાણપણું નથી. જેને કશી જ મોટપ જોઈતી નથી. 'અક્ષરં અહં પ્રગટ પુરુષોત્તમસ્વરૂપસ્ય દાસોઽસ્મિ' મારે જીવનની પ્રતિપળ જીવવું છે. આજુ-બાજુ કોઈ નાનાં-મોટાં નથી, બધાં જ પ્રભુના સંબંધવાળાં ચૈતન્યો છે. બહુ મોટાં છે. એ લૌકિક દૃષ્ટિએ તો બહુ ઊંચું સ્થાન ધરાવે છે. પણ સત્સંગમાં, અહીંયાં જ્યારે સેવામાં હોય છે ત્યારે નાનાં-મોટાં બધાં જ સૂચનને ભગવાનના ભાવથી, સાહેબદાદા બોલી રહ્યા છે એવા ભાવથી સ્વીકારે છે ત્યારે એ એમના હૃદયમંદિરના કળશ ચઢ્યા એમ આપણે માનીએ છીએ.

હે સાહેબદાદા ! આપે જે નિર્માણ આદર્યું, પૂર્ણ કર્યું, કળશ ચઢે એટલે મંદિર નિર્માણ પૂરું થયું. પણ આપે અમને સૌને સ્વીકાર્યાં છે, દયાળુ ! અમારાં મંદિર રચવા માટે, મંદિરનાં નિર્માણ માટે, અમારાં હૃદયમાં પ્રભુ પધરાવવા માટે ચોક્કસપણે એમ આજે અનુભૂતિ થાય છે કે, આપે અમ સૌનાં હૃદયમાં પ્રભુ તો પધરાવ્યા છે, સંપૂર્ણ રીતે અમે તમારી આજ્ઞામાં નથી જીવ્યા એવું અમે પણ અંતરદૃષ્ટિ કરીએ છીએ ત્યારે જોઈએ છીએ, સમજીએ છીએ, વિચારીએ છીએ. પણ આપ તો એવા ઉદાર છો, દયાળુ છો તો અમારા એ ગુના સામે આપે કદી જોયું નથી. અને કેવળ અમને શુદ્ધ, પવિત્ર, નિર્મળ થાવ, સાધુ થાવ એવા જ આશીર્વાદ સદાય આપ્યા છે. તો પરિણામે આજે આ સમગ્ર સમાજ એ અક્ષરધામનો સમાજ છે, એ દિવ્ય સમાજ છે, એ આપની કૃપાથી નિર્માણ પામેલો સમાજ છે. આ બધાં ચૈતન્યો છે એ માયા પારનાં છે. કેટલાય જન્મોથી આપના સંબંધમાં આવેલાં ચૈતન્યો છે, એ સર્વને વિશે જે દિવ્યભાવ, મહિમાનો ભાવ, દાસત્વભાવ અમારે દૃઢ કરવો છે એવા સંકલ્પો કરીએ છીએ. આપ દયાળુ એ સંકલ્પો જરૂર પૂરા કરજો.

યોગીબાપાએ કહ્યું, 'આપ સંકલ્પ ના કરો એ તમારી ખોટ ને પૂરા ના કરીએ એ અમારી ખોટ.' આ શબ્દો આપ તો પ્રતિપળ જીવો છો. ચૈતન્યો માટે હંમેશાં તમે એવા સંકલ્પો કર્યા છે એટલે તો અમે સુખિયાં છીએ. બસ, તમારી મૂર્તિ અખંડ અમારાં ચક્ષુ સમક્ષ રહે. તમે જે જ્ઞાનના શબ્દો અમને આપ્યા છે એ જીવવા માટે સતત અમારા સંકલ્પ રહે ને અમારો પરિશ્રમ પણ એ દિશામાં જ રહે. આસપાસના મુક્તોમાં જેમ પ્રતિપળ આપ પ્રભુ જુઓ છો, આપ મારા યોગીનું સ્વરૂપ છે એવું આપ માનો છો. અમારે પણ આસપાસ વિહરતાં સર્વ ચૈતન્યોમાં આપ જ સાક્ષાત્ વિહરો છો, વિચરો છો, સર્વના પ્રેરક-પ્રવર્તક આપ જ છો; એ કેવળ શબ્દો ના રહે. દયાળુ ! એ અમારું પ્રતિપળ જીવન બને એવા ભાવથી જીવીને આપને પ્રસન્ન કરતાં રહીએ. આપ પ્રસન્ન તો યોગીબાપા રાજી ! યોગીબાપા – શાસ્ત્રીજી મહારાજ રાજી ! તો મહારાજ ને સ્વામી પણ રાજી રાજી ને રાજી ! અખંડ અમે એવા રાજી કરતા, સદાય સેવા-ભક્તિ કરતાં રહીએ, અહોહોભાવે કરીએ, મહિમાથી કરીએ, આપને દિવ્ય માનીને કરીએ, આપનાં વચને કરીએ, આપના સંતોનાં વચને કરીએ, તો જરૂર અમારું હૃદય નિર્મળ, પવિત્ર થઈ જશે. અમારા હૃદયમાં મૂર્તિ બિરાજી છે એની ઉપર શિખર પર કળશ ચઢી જશે. એવી ભાવના સાથે, પ્રાર્થના સાથે, આપ ચઢાવી દો, એવા સંકલ્પ સાથે જય સ્વામિનારાયણ ! ◆





~ સદ્‌ગુરુ પરમ પૂજ્ય અશ્વિનદાદા

અનાદિ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીજી મહાદીક્ષા માહાત્મ્યપર્વ
બ્રહ્મજ્યોતિ મોગરી,
શનિવાર, પોષ શુક્લ ત્રયોદશી, ૧૫.૦૧.૨૦૨૨

**ઉપાસનાના** સનાતન સિદ્ધાંતની વાત જ્યારે થઈ રહી છે અને ગુણાતીતાનંદ સ્વામીનો દીક્ષા મહોત્સવ પણ ઊજવી રહ્યા છીએ ત્યારે, ભગવાન શ્રી સ્વામિનારાયણે 'વચનામૃત'માં પાને પાને ભગવાન અને સંતનો મહિમા કહ્યો છે. સાથે સાથે એટલી સ્પષ્ટતા પણ કરી છે કે, ભગવાન કોઈ થયો નથી ને થઈ શકે એમ નથી. પણ જો ઉપાસનાની વાતને સાચી અને સારી રીતે સમજ્યા હોઈએ અને ગુણાતીત સાધુનું જો માર્ગદર્શન મળે તો ભગવાનના થઈને જીવી શકાય છે એવી શક્યતા બાઈ-ભાઈ સર્વને માટે શક્ય બનાવી છે.

ભગવાન જેનામાં અખંડ નિવાસ કરીને રહ્યા છે તેવા સાધુની આપણે વાત કરીએ છીએ. ગુરુહરિ સાહેબદાદા આ વાત આપણે સમજી શકીએ એટલે એમ કહે છે કે, જેમ અત્યારે કેટલાક ઍરિયામાં ડેવલોપમેન્ટ થાય છે, સોસાયટીઓ બંધાય છે ત્યારે એક મૉડેલ હાઉસ તૈયાર થાય છે. પોતાનું ઘર કરવાની ઈચ્છા રાખતા ગૃહસ્થ એ ઘરને જોઈને કલ્પના કરે છે, આશા કરે છે કે, જો આવી સુવિધાઓપૂર્ણ મકાન તૈયાર કરીને આ કૉન્ટ્રાક્ટર આપણને આપતા હોય તો આપણે આ સ્કીમમાં નામ નોંધાવીએ.

ગુરુહરિ સાહેબદાદાની એક વિશેષતા છે કે તેઓ ગહન જ્ઞાનની વાત પણ એવાં સરળ દૃષ્ટાંતો મારફતે ચાલુ વર્તમાનકાળના પ્રવાહ સાથે જોડીને, સમજી શકાય એવી રીતે આપણી સમક્ષ મૂકે છે. મૉડેલ હાઉસ જોવાથી ખબર પડે કે, આ સોસાયટીમાં કેવાં મકાનો બનશે, કેવા એના રૂમ્સ હશે અને કેવી એમાં સુવિધાઓ હશે. એમ, ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ જેમના દ્વારા તેઓ આ સૃષ્ટિ ઉપર મનુષ્યકલ્યાણને અર્થે સદાય વિચરતા રહેવાના છે, એ સાધુનું મૉડેલ તૈયાર કર્યું, જેને આપણે ગુણાતીતાનંદ સ્વામી તરીકે ઓળખીએ છીએ. 'ગુણાતીત' એક ભાવ છે, એક સ્થિતિ છે, ત્રણ પ્રકારના ગુણોથી ઉપરની એક અવસ્થા છે.

અનેક ભક્તોએ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજને એવી ગુણાતીત સ્થિતિમાં ચોવીસે કલાક જીવનપર્યંત જીવતા જોયા છે, દર્શન કર્યાં છે. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે એમ કહ્યું કે, 'મુનિ વેદવ્યાસજી ભાગવતમાં સાધુનાં ૬૪ લક્ષણનું વર્ણન લખી ગયા છે, એમાં કદાચ કોઈ ગુણ લખવાનો રહી ગયા કે ચૂકી ગયા હોય તો એ ગુણોનું દર્શન જોગીમાં થાય, એવા આ જોગી ગુણાતીત સાધુ છે. અમારી પેઢીના સંતો-સાધકોનું સદ્‌ભાગ્ય છે કે, સદેહે, વિચરતા એવા પ્રભુને ધારણ કરેલા સાધુસ્વરૂપનો સ્નેહ, પ્રેમ, કૃપા અને આશીર્વાદને કારણે આપણો આજનો વર્તમાન સુશક્ય બન્યો છે.

સાદી ભાષામાં વાત કરીએ તો ગુણાતીતાનંદ સ્વામીના પેંગડામાં પગ મૂકી શકાય એવી આપણી હેસિયત નથી કે એમનું શબ્દોના માધ્યમથી વર્ણન કરી શકીએ એમ નથી. પણ એમની જે સ્થિતિ, રીતિ, નીતિ; એવા ગુરુ મળવા એ જ મનુષ્ય જીવનનું સૌથી મોટામાં મોટું સદ્‌ભાગ્ય છે ! અને તો પછી જીવનને ધન્ય બનાવવાની વાત આવે છે.

ગુણાતીતાનંદ સ્વામીના જીવનનો એક પ્રસંગ આપણે સર્વે જાણીએ છીએ, જૂનાગઢ મંદિરને તોડી નાખવા માટે રંગીલદાસ લશ્કર લઈને આવે છે. મંદિરના કાર્યકર્તાઓ, નાના સાધુઓ થોડી થોડીવારે આવીને ગુણાતાતીનંદ સ્વામીને સમાચાર આપે છે કે, રંગીલદાસ લશ્કર સાથે નિકળ્યા છે અને આટલે પહોંચ્યા છે. ગુણાતીત સ્થિતિ અને જેને આપણે 'મહારાજ જેમનામાં અખંડ રહ્યા છે એવા સાધુની સ્થિતિ' અને એમની નજર, એમની સ્મૃતિ, એમનું અનુસંધાન કેવળ મહારાજ જ છે, તો એમની જે સમતા, જે સ્થિરતા, જે બ્રહ્મસમાધિનો ભાવ કે, તેઓ બિલકુલ મૂર્તિમાંથી બિલકુલ ચ્યુત થયા વગર સભામંડપમાં પોતાના સ્થાન ઉપર અચ્યુત રહ્યા.

ગુણાતીતાનંદ સ્વામીએ જંગલનાં લાકડાં વીણી વીણીને, પસંદ કરીને જૂનાગઢ મંદિરમાં સાધુઓના રહેઠાણ માટે લાકડાની હવેલી એવી અદ્‌ભુત બનાવી કે, લોકો એ હવેલીનાં દર્શન કરવા માટે આવતા. કેટલું મમત્વ રાખીને, ઍટેચમેન્ટ રાખીને, કેટલી કાળજીથી ઠાકોરજીનો એક પૈસો પણ ખોટી રીતે વેડફાય નહિ, વપરાય નહિ એવી ચીવટ રાખીને જેમણે

ચાલીસ વર્ષ સુધી મંદિરનો વહીવટ કર્યો એ સાધુ, આચાર્ય મહારાજની આજ્ઞા આવતાંની સાથે ખીંટીએ ટીંગાડેલી પોતાની પૂજા, જમવાનું પાત્ર અને બે વસ્ત્રો સાથે લઈને ઘડીના છઠ્ઠા ભાગમાં મંદિરના દરવાજાની બહાર પોતાના સેવકો સાથે પગ મૂકે છે. આ એક્સ્ટર્નલી ઍટેચ અને ઈન્ટર્નલી ડિટેચ !

હું કેવળ એક માત્ર મારા પ્રભુ સાથે જ જોડાયેલો, બંધાયેલો, એ સિવાય કોઈ પણ સ્થાન સાથે, કોઈ પણ વ્યક્તિ સાથે, કોઈ પણ વિચાર સાથે ક્યાંય પણ બંધાયેલો નહિ; એવી ગુણાતીત સ્થિતિનું વર્ણન કરવા માટે શબ્દો ઓછા પડે. પણ એક જીવંત દૃષ્ટાંત, એક આદર્શ, એક મૉડેલ હાઉસ ભગવાન શ્રી સ્વામિનારાયણે કૃપા કરીને આપણને ગુણાતીતાનંદ સ્વામી સ્વરૂપે આપ્યું અને એવા સાધુમાં ભગવાન અખંડ નિવાસ કરીને રહે તે વાત 'વચનામૃત'માં કહીને આપણને સાધુનો મહિમા પણ સમજાવ્યો છે. ગુણાતીત દીક્ષાદિન એટલે સાધુનો મહિમા સમજવાનો દિન ! જેને જે ગુણાતીત સાધુ મળ્યા હોય, તેના મહિમાની વાતો કરે. માત્ર વાતો કરે નહિ, પણ એ વાતોને જીવનના આચરણમાં લાવવા માટે હૃદયસ્થ કરે.

અમૅરિકાના ભક્તો અને સંતોએ જે સત્સંગ કર્યો, સ્વાધ્યાય કર્યો એના પરિણામે ગુરુહરિ સાહેબદાદાએ રાજી થઈને જ્યારે ઍલનટાઉન, યુ.એસ.એ.માં સુંદર મોટા મંદિરનું આયોજન કર્યું ત્યારે એક ભક્ત ગુરુહરિ સાહેબદાદાને પૂછે છે કે, 'તમે ઍલનટાઉનમાં મંદિર કરવા માટે જગ્યા પસંદ કરી છે, તો ઍલેનટાઉનમાં તમારા ભક્તો કેટલા છે ?' ત્યારે ગુરુહરિ સાહેબદાદા સહજતાથી એ હરિભક્તને સંતોષ થાય એવો જવાબ આપે છે કે, 'ઠાકોરજીની ઈચ્છા છે કે, એમને અહીંયાં બેસવું છે એટલે અહીંયાં મંદિર થઈ રહ્યું છે.' શ્રી હરિની ઈચ્છા છે અને એમને અહીંયાં બેસવું છે, માટે આ સ્થળ એમણે જ પસંદ કર્યું છે. એમની પસંદગી છે, તો અમારે તો એ માટેની સેવા ને ભક્તિ અદા કરવી એ અમારું ભક્તપણું છે. ‘મારે કશું કરવું છે, મારી કશી ઈચ્છા છે, મારે કશું જોઈએ છે’ ભગવાન જેનામાં અખંડ નિવાસ કરીને રહે છે એ સાધુની એ પરિભાષા નથી. એ મારી-તમારી-આપણી પરિભાષા છે. આપણને આપણી અનુકૂળતા, આપણી ઈચ્છા, આપણો સંકલ્પ મનમાં રમ્યા કરે, જ્યારે ભગવાન અખંડ નિવાસ કરીને રહે એવા ગુણાતીત સાધુનું અખંડ અનુસંધાન ભગવાન તરફ છે.

‘મારા પ્રભુ !’ આપણે અનુયાયીઓએ, સાધકોએ અને સંતોએ એક વાત એમાં વધારાની ઉમેરી, જે છે ‘મારા ગુરુ ! ગુણાતીત ગુરુ !’ મારા પ્રભુ, મારા ગુરુ એમનું અખંડ અનુસંધાન રાખીને જીવવા માટેની જેની જેની કોશિશ હોય, તેના હૈયામાં પ્રભુ દિન પ્રતિદિન પ્રકાશ કરતા જાય છે. ધ્યાનમૂલં ગુરુર્મૂર્તિઃ, પૂજામૂલં ગુરુર્પદમ્ । મંત્રમૂલં ગુરુર્વાક્યં, મોક્ષ મૂલં ગુરુર્કૃપા ॥ ગુરુની કૃપા થાય તો શું થાય ? એ શાસ્ત્રોએ વર્ણવ્યું છે.

ગુણાતીતાનંદ સ્વામીની, ભગતજી મહારાજની, શાસ્ત્રીજી મહારાજની વાત કરીએ, શાસ્ત્રોમાં લખાયેલી-વર્ણવેલી વાત કરીએ પણ પ્રત્યક્ષ મને-તમને એનો અનુભવ નથી. પણ એ આપણું ભાથું છે, આધાર છે, આપણો ઈતિહાસ છે, આપણી ખાનદાની છે. પણ જેને સદેહે વિચરતા આપણે જોયા છે એવા ગુણાતીત ગુરુ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની ગુણાતીત સ્થિતિ એટલે દાસત્વ ભક્તિ ! યોગીજી મહારાજને, 'તમે આવી બ્રાહ્મીસ્થિતિ કેવી રીતે પ્રાપ્ત કરી?' એવો પ્રશ્ન જ્યારે પૂછવામાં આવ્યો ત્યારે એમનો જવાબ છે, 'હું તો વાસણ ઉટકીને મોટો થયો.' વાસણ ઉટકવાથી બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત થાય એટલે કે બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થાય. બ્રહ્મજ્ઞાન એટલે 'હું અક્ષર છું, આત્મા છું, મારે વિશે પરમાત્મા પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ સદાય બિરાજમાન છે.' સાધુ કદી પોતાને ભગવાન માનતો નથી, મનાવતો નથી. સાધુ એ સાધુ છે અને સાધુતાની પદવી જ સૌથી મોટી છે.

યોગીજીમહારાજ જો એમ કહે કે, ‘હું ને મહાનત સ્વામી ખાંભળામાં ઝોળી માંગતા ત્યારે માંડ દશ શેર અનાજ આવતું, ને ત્યારે સારંગપુરની તાવડી ચાલતી, એના તો શું સ્વાગત હોય ? એના તો શું સન્માન હોય?’ આ સાધુતાની પરાકાષ્ઠા છે ! આ નજર સમક્ષ રાખીને જીવવાનો આપણો પ્રયત્ન છે.

ગુણાતીતાનંદ સ્વામી કે જેને બીજા કોઈની ઉપમા અપાય નહિ, બીજા કોઈની સાથે સરખામણી થાય નહિ, એવા અનુપમ અદ્વિતીય એક માત્ર સાધુતાના શિરમોર સમા મૉડેલ હાઉસ ભગવાન શ્રી સ્વામિનારાયણે આપીને આપણને ઉપાસનાની શુદ્ધ સ્પષ્ટતા ને પરંપરા સમજાવી છે.

‘શ્રી અક્ષરપુરુષોત્તમ છાત્રાલય’ જે એનું મૂળ નામ ને અત્યારે ‘શ્રી સ્વામિનારાયણ છાત્રાલય’ તરીકે ઓળખાય છે એ છાત્રાલય જ્યારે ૧૯૬૪-૬૫માં બંધાયું ત્યારે ‘શ્રી અક્ષરપુરુષોત્તમ યુવક મંડળ’ના પ્રમુખ 'જશુભાઈ'-જશભાઈ શંકરભાઈ પટેલ હતા અને મંત્રી શાંતિલાલ ફુલાભાઈ પટેલ હતા. યોગીબાપાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જેમ હૉસ્ટેલમાં મંદિર કરવાનું કહ્યું, અને એ આજ્ઞાનું પાલન કરીને જ્યારે યુવાન વિદ્યાર્થીમિત્રો આગળ વધ્યા, ત્યારે બીજું કામ આપ્યું કે, હવે આપણે આપણું છાત્રાલય બાંધવું છે.

છાત્રાલય નિર્માણની જવાબદારી ત્યારે યોગીબાપાએ કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને, કે જેમને આ કાર્યનો, આ ક્ષેત્રનો કોઈ પ્રકારનો અનુભવ જ હતો નહિ, તેમને સોંપી. બાંધકામ સમયે એક વખત શાંતિદાદા અને હર્ષદદાદાએ સાહેબદાદા સમક્ષ એક પ્રસ્તાવ મૂક્યો કે, 'છાત્રાલયના મકાનની આગળ પ્રવેશનાં જે પગથિયાં છે ત્યાં આગળ એક ચોક બનાવીએ તો વિદ્યાર્થી પ્રવૃત્તિના અનેક પ્રકારના કાર્યક્રમો માટે કાયમ માટેનું સ્ટેજ થઈ જાય. ત્યારે સાહેબ પોતે પણ એમ કહે છે કે, 'મને પણ એ વિચાર ગમ્યો.'

જો કે, છેલ્લાં પચાસ વર્ષથી સાહેબદાદાના સહવાસમાં જે અનુભવ થયો છે, તેઓની ગુણાતીત અવસ્થાની એક સ્થિતિનું દર્શન થયું છે કે, કોઈ પણ મુક્તનું, કોઈ પણ ભક્તનું, કોઈ પણ નાના સાધકનું કાંઈ પણ સૂચન આવે તો એનામાં રહીને મારા ગુરુદેવ યોગીજી મહારાજ બોલી રહ્યા છે અને મહારાજ જ એનામાં પ્રવેશ કરીને બોલાવી રહ્યા છે; આ ભાવથી એમણે સહજ સ્વીકાર કર્યો છે.

યોગીબાપા છાત્રાલય નિર્માણ વખતે સહજ સહજમાં બોલેલા, આજ્ઞા કરેલી કે, 'છાત્રાલય બાંધકામમાં મણિભાઈ જીવાભાઈને સાથે રાખી, આગળ રાખીને કામ કરજો.' મણિભાઈ જીવાભાઈ પટેલ એ આણંદ સત્સંગમંડળના, ચરોતર વિભાગના પ્રમુખ હતા, એકાંતિક સ્થિતિના ભક્તરાજ હતા. તમે જુઓ, શબ્દ પકડી લેવો, વચન ઝીલી લેવું, 'મંત્રમૂલં ગુરુર્વાક્યં' એને સાકાર કરવા માટે બહુ જ જાગ્રત રહેવું પડે છે, સજાગ રહેવું પડે છે. વેણ વેડફાઈ ન જાય અને અદ્ધર ઝીલાઈ જાય એ શિષ્યની ગુરુભક્તિ છે ! અને એવું શિષ્યત્વ આપણે દીપાવવાનો રૂડો સંકલ્પ આ દીક્ષાદિને કરવાનો છે, શિષ્ય થવાની દીક્ષા લેવાની છે.

યોગીબાપાને તો સંપ, સુહૃદભાવ ને એકતા, અને પાંચ જણાએ મળીને કામ કરવું એ એમનું જીવનસૂત્ર, એ એમનો આધ્યાત્મિક સંદેશ ! આ વાત ગુરુહરિ સાહેબદાદાએ પકડી લીધેલી એટલે એમણે શાંતિદાદા અને હર્ષદદાદાને સમજાવ્યા ને કહ્યું કે, 'આપણે મણિકાકાને વાત કરીશું.'

આમ જોવા જઈએ તો એ જ સર્વેસર્વા હતા. સાઈટ ઉપર રાત્રે ને દિવસે એ જ ઊભા રહેતા હતા. અને જે દીવાલ જ્યાં કરવી હોય ત્યાં કૉન્ટ્રાક્ટરને સૂચના આપીને કરાવી શકે એમ પણ હતા. પણ યોગીબાપાનું વચન કે, 'મણિભાઈને સાથે રાખીને, આગળ રાખીને કામ કરવું.' એટલે મણિકાકા છાત્રાલય સાઈટ ઉપર વિઝિટ ઉપર આવ્યા ત્યારે આ પ્રસ્તાવ મૂક્યો. મણિકાકાએ એમની વ્યવહાર કુશળતા, કરકસરતા અને યોગીબાપાએ ઉદ્‌ઘાટનની તારીખ અગાઉથી આપી દીધી હતી એટલે ઝટ કામ પૂરું કરવાની ભાવનાના કારણે આ પ્રસ્તાવ સ્વીકાર્યો નહિ. અને જે રીતે પગથિયાં કરવાનાં હતાં એ રીતે પગથિયાં થયાં.

જો કે એવું કહી શક્યા હોત કે, 'ભાઈ, અમારે રહેવાનું, અમારે કાર્યક્રમો કરવાના, અમારી સગવડ માટે અમે આવું વિચાર્યું છે એમાં ખોટું શું છે ?' અને એનાથી વિશેષ સાહેબદાદાએ ગામેગામ આખો દિવસ દાદુકાકાની સાથે ફરીને જે ફંડ ભેગું કર્યું હોય, એ વાપરવાનો અધિકાર કે અમે કર્યું છે; આવું કાંઈ આગળ લાવ્યા વગર, જે ના પાડનાર છે એમના વિશે પણ ભાવફેર કર્યો નહિ. એમનામાં રહીને મારા ગુરુદેવ યોગીજી મહારાજ જ બોલી રહ્યા છે, એ રીતે સ્વીકાર કરીને એકલા ગુરુહરિ સાહેબદાદા નહિ, શાંતિદાદા અને હર્ષદદાદા પણ કટ્ટ વળી ગયા. યોગીજી મહારાજ આ શીખવાડી ગયા ! યોગીબાપા તરફ જો નજર હતી અને એમને જ રાજી કરવાનો એક માત્ર ભાવ હતો તો આ શક્ય થયું.

આપણે ગમે એટલા વેગમાં હોઈએ, પણ કોઈ વાળે તો કટ્ટ વળી જવું. વાંચ્યું, સાંભળ્યું, ગોખ્યું, યાદ રાખ્યું અને જીવન આચરણમાં લાવવું. તો શું થયું ? હૉસ્ટેલમાં મંદિર કર્યું, છાત્રાલય કર્યું, છાત્રાલય છોડ્યું. પણ એક જ અનુસંધાન ! બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની મૂર્તિને સતત નજર સમક્ષ રાખીને, જ્યાં જેની સાથે, જે સમયે, જે રીતે મૂક્યા, ત્યાં એ જ પ્રભુના સ્વરૂપને હૃદયસ્થ રાખીને મન, કર્મ, વચનથી, પોતાના ભાગે જે કાંઈ પણ સેવા આવી એ બજાવી લેવાનું, જીવન ઉજાળવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું, એનો આ શાસ્ત્રોક્ત સિદ્ધાંત છે.

મને એક વખત એક સાધકે સાધના વિશે બહુ જ્ઞાનની વાતનો પ્રશ્ન પૂછ્યો ને બ્રાહ્મીસ્થિતિ સુધી આજે ને આજે જ પહોંચી જવું છે એવી ઉત્સુકતાથી વાર્તાલાપ કર્યો. મેં કહ્યું, 'જો ભાઈ, આ વર્ણવી શકાય એવી વાત નથી. પણ તમારી પાસે ગાડી છે, ડ્રાઈવીંગ લાઈસન્સ છે, ઘોર અંધારી રાત ભલે હોય, પણ તમે તમારી ગાડી સ્ટાર્ટ કરો એટલે ગાડીની લાઈટના પ્રકાશથી વધારે નહિ તો દસ ફૂટનો રસ્તો તો તમને દેખાશે. તમે અથડાશો નહિ, ટીચાશો નહિ, કોઈને કચડશો નહિ, એવી ખાતરી ને વિશ્વાસ સાથે તમે દસ ફૂટ ગાડી આગળ ચલાવો. જેમ જેમ ગાડી આગળ વધતી જશે તેમ તેમ એનો પ્રકાશ પણ આગળ ને આગળ વધતો જશે. હમણાં ને હમણાં છેક સુધીનો રસ્તો અજવાળી દેવો એ શક્ય નથી. એમ જીવવાની વાત છે. જીવવા માંડો એટલે ધીરે ધીરે આ ગુણાતીત જ્ઞાનની બારાખડી સમજાતી જશે, ઘુંટાતી જશે અને જીવનસ્થ થતી જશે.

બહુ અગત્યની બાબત છે કે, આપણા રોજિંદા જીવન-આચરણમાં આ વાત આવવી જોઈએ. સંતો વારંવાર આ જ પ્રાર્થના કરે છે. એવું જીવંત મૂર્તિમાન સ્વરૂપ જેનો મહિમા આપણે વારંવાર ગાઈએ છીએ, એ આપણી નજર સમક્ષ જ છે. ગુરુહરિ સાહેબદાદાનું જીવન અને એમના સ્વમુખે એમના જીવનની અનેક વાતો, અનેક વખત આપણે સાંભળી છે. એ જ આપણને બળ પૂરનારી છે, પ્રેરણા આપનારી છે, પ્રકાશ કરનારી છે.

ભગતજી મહારાજનું અદ્‌ભુત દૃષ્ટાંત છે. જેમણે ગુણાતીત ગુરુના શિષ્ય તરીકે શિષ્યત્વને દીપાવ્યું છે. 'માંગો માંગો ભગતજી આજ.' દર હોળી ઉપર આપણે ગાઈએ છીએ. ત્યારે તેઓ જે માંગે છે, એ આપણો આદર્શ છે. જ્યારે આવા ગુણાતીત ગુરુ આપણને મળ્યા હોય તો શું માંગવું ? એ ભગતજી મહારાજે આપણને શીખવાડ્યું છે. આ આપણી ખાનદાની છે, આપણો વારસો છે. આ પુરુષોએ કોઈ વાત અસ્પષ્ટ રાખી નથી.

એક ઘરભંગ થયેલા ગૃહસ્થ ફરીથી ઘર માંડવાની ઈચ્છાથી ગુણાતીતાનંદ સ્વામી પાસે આવ્યા ને કહે, 'આશીર્વાદ આપો, ફરી સરખું ગોઠવાઈ જાય.' ત્યારે ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે, 'છ મહિના મંદિરમાં રોકાઈને સેવા કરો.' અને એને શું સેવા આપી છે ? તો ગુણાતીતાનંદ સ્વામીના સમયમાં જૂનાગઢમાં ૩૦૦ સાધુઓ હતા. મંદિરની સામે એક વાડી છે, ગૌશાળા છે, ત્યાં એક કૂવો છે. ત્યાં સ્નાન કરવા માટે ૩૦૦ સાધુઓ આવે ત્યારે કૂવામાંથી પાણી સિંચીને ડોલે ડોલે એમને સ્નાન કરાવવાની સેવા આપી. ૩૦૦ સાધુઓને સ્નાન કરાવવા કેટલી બધી ડોલ પાણી સિંચવાનું ? આજ્ઞા તો થઈ, પણ એની સાથે જેમની સેવા આપી છે એમને વિશે જે નિર્દોષબુદ્ધિ રાખવાની, એ પરિવર્તન કરે છે. સાધુઓ વિશે સંપૂર્ણ નિર્દોષભાવ રાખીને, ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાનું અનુસંધાન રાખીને શિયાળો, ઉનાળો ને ચોમાસું બારે મહિના સતત આ એક જ પ્રકારની સેવા કરી. એક દિવસ ગુણાતીતાનંદ સ્વામી સેવકને કહે છે કે, 'પેલા સેવકને બોલાવો, એની મુદત પૂરી થઈ, આશીર્વાદ આપીએ'. અને ત્યારે ગુણાતીતાનંદ સ્વામીને તે કહે છે, 'બાપજી આપની આજ્ઞા પાળી તો મારું જગત ખોટું થઈ ગયું, હવે ઘર માંડવાની વાત ભૂલી ગયો.' ગુણાતીતાનંદ સ્વામી એને દીક્ષા આપીને મંદિરના સાધુ તરીકે સાધુપંક્તિમાં સ્થાન આપે છે. સાધુત્વ પ્રાપ્ત કરવા માટે ગુરુઆજ્ઞા પ્રમાણે, નિર્દોષબુદ્ધિ રાખીને પોતાની આસપાસના મુક્તોની સેવા-પરિચર્યા કરવાથી શું પરિવર્તન થાય છે તેનું આ દર્શન છે. સંત સાથે આત્મબુદ્ધિ ને પ્રીતિ-એ બહુ મહત્વનો મુદ્દો છે. એ હશે તો જ એમનું વચન મનાશે.

'જેને ભગવાન મળ્યા, જેને સાધુ મળ્યા એ છતીદેહે અક્ષરધામમાં જ બેઠો છે.' એ જે ગુણાતીતાનંદ સ્વામીની વાતોના મૂળ સિદ્ધાંત મુજબ આપણે બધા અક્ષરધામમાં જ બેઠા છીએ. હવે અરસપરસ એકબીજાની સાથે અક્ષરધામના મુક્ત સાથે વ્યવહાર અને વાર્તા-વિમર્શ કરતા થઈએ. એટલે મહિમા અને ગુણગાનની વાતો કરતા કદી થાકવું નહીં.

ધ્યાનમૂલં ગુરુર્મૂર્તિઃ, પૂજામૂલં ગુરુર્પદમ્ । મંત્રમૂલં ગુરુર્વાક્યં, મોક્ષ મૂલં ગુરુર્કૃપા ॥ આ વૈદિક સંસ્કારો જેને કંઠસ્થ નહિ, પણ જીવનસ્થ થયા હોય એનું સતત આ જ અનુસંધાન હોય. ગુરુ, કે જેઓ પ્રભુને ધારીને રહ્યા છે, જેનામાં પ્રભુ અખંડ નિવાસ કરીને રહ્યા છે, મારા માટે મારા પ્રભુ જેમના માધ્યમ દ્વારા મને માર્ગદર્શન આપી રહ્યા છે, માર્ગ ચિંધી રહ્યા છે; એ રીતે ગુરુશરણ અને પરમપદ પામવાનો ઉપાસનાનો આ અદ્‌ભુત માર્ગ છે! શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો માર્ગ એટલે પ્રભુના પરમપદ-એમનાં શ્રી ચરણોને પામવાનો માર્ગ ! અને સાધુ એવા મુમુક્ષુ મુક્તને ભગવાનમાં જોડે છે, આ એની સાધુતા છે !

'અમને તો બીજું કાંઈ આવડતું નથી; પણ, જેમ મા બાળકને નવડાવી, ધોવડાવી, સ્વચ્છ કરાવીને પિતાના હાથમાં સોંપીએ છીએ.' એમ, ગુણાતીત મા-સાધુ નવડાવી, ધોવડાવી એટલે કે, બધા સ્વભાવ, પ્રકૃતિ, હઠ, માન, ઈર્ષાના ભાવોથી ઉપર ઉઠાવીને, પ્રભુના શ્રી ચરણોમાં બેસવાને માટે આપણને લાયક બનાવીને, પ્રભુના શ્રી ચરણોમાં બેસવાનું સ્થાન કરી આપે છે; આ મૂળ મુદ્દો છે.

ગુણાતીત દીક્ષાદિન એ ગુણાતીત ગુરુના શિષ્યત્વનો સ્વીકાર કરવાનો, પ્રાર્થના કરવાનો, હૃદયથી સંકલ્પ કરવાનો, જીવન આચરણમાં, વિચારમાં, વાણીમાં, વર્તનમાં લાવીને જાગ્રતતા ને જાણપણું રાખીને વર્તવાનો સંકલ્પ કરવાનો રૂડો દિવસ છે. અને જ્યારે એ થાય ત્યારે પાંચેય ઈન્દ્રિયોના ભાવ પવિત્ર થઈને ગુરુકૃપાથી પ્રભુસન્મુખ બને છે ત્યારે એની ઉપર શિખર ચડી જાય છે અને ધર્મની ધજા ફરકે છે.

ધજા કોઈના નામની ફરકતી નથી, ધર્મની ધજા ફરકે છે. પ્રભુનો જયજયકાર થાય છે. અને 'સ્વામિનારાયણ'નો મંત્ર સમગ્ર વિશ્વમાં ગુંજે છે; એ સનાતન સિદ્ધાંત આપણા સૌનાંય હૃદયને વિશે હૃદયસ્થ થાય તેવી મંગલ પ્રાર્થના સાથે ગુરુહરિ સાહેબદાદાના શ્રી ચરણોમાં સર્વ સંતો, ભક્તો મુક્તોની વિનમ્ર પ્રાર્થના !

જય શ્રી સ્વામિનારાયણ. ◆



Divine Discourses of Sant Bhagwant Sahebji

# Spiritual Essence

**Discourse on Vachanamrut Gadhada Pratham 4: *'Naradji jevi Irsha karvanu'***
**11 April 2019, Brahmajyoti, Mogri**

*Original Discourse in Gujarati Transcreated by : Bhavisha Tailor*

**God** says, keep jealousy, but what kind of jealousy? It is a flaw, but it must be converted into a virtue. To convert someone's mistake into a virtue, is devotion. One can look at a flaw and perceive it as a virtue – it is possible. Similarly one can perceive a virtue as a flaw and sometimes even a virtue can carry out the work of a shortcoming or flaw.

Let us remember, that all of us seated here as well as wherever Santo and devotees are carrying out their *sadhana*[1]; they are all the disciples and followers of God. But God did not come to build mandirs, roads, schools or colleges, or to get everyone together and these are not the reasons for which he has accepted us. He came to raise us from our inclinations of ego, obstinacy, jealousy etc., to get us to live in '*Gunatit-bhav*[2]' and thereby grant us ultimate contentment and joy. It is for this that all the other activities are necessary! Remember this!

If someone sits around completely free and engages in no activity whatsoever, can he attain *gunatit-bhav*? Yes, he can, if he maintains absolute and complete *nirdosh-bhav*[3] and wholeheartedly perceives the virtues in everyone by thinking, 'how great everyone is! What wonderful seva they are doing!' If you want to rise spiritually, then you have to recognise your own flaws and make an effort to overcome them.

Anyone that does seva will come across hurdles or difficulties. Yogi Bapa used to say, 'The person that walks can fall at some point, but for the person that just doesn't walk, how can he fall?' A student can pass or fail, but for someone that is not in education, where does the question of passing or failing even arise? Therefore, anyone that is engaged in activity will make mistakes at some point along the way, but the one who points a finger, engages in fault finding and makes issues worse is even more at fault. If however, one is helpful and feels, 'In the work you are doing, what is the difficulty? Here, let me help you,' then God says, that it will count as your seva. If you engage in all activities with this positive

---

**[1] Refers to spiritual journey or practice.**

**[2] Gunatit is an ultimate state of oneness with God, above and beyond all matter. It is when one has risen above the three bodies : physical, subtle and causal; above the three gunas : rajas, tamas and sattva and above the three states of being: waking, dream and deep sleep. One who has risen above his body in all of these ways, is one who has *Gunatit-bhav*, and God resides eternally within him.**

**[3] The inner perception and conviction that God and anyone associated with God is flawless, faultless and innocent.**

attitude and perceive things with *divya-bhav*[4] and are helpful, then God will be so pleased with you.

The mandir is going to be built; this will all happen, but during that process we will all become free of our shortcomings. We may sing, but if we match our notes to others and give rise to harmony, then wherever we fall short will be taken care of. Our shortcoming will go. But if one says, 'so and so is not singing properly; it should be like this. The *tabla* was not right so this wasn't right...' For the person that doesn't want to personally do anything, everything else is a problem and is not right. For the person that is at work, he will certainly face difficulties and the person who helps during those difficulties becomes a receptacle of God's grace and blessings. God says that if you see somebody with something good and become pleased upon seeing that, then your shortcoming of jealousy will go. But because of jealousy, rather than being pleased, you become pained. That is why Maharaj says in this Vachanamrut that, 'if you want to have jealousy, then have jealousy like Naradji's.'

In all faiths the Saints have said, 'one should not have vice, should not harbour jealousy, should not anger etc.' and have shown all the negative traits we need to steer away from. Whereas Yogi Bapa and Bhagwan Swaminarayan turned this on its head and actually showed a positive means of using the flaw for positive ends, by saying 'have jealousy, but have jealousy like Naradji's.' Yogi Bapa would say, 'Have vice, but have it for *katha-varta*. Have addictions but have them for *dhun-bhajan* and seva.' You see, they turned the whole equation around!

There are some couples, in whose car you would enjoy sitting. The husband would be driving, the wife would be sitting next to him, and we would be sitting in the back, but the wife would be giving instructions every few seconds! 'O watch the bicycle! Put the brakes.... O look, the buffalo...watch that car.' She herself would not be driving but would be giving constant instructions to her husband. Similarly, there are many who do not want to work and do not want to be helpful but will constantly find fault and give advice. That is why Maharaj says, 'Whatever you say, whatever you do, make sure it is positive.'

Many people say to me, 'I have two G.P.S. systems in my car; one of them came with the car and the other I brought with me. The one that came with the car is really good; even if I take a wrong turn, it doesn't nag me, it simply re-routes me, but the one I brought nags me outright.' The person driving the car knows how to drive and knows when to apply the brakes, otherwise how would he or she have got a driving license? But many simply have a habit of continuously advising, no matter what. God does not want this for us. He wants to set us all straight. God says whether it takes one lifetime, two lifetimes or fifty lifetimes but I will set you all straight. So, if we were to become straight in this very lifetime, what a great benefit that would be to us! If those that are doing seva, those that are discoursing and even those that are simply sitting around all adjust themselves to each other, support each other and offer devotion while doing so, then God says, 'you will become receivers of my grace, and I will set everything straight for you in this very lifetime.'

**Then Shreeji Maharaj said, 'Devotees of God should not harbour jealousy amongst themselves.'**

God says we should not have jealousy for one another. The reason is that whoever you stay with, whoever you work with, is who you are going to have problems with. If someone is flying a kite in Brahmajyoti, his kite is not going to cross with someone's kite in Vadodara, is it? No, it will cross with the person flying kites next door! Similarly, whoever we are staying with or working with, are the people that we are going to have friction with, and that is where the problems are going to arise. That is why Bhagwan Swaminarayan said, 'Devotees staying together must not harbour jealousy for one another.' One should maintain *suhrad-bhav*[5] and unity and work together in this way.

---

**[4] The innermost understanding and conviction that God and everyone associated with God is divine.**

**[5] *Suhrad-bhav* is an intricate concept. It originates from hruday – meaning heart so *suhrad* or *suhraday* literally means 'one heartedness'. *Suhradh-bhav* is the feeling of unparalleled harmony and one-heartedness with everyone, regardless of however they act towards you, and regardless of circumstance or situation.**

**Thereupon Anandanand Swami said, 'But Maharaj, even then, jealousy still remains.'**

Anandanand Swami was the one who constructed the Jetalpur mandir. Whenever Yogi Bapa would leave from Anand mandir, he would go for *darshan* to Vadtal mandir and Dabhan mandir. The Dabhan mandir was also built by Anandanand Swami. From there comes Jetalpur mandir, and Bapa would then go for *darshan* there. At Jetalpur mandir they have kept Anandanand Swami's large tongs (*chipiyo)* on display. He kept the kind of tongs and drinking vessel that *naga bawa*[6] would keep. That *prasadi chipiyo* is on display there. That Anandanand Swami asked the question, 'what is the form of jealousy?'

**Hearing this, Shreeji Maharaj explained, 'If one does harbour jealousy, it should be like that of Naradji. Once, both Naradji and Tumbaru went to Vaikunth for the darshan of Lakshmi and Narayan. There Tumbaru sang before them. As a result, both Lakshmi and Narayan were pleased and rewarded him with their clothes and ornaments. Seeing this, Naradji became jealous of Tumbaru and thought, 'I shall also learn to sing like Tumbaru and please God.'**

If you harbour jealousy, then it must be like Naradji's. Now why was Naradji jealous? At that time there were two singers in God's court – Tumbaru and Naradji. Tumbaru sang so exquisitely that Lakshmiji and Narayan became so pleased that they showered him with gifts of their clothing and ornaments. At that time Naradji became jealous and felt, I too will learn to sing and will sing even better than him. Who is he to get so much recognition, I am no less than him! This is jealousy. Naradji and Tumbaru were always together, but Naradji felt if God is so pleased with Tumbaru's singing, I am no less, I will also learn and sing like that.

**Then Naradji learned the art of singing and sang before God. At that time God said, 'You do not know how to sing like Tumbaru.' Thereafter, Naradji performed austerities to please Shiv and received his blessings to master the art of singing. However, when he sang before God again, God was still not pleased.**

He studied the art of singing for five to seven years; he practiced and then sang before God. Even then, God said, 'You do not know how to sing like Tumbaru!' So Naradji then went to learn the art from Shivji and having done so, went to sing before God. Even then, God was not pleased.

**In this way, Naradji continued for seven *manvantars*. Despite this, God would not be pleased with his singing.**

How many? Seven *manvantars*! In the footnote of the Vachanamrut, they have given the calculation of this period of time and one *manvantar* is equal to 308,571,428 years. Seven *manvantars* therefore equal to 2,159,999,996 (2 billion, 159 million, 999 hundred thousand, 9 hundred and 96) years. This is how many years he practiced for! Just think about this!

Thinking of this, one story comes to mind. The story of 'Baiju Bawra'. In the movie 'Baiju Bawra' – the story, the songs, the music is all good. At the time of King Akbar's rule, Tansen was the principal singer in the king's court. Tansen would practice every single day. He had instructed the guards that there should be no noise in his vicinity, and they were to enforce that. At that time there was a boy called Baiju whose father was a street singer. He was a devout individual. He would take his one-stringed instrument and go along singing bhajans in the streets, and the family lived off whatever coins people would give. One day, he happened to wander into Tansen's area. He was so engrossed in singing and the guards tried to stop him but were not able to and so they beat him up. One of the guard's hit him on the head with a baton and he died instantly. At the time, Baiju was a young boy of five to six years old. He would also go along with his father and sing. He witnessed this whole incident. He saw how the guards beat his father and how his father died and so he vowed that he would avenge this. He would teach Tansen a lesson.

Baiju started to learn the art of singing from a Guru by the name of Haridas. Baiju wanted revenge, so he poured

**[6] The Naga Bawa (literally meaning 'naked yogis') are a part of the Shaivite sadhus sect.**

all his energy and focus into learning. He would practice so much and would become engrossed in singing. Then his Guru said to him, 'now go into the jungle and stay and practice there.' He did as his Guru asked, and he practiced in the jungle over such a long time that his beard grew long and his hair became matted. One day he received the news that his Guru was suffering from some ailment in his leg and so he was no longer able to walk. Therefore, his Guru could not go to the mandir and he would not eat until he had *darshan*. Hearing this news, Baiju left the jungle and went to his Guru's ashram. In his Guru's presence, he sang the bhajan, '*Man tadpat Hari darshan ko aaj…*' His Guru, immediately sat up in his bed, then got up and walked to the mandir! Baiju's voice was so powerful that it had the strength to instil force in others. His Guru became so pleased upon hearing his voice, but said, 'However, you have not become such that you can defeat Tansen.' So Baiju returned to the jungle and intensified his practice. His Guru went into the jungle to meet him and said, 'You really have become the best among singers.' So Baiju asked, 'Shall I compete with Tansen now?' The Guru said, 'No. You have not yet reached a level whereby you can defeat Tansen. Singing should be such that it shakes nature itself.' Then Guru Haridas said, '*Beta*! You are practicing so much, and you are putting so much effort into this; you sing well and you have become engrossed in singing – but the sentiment in your heart to take revenge against Tansen will not allow your voice to become such that it shakes nature.' Then Baiju said, 'But that is impossible, the wound in my heart cannot heal without revenge against Tansen, so that sentiment will never go.' So Guru Haridas said, 'If something else hits your heart, then that inclination for revenge will go.' When this happened to Baiju, the inclination to take revenge against Tansen dropped away from within. Then when he sang in front of Tansen, he was victorious.

If you feel not even the slightest aversion, vengeance or negativity towards those that insult you, swear at you or stab you in the back, then *Gunatit-bhav* cannot help but be ignited within you. Whereas if we look at ourselves, we fall into seeing flaws in others so easily and feel averse to those who do not like us, feel negative towards others etc. and so the thought arises, when will our spiritual practice end? If you really firmly resolve to do this, you can do it in this very lifetime.

Baiju was averse to Tansen, but when that inclination of vengeance left his heart, he felt I do not want to take revenge and I do not want to do anything. In this way he put his hands up. Then he sang the song, '*O Duniya ke rakhvaale, sun dard bhare mere naale…*' So much force arose in his voice that tears started to stream down the face of God's stone *murti.* Once the inclination of revenge left him, he was able to move God, that was how much force there was in his singing.

God said, 'For as long as you have some form of jealousy, no song or music of yours is going to reach me. O Naradji! Not just one or two billion years, but even if you were to practice for 50 billion years, it will not please me. If your jealousy for Tumbaru was to go, then I could be pleased instantly in a day.'

We must maintain *samp-suhradbhav* and *ekta*[7] amongst ourselves. Bapa has given us this formula, 'Work together, in a spirit of togetherness.' We want to do things together. We want to do his work together. In order to be able to do that, what seva do we have to do? What do we need to be helpful in? We need to think about how we can be helpful to others.

America's President, John F. Kennedy has given the world a slogan which has made him famous. 'O citizens of America! Do not think what this country can do for you, think what you can do for this country!' Similarly, O Devotees! Sadhaks! Santo! This mandir of God has arisen here, the work of God is being carried out here, the entire machinery of God is at work here and within that you must not think what others should do or what should be

[7] **Refers to unity, spiritual harmony and oneness.**

done, rather you should think about what you can do to be helpful. If one does this, one will certainly attain God's *prasannata*[8]. There you go, it is the easiest thing to do!

Dadukaka used to say, 'You give yourself number 1 priority, then comes your body, then your family, then your relatives and last comes God.' Bapa would say, 'but if you count backwards and make that number 1 then that would change everything.' In this way, we should make it our tendency to always be helpful. We should think, 'this wonderful work is going on, how can I be helpful within it?' If one thinks in this way and then acts upon it then God says, 'you will change, and I am simply waiting for you to cultivate this type of thinking.'

In this way, God wanted to be pleased with Naradji but when the jealousy Naradji had for Tumbaru was converted to friendship, Naradji then learned from Tumbaru himself. When did he learn to sing? It was when he cultivated respect for Tumbaru in his heart! It was when he considered Tumbaru to be greater than himself! So, he then learnt to sing from Tumbaru, and that is when God became pleased.

Similarly, for as long as Baiju had vengeance for Tansen, there was worldliness in his singing. If you want to make your music divine; if you want to make your life divine, no matter even if you have not worn the saffron robe, but if you want the virtues of *sadhuta* to blossom, then in whichever work is being carried out, be positive, be helpful and offer your devotion. Look at only the good, speak only good and do not associate with anyone who is goading people or making work difficult.

Remember! You will have to have awareness! No matter if you are a sadhu or a householder, or if you are young or old, whether you are new to the satsang or have been here for many years or have been in satsang for lifetimes. But sooner or later, you will have to keep such awareness and if you do not offer such devotion that pleases God, with *nirdosh-bhav* and *divya-bhav*, then your inclinations of obstinacy, ego, jealousy etc. will not go even if you keep trying for lifetimes, whereas we want to get rid of them in this very lifetime.

In this Vachanamrut, Maharaj has said that 'Whoever you have problems with – work with them in harmony; ask them, 'come, what shall we do? What help of mine do you need?' Naradji rose above jealousy and went to learn how to sing from Tumbaru himself, and so God became pleased. There was no lack of clothing or ornaments, but when God gave them to Naradji, he experienced peace in his heart.

**Finally, Naradji learned to sing from Tumbaru himself and then sang before Shri Krishna Bhagwan in Dwarika. Only then was Shri Krishna Bhagwan pleased, and only then did he reward Naradji with his own clothes and ornaments.**

When Naradji went and sang in Dwarika, Shri Krishna Bhagwan gave Naradji his clothing and ornaments. Here clothing and ornaments means his transcendental powers, strengths and grandeur; God wants to give us all of this. But we are not ready for it. The reason is that we are not letting go of our own selves. We are not letting go of our inclinations, sentiments, opinions, our styles of working etc. We are not letting go of our old ways of thinking; we are not coming out of this and are not learning how to think with *nirdosh-bhav* and *divya-bhav.* That is why God is saying that we are not letting go of anything, and that is why God also says that we are therefore not able to attain his transcendental powers, prowess and grandeur or *sadhuta.* Otherwise, it is Bhagwan Swaminarayan's boon that whosoever becomes his disciple or takes his refuge will all gain the same standard of food, clothing and shelter. However, it is only the one who gains God's *prasannata* whose inner being will undergo transformation. This is what we want to do, that is the main point. Wherever we are at, we want to go forward from there. From wherever we are at, we want to gain God's *prasannata* and move forward, and also live in

---

[8] **When God or Guru is so pleased with you that it culminates in an outpouring of grace, this is called *prasannata.***

such a way that we can teach others to live in a way that pleases God. This is what God wants us to do.

It seems like such a small thing, think about it! Truly all credit to Naradji that he became aware that he had jealousy. As soon as he understood this, the jealousy left him, and he made Tumbaru his Guru and learnt the art of singing from him. In doing so, he attained God's *prasannata.* In this very small Vachanamrut, God has given us such an exceptional lesson! Remember! We are all like Naradji! To please God, we want to put aside all our flaws, sentiments, our set ways, our opinions and prejudices. We want to put aside everything that gets in the way of our being helpful to God's devotees, our keeping *nirdosh-bhav* and *divya-bhav* for them and working in harmony with them. We want to put aside all the sentiments and inclinations that get in the way. Hold on to this principle and do *dhun-bhajan* and prayer. The mandir is being created for this. It is so you can sit in front of Shri Thakorji and do *dhun-bhajan* and prayer, so that you can introspect and ask yourself, 'why is this happening to me?' 'Why do some things always keep recurring for me? Why is this bothering me only? Why are such thoughts only coming to me?' That is precisely what God wants to show you and that is why it keeps recurring. So, if you hold onto this and pray in front of Thakorji's *murti,* then God will be pleased and all our inner tendencies and inclinations that bother us will drop away. God wants to be pleased with us, and that is why he has accepted us, engaged us in his work and brought us together to live life in this way. But even then, we keep floating about in our own sentiments and tendencies, and that is why we are not able to attain God's *prasannata.*

**Thereafter Naradji abandoned his jealousy towards Tumbaru. That is why if one is to harbour jealousy, one should imbibe the virtues of the person towards whom one is jealous and should also abandon one's own faults. If this cannot be done, then a devotee of God should at least totally abandon any form of jealousy that would result in harming another devotee of God.**

Whoever you have jealousy for, think of their *mahima*[9], think of the virtues they possess. We must never do anything by which God's devotee is maligned or is pained. If we ourselves do not become a headache for God, then God says that the greatest work can be done. Become a support for God's devotees, be of help to them and keep friendship with them. Even more than himself, God has augmented the glory and *mahima* of devotees! Yogi Bapa has given a divine slogan – Amongst yourselves, maintain *samp* – *suhrad-bhav* and *ekta* and work in harmony. Now whatever we must give up in order to put this into practice is our *sadhana* and is our greatest austerity! And it is with this type of austerity that God is more pleased.

In the same way that Naradji made Tumbaru his Guru and attained the knowledge he required, we too all live together. God has brought us all together. None of us knew each other and even then, God brought all of us Santo and devotees together. So let us keep *nirdosh-bhav* and *divya-bhav* for each other and offer our devotion together. Within this, when some problem seems to arise for you, then introspect, pray and do *dhun-bhajan*, then you will be able to cross the hurdle in this very lifetime.

God's *prasannata* is with us and that is why he has got us to live as his. But if we attain his **innermost** *prasannata*, then it is through this that our self-centred sentiments and attachments will dissolve and our *sadhuta* will blossom, and it is precisely to attain such *sadhuta* that becomes our spiritual practice and goal. It is our prayer that God grants us success in this! If we are at any point living according to our own inclinations, or if we are getting knotted up somewhere in God's work due to our own tendencies, then O Lord! Please remove us from that and get us to live only in you; please grant us such awareness, get us to offer devotion in that way and work in harmony so that our inner beings may become your temples. Please grant us your grace for this!

Sahajanand Swami Maharaj ni Jai! ◆

[9] ***Mahima* refers to an inner understanding of glory, virtues, qualities and greatness.**






**साध्वी आनंदी**
अक्षरज्योति, दिल्ली

स्वामिश्रीजी

**संतभगवंत साहेब** को **गुरुहरि योगीजी महाराज** की आशिष का अमोघ बल है । इसी का एहसास **१४ से १७** जनवरी संतभगवंत साहेब की निश्रा में मनाये गये **'मंदिर कलश महोत्सव'** का You tube पर Live दर्शन करके हुआ । महोत्सव के सभी सत्रों में संतभगवंत साहेब की आज्ञा से सभी मुक्त भक्ति अदा करने की भावना से, कोरोना के नियमों का पालन कर रहे थे । प्रगट प्रभु के प्रति उनकी दृढ़ निष्ठा,अनुपम प्रीति का यह दर्शन था । और... सभी स्वरुपों के आशीर्वाद अत्यंत आत्मस्पर्शी थे, जो भीतर की बारीक-बारीक कई कणियों से उबरने की सूझ दे रहे थे । सच कहें तो घर बैठे ही गंगा में स्नान करने जैसा पुण्य मिल गया । बस, अंतर से यही प्रार्थना कि, गुणातीत स्वरुपों का इतना परिश्रम हमारे हृदय में ईदम् रहे और केवल प्रगट प्रभु को राज़ी करने की भावना बरकरार रहे ।



**ડૉ. નીલમબહેન શાહ**
ગુણાતીત જ્યોત

ગુણાતીત સમાજના તૃતીય શિખરબદ્ધ મંદિરના કળશ મહોત્સવમાં દર્શનનો લહાવો માણ્યો, ધન્ય થયાં ! અજોડ વ્યવસ્થા ને સમન્વય એ ચારેય દિવસના ઉત્સવમાં અનુભવાયાં. ત્રણેય દિવસના પ.પૂ. સાહેબજીનાં મંગલ આશિષવચનો જીવનમાં આત્મસાત્ થાય તેવી પ્રાર્થના !

સર્વ કાંઈ રૂડું રૂડું, અવર્ણનીય, કલ્પનાતીત, ભવ્યાતિભવ્ય, અલૌકિક દિવ્ય પ્રકાશેયુક્ત અને પ્રેમભાવનાથી ભરપૂર ! વળી મહાપ્રસાદ તો સુમધુર, જેનો સ્વાદ હજી ભુલાતો નથી...! 'મહાઆરતી'નો અનોખો માહોલ આજે પણ મારા મન, હૃદયપટ પર પરભાવ પ્રસરાવે છે. જાણે સાક્ષાત્ પ્રભુ મંદિરની બહાર આવીને અમ સૌની આરતી સ્વીકારતા હોય તેવી સત્ય અનુભૂતિના આનંદના પરમભાવમાં મારું સમગ્ર ભક્તિની મસ્તીના હિલોળે ચઢે છે.

સર્વ કાંઈ ધન્ય ! સર્વ કોઈ ધન્ય ! સર્વે પ્રભુપ્રેરિત, નિયંત્રિત ને આયોજિત. તેમાં મને પરોવાનું, ખોવાવાનું અને અનોખા અંદાજમાં મહાલવા મળ્યું તે ભૂલ્યું ન ભુલાય તેવું છે.



**રંજનબહેન પટેલ**
નિઝર

સાહેબજીનો આધ્યાત્મિક હેતુ મંદિર નિર્માણકાર્યમાં તન, મન, ધન અને આત્માથી સમર્પિત દરેક હરિભક્તોને આધ્યાત્મિકતાના શિખરે પહોંચાડી કળશ ચઢાવી અક્ષરધામનું સુખ આપવાનો, જે સાકાર થયો. હરિભક્તોની રાતદિવસની સેવાનાં દર્શન કરી આંખોમાં પાણી ઊભરાય, સાહેબદાદા કેવા ચૈતન્યશિલ્પી છે તેનો અનુભવ થયો. માણસે માણસે મંદિર રચ્યાં અને દરેક હરિભક્ત બ્રહ્માંડની શક્તિમાં receptor બન્યા છે અને હરિભક્તો-સંતોની આધ્યાત્મિક શક્તિ હૃદયમંદિરના કળશ દ્વારા અનંતકોટિ બ્રહ્માંડમાં ફેલાઈ શકે એવા સૌને શક્તિમાન બનાવ્યા છે, એ જ તો કળશ મહોત્સવની ફલશ્રુતિ છે !



**મિત્તલબહેન સોની**
બ્રિસ્બૅન - ઑસ્ટ્રેલિયા

સમગ્ર પ્રોગ્રામનાં અમે જીવંત પ્રસારણથી દર્શન કર્યાં. સમગ્ર પ્રસંગના સૌ વક્તા અને સૂરવૃંદના હૃદયમાં રહેલા ભક્તિના ભાવ અમને પણ સ્પર્શ કરતા હતા. ડેકોરેશન તો એટલું અદ્‌ભુત હતું કે, હજી પણ એની છબી આંખો સામે તરવરે છે. સદ્‌ગુરુ સંતોના આશીર્વાદની વર્ષામાં અમારાં હૃદય અને મન ભીંજાયાં છે. મંદિરની શોભા અનેરી છે, કળશ શિખર પર બિરાજ્યા તેનાં ભવ્યાતિભવ્ય દર્શન અમને કરવા મળ્યાં તેથી ખૂબ ધન્યતા અનુભવીએ છીએ. વિડિયોની સેવા કરનારા સેવકોએ એક એક પળનાં એટલાં સુંદર દર્શન કરાવ્યાં કે, એવું જ લાગતું હતું કે અમે ત્યાં બ્રહ્મજ્યોતિ કૅમ્પસમાં જ છીએ.






**સાધુ યજ્ઞવલ્લભદાસ (દાસસ્વામી)-સોખડા**

થોડા દિવસો પહેલાં મને હરિધામ આવીને સ્પેશ્યલી મારી રૂમમાં મારા માટે અલગ કાર્ડ લઈને નિમંત્રણ આપવા આવેલા તે મુક્તોને કહી દીધું કે, ભલે હું સદેહે નહીં આવી શકું, પણ મારું મન ત્યાં જ હશે ને "મહોત્સવ બધી રીતે સર્વોપરી ઉજવાઈ જાય" એવી પ્રાર્થના તો જરૂર કરીશ જ.

નૂતન સેવક/સાધક દીક્ષા ગ્રહણ કરનાર વ્રતધારી મુક્તોનો પરિચય જે પૂ. અશ્વિનભાઈએ તથા સ્વયં પ.પૂ. સાહેબદાદાએ આપ્યો, એ સાંભળી ઘણું જાણવાનું મળ્યું ને દરેકના વિશિષ્ટ ગુણોનો પરિચય પામી ભગવાન ભજવાના માર્ગે યાહોમ થવાની જે તમન્ના તથા તેઓશ્રીનાં માતા-પિતા ને સગાંવ્હાલાંનાં સમર્પણને પણ બિરદાવવામાં આવ્યાં તે ઘણું ગમ્યું.

પૂર્ણાહુતિ સભામાં પ.પૂ. સાહેબદાદાએ ઉપાસનામંત્રની અદ્ભુત સૂઝ સ્વયં આપી એનો ઉદ્‌ઘોષ કર્યો તે પરથી ખ્યાલ આવે કે, હવે આપણી પાસે તેઓ શું કરાવવા માગે છે ! તેની ખૂબ સ્પષ્ટ ને સચોટ સૂઝ પ્રાપ્ત થઈ !



**પૂ. ઈલેશભાઈ**
**ગુણાતીત જ્યોત**

પોષીપૂનમના મહામંગલકારી પર્વે નૂતન મંદિરની ભવ્ય કળશવિધિમાં સામેલ થવાનો અનન્ય લહાવો મળવાની ધન્યતા હજુ પણ અનુભવાઈ રહી છે. સૌ સાધકો દ્વારા પરમ પૂજ્ય સાહેબજીની કૃપા ને અનુગ્રહથી દિવ્યતાસભર, ભક્તિસભર આયોજનોનાં દર્શન માણવાનો હૈયે આનંદ છે.

વળી, સદ્‌ગુરુ સંતોની વાણી સાંભળતાં અતીતમાં પહોંચી જવાયું, જાણે બ્ર.સ્વ. કાકાશ્રી અને બ્ર.સ્વ. પપ્પાજીનાં સાંનિધ્યે શિબિરમાં બેઠાનો અહેસાસ થયા કરતો હતો. જેનાથી આધ્યાત્મિક જીવન જીવવાની દૃઢતા વધી, જાગ્રતતા અને જાણપણા માટે અંતરમાં પ્રાર્થના વહ્યા કરતી હતી. પરમ પૂજ્ય સાહેબજીની આશિષવાણીમાં નિત નવીનતા – બ્રહ્મસૂત્રો દ્વારા જીવન જીવવાની કળામાં વૃદ્ધિ થતી ગઈ – પ્રેરણાઓ આત્માને વિશે અંકિત થઈ. વિશેષ આનંદ તો વ્રતધારી સાધકોની સેનામાં આઠ યુવાનોને દીક્ષા અપાઈ-નારાયણી સેના વધી તેનો થયો.



**હેમંતભાઈ મરચન્ટ**
**પવઈ**

આ મહોત્સવનાં વિવિધ પાસાંઓ જોયાં કે અનુભવ્યાં કે સાંભળ્યાં એ બધાંનો એક જ સૂર હતો ઉત્તમોઉત્તમ, સર્વોચ્ચ અને શ્રેષ્ઠ ! બધા જ પ્રોગ્રામ એની કક્ષાએ સર્વોચ્ચ, સર્વોપરી થયા. એનું કારણ જબરજસ્ત આયોજનશક્તિ, કે વ્યવસ્થાશક્તિ કે સૌની સેવા તો ખરી જ, પરંતુ એ સઘળાંના મૂળમાં છે આત્મીયતા, સુહૃદભાવ, એકબીજાંને ઍડજસ્ટ થઈ જવાની પ્રકૃતિ !



**અમિતભાઈ ઠક્કર**
**અમદાવાદ**

"કળશ મહોત્સવમાં જે કોઈ હરિભક્ત હાજરી આપશે કે internetથી પણ જોડાશે, તેના એક-એક મિનિટે, એક-એક ભવ કપાશે." આવાં કલ્યાણકારી વચનો પ.પૂ. સાહેબજીએ પ્રથમ શ્રમયજ્ઞની સાંજની સભામાં કહ્યાં હતાં ને ફળીભૂત થતાં જોઈને પરમ ધન્યતા અનુભવાય છે.

દેશકાળના વિપરિતપણાની સામે, મહારાજના સર્વોપરીપણાનો જય થતો જોઈને, પરમ સુખદ આશ્ચર્યમાં રત રહેવાયું ! સાહેબની આ સામર્થી પર અમે સૌ ઓવારી ગયાં છીએ !



સાધુ હિંમતદાસજી
ઈંગ્લૅન્ડ

ગુરુવર્ય સાહેબદાદાની કેવી અદ્‌ભુત સામર્થી ! આગળનું જાણતા હોય તેમ દેશમાં સર્વ પ્રદેશોમાં કળશને મોકલી સૌ ભક્તોએ અદ્‌ભુત ભક્તિભાવપૂર્વક કળશની શોભાયાત્રા કરી અને વાજતેગાજતે સૌ ભક્તોએ પૂજા-અર્ચના કરીને પોતાના ભાવ પ્રગટાવ્યા.

ધન્ય છે ભક્તોની ભક્તિને ! વિશેષ તો સૌએ અદ્‌ભુત ભક્તિ અદા કરી એને લઈને ઉત્તરોઉત્તર સાહેબજી પ્રત્યેનો પ્રગટ ને પ્રત્યક્ષનો યોગ થયો તેથી બાહ્ય રીતે ખૂબ જ સેવાઓ કરી, પણ એથી વિશેષ આંતરિક રીતે વિશેષ જોડાયેલા રહીને પળેપળ તેમને પ્રગટાવેલા રાખીએ તેવી પ્રાર્થના-ઝંખના સૌનાં અંતરમાં વહી; તેનાં દર્શન થયાં. અને સૌ યુવાનો-યુવતીઓમાં દાસભાવે સેવા કરી લેવાની ભાવનાનાં દર્શન થયાં. સૌની એક જ પ્રાર્થના વહે છે કે, સંપ, સુહૃદભાવ, એકતાના કળશ પળેપળ અમારાં વિચાર-વાણી-વર્તનમાં સ્થપાય તેવા આશીર્વાદ આપશોજી ! સૌ કોઈ આવી યાચના કરતા જોવા મળે છે, તેનાં દર્શન થયાં. વિશેષ તો આવા વિપરિત કાળમાં ગુરુદેવ સાહેબજીની અદ્‌ભુત સામર્થીનાં દર્શન કરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું. વંદન... પાયલાગણ...!

મહોત્સવ સ્મૃતિ અનુભૂતિ



સાધુ હાર્દિકદાસ
ભારત

સાહેબદાદા સમજાવે છે તેમ, આવા સમૈયાઓ સેવાઓ કરી આપણામાં રહેલી ત્રુટિઓને દૂર કરવાનો સોનેરી મોકો લઈને આવતા હોય છે. આ સમૈયામાં ઘણી સેવાઓનો લાભ મળ્યો અને અનેક સ્મૃતિઓનું ભાથું પણ મળ્યું.

૧૪-૧-૨૨ના દિને કળશયાત્રામાં સંતભગવંત સાહેબજીને રથમાં બિરાજમાન થવાની પ્રાર્થના કરવાની સેવા સદ્‌ભાગ્યે મને મળી હતી. આ પ્રાર્થના દરમિયાન સાહેબદાદાના મુખ પરનું સ્મિત, અશ્વિનદાદાનાં ચક્ષુઓમાંથી નીકળતા અશ્રુરૂપી આશીર્વાદ, શાંતિદાદાનું ભાવવિભોર મુખડું સ્મૃતિમાં સદાય રમ્યા કરશે.



ડૉ. એન.સી. પટેલ
આણંદ

મહોત્સવ પૂર્વે કળશજીનાં પૂજન જીવનનું અદ્વિતીય અને આજીવન સંભારણું બની રહ્યું. કળશ મહોત્સવમાં સેવા કરેલ સર્વે સંતો અને હરિભક્તોને કોટી કોટી વંદન !

શાલીન માનવરત્ન સન્માન મેળવનાર મહાનુભાવોને હાર્દિક અભિનંદન તેમજ સંતભગવંત સાહેબદાદા અને સંતોને આવા માનવકલ્યાણ કાર્યની ખૂબ ખૂબ પ્રશંસા સાથે તેમના ચરણોમાં વંદન ! મંદિરમાં શ્રી ઠાકોરજીના અને શિખર પર કળશનાં દર્શનથી મનમાં સવિશેષ શાંતિ અને પ્રસન્નતાના અહેસાસ સાથે ધન્યતાની અનુભૂતિ થાય છે.



અલ્કેશભાઈ પટેલ
કરમસદ

આંખે ઊડીને વળગે તેવી સેવા હતી નૃત્યભક્તિ. જ્યારે એમ જાણવા મળ્યું કે, માસ્ક પહેરીને ડાન્સ કરવાનો છે ત્યારે દીકરાઓ પાછા ન પડ્યા. પ્રથમ પ્રૅક્ટિસમાં ખબર પડી કે શ્વાસ લેવામાં ઘણી જ તકલીફ પડે છે છતાંય તેને સફળતાપૂર્વક પાર પાડીને જે સેવા કરી તે માટે તે સૌ દીકરાઓને વંદન થઈ જાય. મને આટલા દિવસ સેવા અને દર્શન કરવાની તક મળી તેની ધન્યતા અનુભવું છું. સંતોને રાજી કરવાના ભાવથી મંડીએ તો સઘળું સાકાર થાય તે કરવું-કરાવવું શ્રી ઠાકોરજી મહારાજના હાથની વાત છે, માટે આપણા પક્ષે તો ખાલી ભાવના રાખવાની છે તેનો અનુભવ પણ કર્યો.



દીપેન રુગાણી
ઑસ્ટ્રેલિયા

The Kalash Mahotsav started with the beautiful and mesmerising Kirtan Aaradhana, one of the best we have seen and heard, just spectacular, just wow! This historic event will stay with me and all Hari Bhakto's in ANZ for the rest of our lives.



**બાલકૃષ્ણ મુસાલે**
મુંબઈ - ભારત

ये मेरा सौभाग्य था कि, ब्रह्मज्योति में नवनिर्मित स्वामिनारायण मंदिर के कलश महोत्सव के पुण्य अवसर पर मैं व्यक्तिगत रुप से उपस्थित रह सका। मैं भावविभोर हो गया। महोत्सव में आयोजित भजन संध्या ने मुझे बहुत प्रभावित किया। मैं समजता हूँ कि, कई वर्षं से आयोजित भजन संध्याओं में ये अति श्रेष्ठ भजन संध्या थी। महोत्सव में मुझे मंदिर के कलश का माहात्म्य, दर्शन और स्पर्शन का तथा गुरुवर्य परमपूज्य साहेबदादा और परम पूज्य अश्विनदादा की पवित्र वाणी से कलशजी की महिमा सुनने का अविस्मरणीय अवसर मिला। संतों के प्रवचन से मुझे मंदिर में भगवान की मूर्तियों की प्राण प्रतिष्ठा और कलश स्थापना का अद्‌भुत ज्ञान प्राप्त हुआ। इस अवसर पर समस्त विश्व में फैले गुरुवर्य के भक्तों के वर्तन में संप, सुहृद-भाव और एकता का साक्षात् दर्शन कर मैं भावविभोर हो गया। इस कलश महोत्सव में उपस्थित रहने से मैं स्वयं को परम धन्य एवं भाग्यवान मानता हूँ।



**રોહિતભાઈ મહેતા**
ઈંગ્લૅન્ડ

Thank you for the most uplifting and inspirational few days at the Mission.

All the events were of an exceptional standard, with each one demonstrating extraordinarily detailed and meticulous planning. Our deep gratitude to the entire team of Santos and Guru Sabha Youth who organised every aspect from Stage and event management, to the technical team, catering team, the mandir event management team, the covid prevention team, and many other teams. It was a culmination of pure dedication, commitment and genuine love for Sahebdada. Anoopam Mission is so blessed with some amazing talent in almost every aspect of its operation. Glimpses of spiritual essence from P. Shanti Dada, the unflinching Seva and Bhakti of P. Ashwin Dada, and the sea of love filled with Divinity and Ultimate Bliss from P. Saheb Dada, Pravina and I both feel elevated, protected, safe and loved!






**બિરાજ ઝાલાવાડિયા**
અમદાવાદ

યોગીબાપાના કોડીલા લાલ અને આપણા સૌના જીવનપ્રાણ ગુરુદેવ સંતભગવંત સાહેબદાદાના સંકલ્પ અને પ્રાર્થનાઓનું ઘોડાપૂર એવું આવ્યું કે, કોરોના ધોવાઈ ગયો અને મંદિરના સુવર્ણ કળશની સાથે સાથે સૌ ભક્તોનાં હૃદયમંદિરમાં પણ સુહૃદભાવના, નિર્દોષબુદ્ધિના, સમર્પણના અને ઉપાસનાના કળશ બિરાજી ગયા, એનું અદ્‌ભુત દર્શન થયું !



**હેતનભાઈ પટેલ**
મુંબઈ - ભારત

Deep-rooted grandeur [mahatmya] sung by Guruvarya Param Pujya Sahebdada made me realize the significance of `Kalashji'.

At Brahma Jyoti, the Mahayagna was divine, Kirtan Aaradhana spell-bounding and the Mahoutsav Sabha made us appreciate that while architecturally, placing [sthapana] of Kalash is the end of Temple's work-in-progress; however, in reality, it is the beginning of Temple's aura & era, fructification of Guruvarya Sahebdada's blessings that each and every soul involved in Temple's creation will enjoy heavenly bliss, now & forever.

महोत्सव की डिजिटल टीम ने सभी कार्यक्रमों का प्रसारण ऐसी तन्मयता से किया कि जैसे महोत्सव का प्रत्येक कार्यक्रम साक्षात् हमारे घर पर ही हो रहा हो। सभी कार्यक्रमों से वातावरण में दिव्यता का दर्शन हो रहा था। गुरुवर्य साहेबजी की साक्षात् एवं गरिमामयी उपस्थिति से वातावरण हमेशा ही दिव्य एवं पवित्र हो जाता है। कलश पूजन विधि का दर्शन करके मन अति शान्त एवं प्रफुल्लित हो गया। 'शालीन मानव रत्न पुरस्कार' सभा में तो शालीनता का प्रत्यक्ष दर्शन ही हो रहा था। महामहिम आनंदीदेवी, गवर्नर, उत्तर प्रदेश का गुरुवर्य साहेब के प्रति निष्कपट प्रेम और अपनेत्व के भाव का दर्शन कर मन आनंद से भर गया। कलश की स्थापना का दृश्य अत्यंत ही मर्मस्पर्शी था। मंदिर की सामूहिक आरती का दृश्य अति दिव्य एवं अविस्मरणीय रहा।



**ક્રિષ્ના ચંદ્ર સિંહ**
મુંબઈ



**રાજુ ગોટી**
સુરત

વિશેષ અનેરો આનંદ તો એ વાતનો થયો કે, સુરતના સેવક કાનજીબાપાને સાધુની દીક્ષા આપી. જાણે સૂર્ય પૂર્વની જગ્યાએ પશ્ચિમમાંથી ઊગ્યો ! કાનજીબાપા ખૂબ શક્તિશાળી, પ્રતિભાશાળી. તેમના પર કોઈ પ્રભાવ ન પાડી શકે, પણ સાહેબજીને જોતાં જ મોહી ગયા. સ્વભાવનું સમૂળગું પરિવર્તન સાહેબજીએ મંદિરની સેવા સોંપીને કર્યું. સાહેબજી નક્કી કરે એ જ થાય, એ જ કરાય એવી દૃઢતા સાધુ કાનજીબાપાને થઈ ગઈ છે. પરિણામે સાહેબજીએ સાધુની પદવી આપી દીધી. આમ સાહેબજીની સામર્થી અને એમના મહિમાનું દર્શન સમૈયામાં વિશેષ થયું.



**નરસીદાસ પટેલ**
અમદાવાદ

સંતભગવંત સાહેબજીના જીવનનું, સામર્થીનું, અધ્યાત્મનું, દિવ્ય દર્શન એટલે કળશ મહોત્સવ !

સાહેબજીના સંતોનાં સંપ, સુહૃદભાવ, એકતાનું દર્શન એટલે કળશ મહોત્સવ ! સાહેબજીના અનુપમી સમાજના ભક્તોની ભક્તિનું દર્શન એટલે કળશ મહોત્સવ ! સંતભગવંત સાહેબજીના હૃદયના ભાવથી નીકળેલી આગોતરી કળશપૂજા એ ન ભૂતો ન ભવિષ્યતિ સમાન હતી. શિખર પર કળશનું સ્થાપન થાય એ પહેલાં સર્વ ભક્તો કળશનું પૂજન કરી ધન્ય થયા, આ જીવનની અલૌકિક ઘટના હતી ! મારા જીવનની શ્રેષ્ઠ ક્ષણો એટલે કળશ મહોત્સવ !






**ચેતન નાદપરા**
જૂનાગઢ – ગુજરાત

વિવિધ સંપ્રદાયના સંતોની એકબીજા પ્રત્યેની આત્મીયતાનાં દર્શન કરવાનો અનેરો લાભ મળ્યો.

યોગીબાપા કહેતા કે, કળશ ચઢી ગયા. એ પૂર્વ વાણીને સાકાર કરતા સાહેબદાદાએ પોતાના ગુરુઓની સોનાની મૂર્તિઓ પધરાવી ગુરુભક્તિ અદા કરી છે. આમ, સાહેબદાદા, અશ્વિનદાદા, શાંતિદાદા તેમજ સર્વ સંતોએ સર્વ અક્ષરમુક્તોમાં હૃદયકળશ ચડાવી દઈ સૌને બ્રહ્માનંદનું સુખ આપ્યું.



**ધ્રુતિ બુચ**
અમદાવાદ

કીર્તન આરાધનાની સેવા કરતાં કરતાં એ બધા જ અક્ષરમુક્તો સાથે હું personal contactમાં આવતી ગઈ તેમ તેમ મને સમજાતું ગયું કે સાહેબદાદાએ કેવો અનુપમ અને દિવ્ય સત્સંગ સમાજ રચ્યો છે ! બધાં સાથે કીર્તનભક્તિના rehearsals કરવાનો મારો અનુભવ અત્યંત રોમાંચક રહ્યો.



**ચેતન વ્યાસ**
અમદાવાદ

ભક્તોની સંખ્યા મર્યાદિત રહી. પણ એક એક હરિભક્તમાં હજારો હરિભક્તોના ઉત્સાહ, મહિમા, સેવા અને સમર્પણનાં દર્શન થયાં. સમગ્ર મહોત્સવના તમામ કાર્યક્રમો એવા જ ભવ્ય ઉત્સાહ અને મહિમાથી ઉજવાયા.

૧૪ જાન્યુઆરીના દિવસે–વિશિષ્ટ કીર્તન આરાધનાનું આયોજન થયું. 28 જેટલા ગાયક ભક્તોએ વિવિધ કીર્તનો ગાઈ માત્ર દોઢ કલાકના સમયમાં કીર્તન ભક્તિ અર્પણ કરી સંપ, સુહૃદ ભાવ અને એકતાનાં અદ્ભુત દર્શન કરાવી સાહેબદાદાની પ્રસન્નતા જીતી લીધી. આ કીર્તન આરાધનામાં અમારા પરિવારના એક સાથે ચાર સભ્યોને આ વિશિષ્ટ કીર્તન આરાધનામાં સેવામાં જોડાવાની તક મળી. આ અમારા માટે એક ચિરંજીવ સ્મૃતિ બની રહી.



**ચેતન પટેલ**
યુ.એસ.એ.

કેટલાય હરિભક્તો મંદિરથી પાંચસોથી હજાર ફૂટ જેટલા નજીકના અંતરે જ રહેતા હતા અને છતાં પણ ગુરુની મરજી નથી, ગુરુની આજ્ઞા નથી, તે કારણે મંદિરમાં, ઉત્સવમાં લાભ લેવા ન પધાર્યા. કોઈ પ્રશ્ન નહીં, કોઈ વિનંતી નહીં, બસ આજ્ઞા અને અનુવૃત્તિનું પાલન ! આ છે હૃદયમાં મંદિર, આ છે મૂર્તિઓની પ્રતિષ્ઠા અને આ છે મંદિર પરના કળશ !

The Kalash Mahotsav 2022 was a truly special and divine celebration. The events were so well broadcasted that we felt completely connected and immersed in each ceremony that was taking place. It was so professionally executed and it is a lifetime memory captured for generations to come. Everyone worked with Samp, Suradhbav and Ekta with the ultimate goal of pleasing Shree Thakorji and Sant Bhagwant Sahebji! We are forever grateful to Sant Bhagwant Sahebji to have blessed us with the opportunity to have witnessed the process of the Mandir being built from its foundations to the crowning of the golden Kalash. These memories will always remain in our hearts.



**શયના અશ્વિન પોપટ**
યુ.કે.



**આનંદ અશ્વિન પોપટ**
યુ.કે.



**લવિના પટેલ**
મુંબઈ

Every time we get to learn something from Mission. And felt blessed to be there for about a month.

Spending whole day there was all worth it because we had lot of fun, geting more clouse eachother and not missingout an any event as it was live.

I hope to lead a life when I can get Ashwindada and Sahebdada's Rajipo and can fulfill all the seva that comes on my way. I pray to always keep sahradbhav for your bhakti and try to avoid Manushya bhav.



**અમિતાબહેન શાહ**
ઑકલેન્ડ - ન્યૂઝીલેન્ડ

ખરેખર કળશ ચઢી ગયા ! સાહેબદાદાનું અંતર્યામીપણું કેવું !? મહામારીની પરિસ્થિતિમાં બધા ભક્તો મહોત્સવમાં નહિ આવી શકે તે માટે કળશજીને દરેક કેન્દ્રોમાં મોકલી ભક્તોને દર્શન અને પૂજનનો લ્હાવો આપ્યો. ગુરુની કેવી અપરંપાર કૃપા !



**શૈલી પટેલ**
મુંબઈ

We can proudly say to our next generation that we have experience the pujan vidhi of Kalash that our right on the top of the temple. I got an opportunity to perform the seva a month before the Kalash Mahotsav. To my surprise it was best time I have ever lived and I am missing it now. The experience there was overwhelming and learning. I got there was a lifetime teaching which no school or institute can ever teach.



**અશ્વિનભાઈ પટેલ**
વડોદરા - ગુજરાત

મહાઆરતી કરવાનો લાભ મળ્યો જે શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. વળી સોનામાં સુગંધ ભળે એમ મહાઆરતી પ્રગટાવી સૌ અક્ષરમુકતોને આપવાની સેવા મંડળના યુવા હરિભક્તોને મળી, એની ધન્યતા સૌ અનુભવે છે. સાહેબદાદાના પ્રેમથી ખેંચાઈને કોરોનાકાળમાં પણ શ્રી દ્વારકેશલાલજી મહારાજ તથા શ્રી વ્રજરાજકુમારજી મહારાજ પધાર્યા. તેઓએ કબૂલ્યું કે, 'અમે માત્ર સાહેબદાદાના પ્રેમને લઈને જ આવ્યા છીએ અને આવતા રહીશું. આપણને એમ થાય કે, સાહેબદાદા આપણા છે, પણ જ્યારે આવા સંતોને સાંભળીએ તો લાગે કે, સાહેબદાદા તો સૌના છે !






**બ્રિજ પટેલ**
પૂના - ભારત

દિવ્ય, ભવ્ય, અલૌકિક, અભૂતપૂર્વ, ઐતિહાસિક અને સર્વોપરી કળશ મહોત્સવ ! કળશની ઉમંગસભર શોભાયાત્રા, મહાયજ્ઞનો અલૌકિક અને પવિત્ર માહોલ, ભજન રમઝટ, અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની સર્વોપરી વાતો, સંતભગવંત સાહેબદાદાનાં દિવ્ય મહિમાગાન, સાહેબદાદાની સમાજસેવકોને બિરદાવવાની ઉદાત્ત ભાવના, નૂતન સંતોનાં સમર્પણની સુવાસ, ભવ્ય પૂર્ણાહુતિ સભા, અક્ષરધામતુલ્ય મંદિર પરિસર અને એમાં અદ્ભુત મહા આરતી ! આ બધાંની સાથે સંતભગવંત સાહેબદાદા અને સદ્ગુરુ સંતોનાં પ્રત્યક્ષ દર્શન અને સેવાનો સર્વોપરી લાભ મળ્યો MKM 2022 - જીવનભરની સ્મૃતિ અને સંભારણાં રૂપે !






**કે. બી. પટેલ**
ખંભાત

દરરોજ કાર્યક્રમ શરૂ થાય તેની આતુરતાપૂર્વક રાહ જોતા અને બધા સંતો, ભક્તોનાં દર્શન કરીને પણ આનંદ આવતો. ચાર દિવસ ક્યારે પૂરા થઈ ગયા તેની ખબર જ ન પડી. જે વિડિયોદર્શન કર્યું તેની સ્મૃતિ સરસ રહી. પૂ. સાહેબની સરસ રીતે શણગારેલા રથમાં બેસીને એન્ટ્રી થઈ તે તો અદ્‌ભુત હતું ! આપણી યુવકોની ટીમને પણ ધન્યવાદ !



**અમિષા માંગુકિયા**
ભિંગરાડ, ગુજરાત

મને પૂ. સાહેબદાદા અને સર્વે સંતોનાં આસન-ગાલીચા બનાવવાની સેવા મળી. જ્યારે પૂ. સાહેબદાદા એ આસન પર બિરાજમાન થાય ત્યારે સતત એ પ્રાર્થના થઈ, 'હે સાહેબદાદા ! આપ સદાય મારા અંતરમાં બિરાજજો.' પૂ. સાહેબદાદા કહે છે કે, 'સંપ, સુહૃદભાવ અને એકતાથી સેવા કરવી, હળીમળીને રહેવું.' વિવિધ સેવા કરીને સહુનાં દર્શન કરીને માહાત્મ્ય વધે એવાં ભાવનાદર્શન કરવાનો લાભ મળ્યો ! સહુ મુક્તોનાં દર્શન કરીને મને પણ અંતરમાં સેવા કરવાનો ઉમંગ જાગતો હતો.



**મનીષ પ્રજાપતિ**
મોગરી

બાળકો સાથે ઝંડા અને તોરણ લગાડવાની સેવા કરતા હતા ત્યારે બધાં બાળકો સંપથી અને એકબીજાંને નમીને, સુહૃદભાવથી સેવા કરતાં હતાં તેનાં દર્શન થયાં. પીરસવાની સેવામાં યુવાનેતાઓ બધા ભક્તોને પ્રેમથી બોલાવે, જમવાનું પીરસે, એમના વચ્ચે જે આત્મીયતા અને એકબીજા માટેના પ્રેમ ને એકતાનાં દર્શન થયાં, બધા જ એકબીજાને નમીને સેવા કરતા તે દિવ્ય દર્શન થયાં; આ સાહેબજી, સદ્‌ગુરુ સંતો અને સૌ વ્રતધારી સંતોના દાખડાનું પરિણામ છે !

'શ્રી સ્વામિનારાયણ મંદિર કળશ મહોત્સવ-૨૦૨૨' એ ગુરુહરિ સંતભગવંત સાહેબજીની આખા સમાજને અમૂલ્ય ભેટ હતી ! સાહેબદાદાને રાજી કરવા અનુપમ મિશન ઈન્ટરનેશનલ યુવતી મંડળને વિવિધ વિભાગોમાં સેવાઓ કરવાની તક મળી. તેમને રાજી કરવાના ભાવ સાથે કરેલી સેવાઓએ અમ સૌનાં અંતર ચોખ્ખાં કર્યાં, પરિણામે સૌએ સંપ, સુહૃદભાવ સાથે એકમનાં થઈ સેવા કરી. અમારાં સૌની પ્રાર્થના છે કે, સાહેબદાદાના અંતરની પ્રસન્નતા થકી અમારાં 'સ્વ'ના ભાવ ઓગળે. હે ગુરુહરિ સાહેબદાદા ! અમ સૌને એવી જાગ્રતતા અને બળ દેજો. અમારી સર્વ વૃત્તિઓ ઓગળી જાય અને અમારું સમગ્ર જીવન માહાત્મ્યયુક્ત સેવા-ભક્તિ કરવામાં વીતે એવી અમ સૌ યુવતીઓની પ્રાર્થના છે !

**અનુપમ મિશન ઈન્ટરનેશનલ યુવતી મંડળ**



**રાજેશભાઈ પટેલ**
અંકલેશ્વર

અદ્‌ભુત અદ્‌ભુત અદ્‌ભુત સમૈયો ! ખરેખર સૌ ભક્તો, સંતોની સેવા-ભક્તિને વંદન ! નથી આવી શકાયું એનો વસવસો છે, પરંતુ સમૈયાના સઘળા કાર્યક્રમ-સભા ઓનલાઈન ઍટેન્ડ કરવાનો અવસર પ્રાપ્ત થયો. થોડા ભક્તો-કાર્યકરો હોવા છતાં ખૂબ સુંદર આયોજનબદ્ધ સેવા થઈ એનાં દર્શન થયાં. સાહેબદાદાના સંકલ્પે સઘળું સરળ અને સાકાર થાય છે એની દિવ્ય અનુભૂતિ થઈ.

प.पू. साहेब दादा के चरणों में सादर नमन। प. पू. साहेब दादा की प्रेरणा और असीम कृपा से मोगरी स्थित नवनिर्मित श्री स्वामिनारायण मंदिर में कलश महोत्सव १४-१७ जनवरी का आयोजन श्रद्धालुओं की सीमित उपस्थिति में मनाने - देखने का शुभ योग हम सभी को मिला। मंदिर की अनुपम छटा और सभी श्रद्धालुओं की भक्ति अत्यंत सुख प्रदान कर रही थी। माहौल में अनुपम शांति, भक्ति और सेवा आनंदित कर रही थी। प.पू. साहेब दादा और सदगुरु संतों प.पू. अश्विन दादा, शांति दादा, मनोज दादा तथा अन्य संतों के शुभ आशीर्वाद से हम सभी अपने संचित प्रारब्धों को धो रहे थे। यह सचमुच एक नये युग का प्रारंभ है। जय श्री स्वामिनारायण वंदन।

**સંજયભાઈ શરાફ**
હૈદરાબાદ






**નિમિષાબહેન સોની**
બ્રિસ્બૅન – ઑસ્ટ્રેલિયા

સાહેબજીના સંકલ્પે મંદિરજી રચાયું ત્યાંથી લઈને કળશજી આરૂઢ થયા તે સમયમાં ભક્તોએ તપ, નિયમ, વ્રત, દાન અને સેવા કર્યાં તો સર્વેનાં અંતર ચોખ્ખાં થઈ ગયાં. સરકારના આદેશોના યથોચિત પાલન કરી આટલો ભવ્ય પ્રસંગ પાર પડે તે સાબિત કરે છે કે, સત્પુરુષના સંકલ્પે અને વચને ભગવાન બંધાઈ જાય છે. કળશ મહોત્સવનો સમૈયો મારા મતે સૌ ભક્તોની આધ્યાત્મિક ઉન્નતિસભર સાધનાયાત્રાનું સુંદર પ્રતિબંબ હતું.



**સુસ્મિતાબહેન કુલકર્ણી**
બ્રિસ્બૅન – ઑસ્ટ્રેલિયા

Live telecast made it possible for everyone to attend virtually and offer seva-bhakti as a part of the mahotsav. The celestial darshan of mogri mandir, the decorations, maha aarti and Sadguru santo's aashirwaad were ecstatic. We could feel the divine presence of Sahebdada with utmost bliss whilst watching kalashji being set on the mandir. Even with distance, precautions and hurdles this event showed the true significance of samp, suhradbhav and ekta.



**કંચનબહેન**
સુરેન્દ્રનગર

૨૦-૧૨-૨૧ના રોજ રણછોડદાદાનો ફોન આવ્યો, કાલે તારા ઘરે કળશજી પધરાવવાના છે. હું ખૂબ જ ખુશ થઈ ગઈ. ૨૦-૨૫ બહેનો સામૈયું કરવા સામે ગયાં ને કળજીને માથા ઉપર લઈને ઘરે પધરામણી કરી. આડોશ-પાડોશની બહેનો દર્શન કરવાં આવ્યાં ત્યારે સંતોએ 'કળશજી' વિશે વિસ્તારથી સમજાવ્યું. સુરેન્દ્રનગરમાં હું મિશનની એક જ હરિભક્ત છું, ને મારા ઘરે કળશજી આવ્યા ! સાહેબદાદાની કેટલી કૃપા, કેટલી દયા !



**મનુભાઈ પટેલ**
વડોદરા

જીવનમાં આવો મહોત્સવ માણવાનો જે લ્હાવો મળ્યો તે મારાં ધન્યભાગ્ય કહેવાય ! મહોત્સવ દરમિયાન સંતો-ભક્તોની સેવા અને સંપ, સુહૃદભાવનો જબરજસ્ત અનુભવ થયો. સંતભગવંત સાહેબજી મહારાજની અનન્ય કૃપા જ છે, જે સતત વરસી રહી છે.



**ભાવનાબહેન પરમાર**
અતુલ, વલસાડ

ગોસ્વામીજીએ કહેલા એ શબ્દો હજુ પણ કાનમાં ગુંજે છે કે, 'સાહેબજીના પ્રેમમાં કોઈ પથ્થર હૃદયના વ્યક્તિને પિગાળવાની તાકાત છે.' અને ગુરુવર્ય પૂજ્ય સાહેબદાદા જ્યારે બોલ્યા કે, 'અમે તો આપના ફેન છીએ.' એ પળે હૃદયમાં હળવું હાસ્ય છવાઈ ગયું.



**કિરીટભાઈ વોરા**
ઘાટકોપર (ઈસ્ટ) – મુંબઈ

હું સાહેબજીને ફક્ત એક જ વાર મળ્યો છું, પરંતુ એમ લાગે છે કે, મારો તેઓ સાથે જન્મજન્માંતરનો સંબંધ છે. કળશજીનાં પૂજન અને કળશ મહોત્સવે ગામોગામ, દેશ-પરદેશમાં અને હૃદયની ભીતરમાં દિવ્યતાનું અદ્ભુત વાતાવરણ સર્જ્યું છે. ગુરુજનોના આશીર્વાદ વગર આ શક્ય નથી.



**શિતલ જાસ્મિન પટેલ**
સિડની– ઑસ્ટ્રેલિયા

સહુનાં હૃદયમંદિરે કળશજી બિરાજ્યા એવા ભાવ છે ! સહુ ભક્તોએ મંદિર કળશ મહોત્સવમાં દિવ્ય રીતે online ભાગ લઈ અત્યંત ધન્યતા અનુભવી ! અમે અહીં ઑસ્ટ્રેલિયામાં હોવા છતાં પણ જાણે ત્યાંજ છીએ એવી અદ્ભુત અનુભૂતિ અમને સહુને આપે કરાવી.



**મહેશભાઈ અંબાણી**
મોરબી

આવું પહેલી વાર બન્યું હશે કે, દરેક ભક્તોને કળશનાં પૂજનનો લાભ ઘર બેઠાં પ્રાપ્ત થયો. મર્યાદિત લોકોએ જ ભેગા થવાનું હોવા છતાં આ સંતોએ કશું મોળું વિચાર્યા વગર અદ્ભુત ડૉમ-ડૅકોરેશન-સભાવ્યવસ્થા કર્યાં. ઘરે લગ્ન હોય ને સારું કરવા જે દાખડો કરીએ એથી પણ સવિશેષ સેવા-ભકિત આ સંતોએ અદા કરી.






**પ્રિયંકા અંકુર પટેલ**
પર્થ – ઑસ્ટ્રેલિયા

Brilliant Management & Exceptional Broadcasting. ટૅક્નિકલ ટીમના સૌ સંતો-સેવકોને કોટિ કોટિ વંદન ! સમગ્ર મહોત્સવમાં ઝીણવટપૂર્વકની વ્યવસ્થાનાં એટલે કે સંતોની ભક્તિનાં દર્શન થતાં હતાં. સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોનાં દર્શન અને આશીર્વાદ આધ્યાત્મિક ઉન્નતિનાં બળ પમાડી ગયાં.




**રક્ષિતાબહેન સુખડિયા**
ચેન્નાઈ – ભારત

મહોત્સવ ખૂબ વિશિષ્ટ રહ્યો. મંદિરની સમૂહ આરતી વખતે અદ્‌ભુત દિવ્યતાનો અનુભવ થયો ! જાણે અક્ષરધામથી દેવી-દેવતાઓ પધાર્યાં હોય તેવો અહેસાસ થયો. મને આરતીની થાળી બનાવવાની અને યજ્ઞ માટેની તૈયારી કરવાની સેવાનો લાભ મળ્યો, જેમાં દરેક હરિભક્તો સાથે સેવા કરીને ખૂબ જ આત્મીયતા બંધાઈ અને મહિમા સમજાયો ને તેઓ નિઃસ્વાર્થભાવે સેવા કરે છે તેનાં દર્શન થયાં.



**અંકિતાબહેન ગામી**
હૈદરાબાદ – ભારત

કળશ ચઢ્યા... હૃદય મંદિરજીએ અમે સંપ, સુહૃદભાવ, એકતારૂપી કળશ ચઢાવીએ. મહિમારૂપી કળશ અમ વાણીમાં ચઢાવીએ. શાંતિરૂપી કળશ અમ જીવનમાં ચઢાવીએ. અભાવ, અવગુણ, નિંદા નહિ કરી અમ વર્તનમાં કળશ ચઢાવીએ. સ્વામિનારાયણ મહામંત્રનો જાપ કરી શુદ્ધ ઉપાસનાનો કળશ ચઢાવીએ. હે સાહેબદાદા ! અમારા જીવનમાં ગમે તેવાં વાવાઝોડાં આવે તો પણ અમારાં મૂળિયાં ઉખડે નહિ એવી દૃઢ નિષ્ઠા પાકી થાય અને અમારા હૃદયમંદિરમાં સહુ પ્રત્યેના સુહૃદભાવનો કળશ ચઢે એવી આપના ચરણોમાં પ્રાર્થના !



**હીર બારોટ**
ભરૂચ

નવનિર્મિત મંદિરની મહાઆરતી કરવાનો અદ્‌ભુત અવસર આવ્યો. આખાય મંદિર પરિસરમાં સંતભગવંત સાહેબજી મહારાજ, સદ્‌ગુરુ સંતો, સંતો અને હરિભક્તો દ્વારા અદ્‌ભુત અને દિવ્ય મહાઆરતી થઈ. સાંજની આ મહાઆરતી તો જાણે મુક્તાનંદ સ્વામી રચિત 'જય સદ્‌ગુરુ સ્વામી...' આ શબ્દોએ જાણે દેહ ધારણ કર્યો હોય એમ અગણિત નર-નારીઓ સાથે સ્વયં પ્રગટ ગુરુહરિ સાહેબદાદાએ બિરાજીને આ સમગ્ર મંદિરમાં આરતી કરી અને સાહેબદાદાની ઉપસ્થિતિમાં સિદ્ધિ સુગમ થઈ ગઈ હોય એવું લાગતું હતું.



**મીરાંબહેન – હિનાબહેન**
ખંભાત

મહોત્સવનું આયોજન ખૂબ ભવ્ય અને સુંદર સુશોભન સાથે થયું, જેનું વર્ણન શબ્દમાં કરવું અશક્ય છે. શોભાયાત્રા, યજ્ઞ, સ્ટૅજ ડેકૉરેશન એટલું સુંદર લાગતું હતું કે બસ દર્શન કર્યાં જ કરીએ. સંધ્યા સમયે મંદિરજીનું લાઈટ ડેકોરેશન સાક્ષાત્ અક્ષરધામ લાગતું હતું. યજ્ઞમાં શ્લોકોચ્ચારથી વાતાવરણ ખૂબ પવિત્ર અને દિવ્ય લાગતું હતું.



**મુકુંદભાઈ સરવૈયા**
રાજકોટ

સાહેબજી અને સર્વે સંતોએ અવિરત ભીડો વેઠી મંદિરનું નિર્માણ કર્યું છે. પ.પૂ. સાહેબજીની વિશાળતા, પ્રેમનીતરતો ભાવ, પોતાના ગુરુ યોગીજી મહારાજ તરફની દૃષ્ટિ દરેકને સ્પર્શી જાય છે. અનુપમ મિશનના સર્વ સંતોએ દરેક કાર્યમાં અદ્‌ભુત ભક્તિ અદા કરી છે. જીવનનું એક ખૂબ સરસ સંભારણું એટલે કળશ મહોત્સવ !



**યોજશ પટેલ**
મોગરી

કોરોના નિયંત્રણને પરિણામે મર્યાદિત સંખ્યામાં સ્વયંસેવકો પધારી શક્યા તેથી ઘણા બધા વિભાગોની સેવા ગુરુસભાના યુવકો અને બાળકોને પ્રાપ્ત થઈ. મંદિર સુશોભન અને અનુપમ મિશન કેમ્પસને સજાવવા સૌ બાળકો, યુવાનો સેવામાં લાગ્યાં. ઝંડા રોપવા, ધજાપતાકા લગાવવાં, બૅનર લગાવવાં જેવી સુશોભન અંગેની સેવાઓ કરી. આ સમૈયામાં અમને વડીલો પાસેથી ખૂબ શીખવા મળ્યું. સાહેબદાદાના આશીર્વાદ ખૂબ પ્રાપ્ત થયા. અમ યુવાનો માટે આ સમૈયો ખૂબ મોટો લ્હાવો બની ગયો.

શ્રી સ્વામિનારાયણ મંદિર કળશ મહોત્સવ નિમિત્તે

# શ્રમદાન

સંતભગવંત સાહેબજીની પ્રેરણા અને આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર કળશ મહોત્સવ નિમિત્તે અનુપમ મિશનની વ્યવસ્થાપન સમિતિ દ્વારા તારીખ ૨ અને ૯ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ શ્રમદાન ભક્તિનું આયોજન કરાયું. આ સેવાયજ્ઞમાં ભક્તિ અર્પણ કરવા અનુપમ મિશન, ભારતનાં વિવિધ કેન્દ્રોમાંથી અક્ષરમુક્તો પધાર્યા. ગુરુવચનને ઝીલી અત્યંત મહિમા સાથે સૌ સંતો-ભક્તોએ મંદિરજી અને મંદિરજી પરિસરની સફાઈ, મહોત્સવના સુશોભનની પૂર્વતૈયારીઓ, કળશ મહાયજ્ઞ સંલગ્ન સેવાઓ, રસોડાની સેવાઓ, પરિસર સજ્જતા માટેની વ્યવસ્થાઓ જેવાં અનેક સેવાકાર્યોમાં શ્રમદાન અર્પણ કરી ભક્તિ અદા કરી. શ્રમયજ્ઞ બાદ સાંજે નૂતન મંદિરના પ્રદક્ષિણાપથ પર સૌ ભક્તોએ સામૂહિક પ્રદક્ષિણા ભક્તિ અર્પણ કરી પરિસરને સ્વામિનારાયણ મહામંત્રથી ગુંજાવી દીધું. ત્યારબાદ સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોનાં સાંનિધ્યે સત્સંગસભા યોજાઈ, જેનો લાભ પામી સૌ ધન્ય થયાં. સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા, પૂ. શાંતિદાદાએ આશીર્વાદ આપી સૌની સેવા અને ભક્તિને બિરદાવી તેમજ આધ્યાત્મિક માર્ગદર્શન પ્રદાન કરી સાધનાની સમજ આપી. ભાઈઓ-બહેનો સૌ ભક્તોએ સંપ, સુહૃદભાવ અને એકતા સાથે સમયબદ્ધ અને શિસ્તપૂર્ણ શ્રમયજ્ઞ કરીને અનુપમ સમર્પણ અને ઉમદા ભક્તિની અનુભૂતિ કરાવી. ◆































# અખંડ સેવા અવિરત ભક્તિ




















બ્રહ્મજ્યોતિ ભારત ૨૦૨૨













# અખંડ સેવા અવિરત ભક્તિ













# અખંડ સેવા અવિરત ભક્તિ











# સત્સંગ સમાચાર

## બ્રહ્મસ્વરૂપ પ.પૂ. સોનાબા નિર્વાણ સ્મૃતિદિન

ગુણાતીત સમાજનાં આધ્યાત્મિક જનની બ્રહ્મસ્વરૂપ પ.પૂ. સોનાબાનાં નિર્વાણ સ્મૃતિદિન–૨૧ જાન્યુઆરીના રોજ બ્રહ્મજ્યોતિ, મોગરી પર 'પારમિતા' સભાખંડમાં મંગલા આરતી બાદ સદ્ગુરુ સંતોની દિવ્ય સંનિધિમાં પ.પૂ. સોનાબાની પુનિત સ્મૃતિ કરી ભાવવંદના ધરવામાં આવી. તેઓએ વરસાવેલ નિર્વ્યાજ પ્રેમ અને સૌ સાધકોના કરેલ આધ્યાત્મિક જતન તથા સાધનામાર્ગે આપેલ પોષણની સ્મૃતિ સાથે મહિમાવંત કીર્તનનાં ગાન થયાં. પ.પૂ. સોનાબાની મૂર્તિનાં પૂજન કરી, પુષ્પહાર અર્પણ કરી હૃદયવંદના સંતોએ ધરી. ત્યારબાદ સદ્ગુરુ સંતોએ મંત્ર–પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાભાવ ધર્યા. પ.પૂ. સોનાબા કહેતાં કે, 'સ્વભજન કરી લેવું...' તે જીવનબોધને યાદ કરી સૌએ ગદ્ગદભાવે ધૂન કરી. અંતે ઉપસ્થિત સૌ સંતો–અક્ષરમુક્તોએ પણ પુષ્પાર્પણ કરી ભક્તિસુમન ધર્યાં. પ.પૂ. સોનાબાની દિવ્ય સ્મૃતિ અને મહિમાના વિચારોમાં સૌ ગરકાવ થઈ ભક્તિકાર્યોમાં જોડાયાં. ◆

## બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ નિર્વાણ સ્મૃતિદિન

૨૩ જાન્યુઆરીના રોજ ગુરુદેવ યોગીજી મહારાજના ૫૧મા નિર્વાણ સ્મૃતિદિને બ્રહ્મજ્યોતિ, મોગરીમાં 'પારમિતા' સભાખંડમાં મંગલા આરતી બાદ તેઓને શ્રદ્ધાસુમન અર્પણ કરાયાં. અનુપમ સૂરવૃંદના સંતોએ કીર્તનગાન કરીને ભક્તિવંદના ધરી. પૂજન કરી, પુષ્પહાર દ્વારા સંતોએ ભાવવંદના અર્પણ કરી. સૌ કોઈ ગુરુદેવ યોગીજી મહારાજની પાવન સ્મૃતિમાં લીન થયાં. સદ્ગુરુ સંત પૂ. શાંતિદાદાએ અદ્ભુત પ્રાર્થના કરી યોગીજી મહારાજની જીવનભાવનાનું દર્શન કરાવ્યું અને સૌની આધ્યાત્મિક ઉન્નતિ માટે આશિષયાચના પણ કરી. મંત્રપુષ્પાંજલિ દ્વારા સૌએ ભક્તિભાવ અર્પણ કર્યા. સાંજે ગુરુદેવ યોગીજી મહારાજની પુનિત સ્મૃતિમાં યોજાતી કીર્તન આરાધનાનું આયોજન થયું, જેનાં જીવંત પ્રસારણ ડિજિટલ માધ્યમથી કરવામાં આવ્યાં. આ વાર્ષિક કીર્તનવંદનામાં સંતો અને અનુપમ સૂરવૃંદના યુવાનોએ કીર્તનભક્તિ રેલાવી સૌને યોગીબાપાની મૂર્તિ અને સ્મૃતિમાં ગુલતાન કરી દીધાં. આ પ્રસંગે યોગીબાપાના પ્રિરેકૉર્ડેડ આશિષ–પ્રવચનનાં શ્રવણ કરવામાં આવ્યાં, જે થકી સ્વરૂપનિષ્ઠા અને ઉપાસનાની શુદ્ધ સમજણ સૌએ દૃઢ કરી. સદ્ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ પ્રદાન કરી સૌને યોગીજી મહારાજના વિરાટ ને વિશાળ બ્રહ્મસ્વરૂપના મહિમામાં લીન કર્યાં. ◆

## 'તીરથ' સેવા પ્રેરણાપટ અનાવરણ

સંતભગવંત સાહેબજીની કૃપા અને પ્રેરણાથી કાયાકલ્પ પામેલી તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં અનેક પ્રકલ્પોનાં નિર્માણ થયાં, જે પૈકીનું એક અદ્વિતીય સર્જન એટલે 'તીરથ', જેમાં તીર્થયાત્રાધામ છપૈયા અને ધારીની અદ્વિતીય પ્રત્યક્ષ અનુભૂતિ થાય છે. સંતભગવંત સાહેબજીના આ દૃષ્ટિવંત સંકલ્પને સુપેરે પાર પાડવા માટે અનેક સંતો અને અક્ષરમુક્તોએ તથા કુશળ–કલાકારોએ ભક્તિસંપન્ન પ્રયત્નો કર્યા, તેમાં ચાર સદ્ગૃહસ્થ અક્ષરમુક્ત પરિવારે જે આર્થિક સહયોગ કર્યા તે સદૈવ પ્રેરણારૂપ છે. સેવા અને સમર્પણની આ પ્રેરણા શાશ્વતકાળ સુધી સૌને પ્રાપ્ત થાય તેવી સદ્ભાવના સાથે આ સદ્ગૃહસ્થોના નામાંકિત કરેલ સેવા પ્રેરણાપટ તીરથમાં સ્થાપિત કરાયાં, જેનાં અનાવરણ સદ્ગુરુ સંતોના દિવ્ય સાંનિધ્યમાં ૨૩ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ સંપન્ન થયાં.



પ.પૂ. સોનાબાને નિર્વાણ સ્મૃતિદિને સ્મૃતિવંદના અર્પણ



ગુરુદેવ યોગીજી મહારાજના નિર્વાણ સ્મૃતિદિને મંત્રપુષ્પાંજલિ અર્પણ

અમેરિકા નિવાસી ડૉ. જિતુભાઈ અને રીટાબહેન પટેલ, બિમલભાઈ અને પૂજાબહેન શેઠ, ઈંગ્લેન્ડ નિવાસી વિજયભાઈ અને દર્શનાબહેન ઠક્કર, ભારત સ્થિત દ્વિજેનભાઈ અને સમીરાબહેન પંચાલ એમ આ ચાર પરિવારના પરમ દિવ્ય અક્ષરમુક્તોએ તેઓનાં પુણ્યશાળી માતા-પિતાની દિવ્ય સ્મૃતિમાં સેવા યોગદાન અર્પણ કર્યાં. તેઓનાં આ સમર્પણને સૌએ ભક્તિભાવે વંદન ધર્યાં અને સદ્‌ગુરુ સંતોએ વિશેષ બિરદાવ્યાં. સંતભગવંત સાહેબજીએ તેઓ સૌ પર અંતરની પ્રસન્નતા વરસાવી. આવા સેવામૂર્તિ સમાન અક્ષરમુક્તોની ભક્તિને નતમસ્તકભાવે વંદન ! ◆

## ભારતના ૭૩મા પ્રજાસત્તાકદિનની ઉજવણી

*** મોગરી :** મોગરી સ્થિત અનુપમ મિશન પ્રેરિત યોગી વિદ્યાપીઠની વિવિધ વિદ્યાશાખાઓ આનંદ બાલવાડી, મિત્ર પુનર્વસન કેન્દ્ર, જ્ઞાનયજ્ઞ વિદ્યાલય, ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજી સૅન્ટર, અક્ષરપુરુષોત્તમ ટૅક્નિકલ ઈન્સ્ટિટ્યૂટ તેમજ સહજાનંદ કલાસાધના તીર્થ દ્વારા પ્રજ્ઞાનતીર્થ-સર્વાંગી શિક્ષણ સંસ્થાન, મોગરી ખાતે ભારતનું ૭૩મું પ્રજાસત્તાક પર્વ સલામત સામાજિક અંતર જાળવી ઉજવાયું.

સંતભગવંત પ.પૂ. સાહેબદાદાની દિવ્ય કૃપાશિષથી સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા, પૂ. શાંતિદાદા તેમજ યોગી વિદ્યાપીઠના કુલગુરુ પૂ. ડૉ. રતિકાકા અને ચિફ ઍક્ઝિક્યુટિવ ડિરેક્ટર ડૉ. એન. સી. પટેલ, ભદ્રેશભાઈ દેસાઈ, બારીન્દ્રભાઈ પટેલ (યુ.કે.), વિજયભાઈ ઠક્કર (યુ.કે.), ભાવેશભાઈ પટેલ (યુ.એસ.એ.), વ્રતધારી સંતો, તેમજ શિક્ષકોની ઉપસ્થિતિમાં અનુપમ મિશન-અમૅરિકાના ઉપાધ્યક્ષ એવા મુખ્ય મહેમાન ડૉ. જિતેન્દ્રભાઈ પટેલ દ્વારા તિરંગાને અંતરીક્ષમાં ફરકાવવામાં આવ્યો ત્યારે સૌએ રાષ્ટ્રગીતનાં ગાન સાથે રાષ્ટ્રધ્વજને સલામી આપતાં દેશદાઝની ઉષ્મા અનુભવી.

મુખ્ય મહેમાન ડૉ. જિતેન્દ્રભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં બંધારણ રચના અને તે સમયની આનુષંગિક ઘટનાઓનો ઉલ્લેખ કરી બંધારણના ઘડવૈયા તથા આઝાદીના લડવૈયાઓને અંજલિ અર્પી. સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ આશીર્વચનમાં વસુધૈવકુટુંબકમની ભાવનાની વાત કરીને જણાવ્યું કે, 'આજે આપણે સંકલ્પ કરીએ કે, એક વ્યક્તિ તરીકે આપણી પોતાની, પરિવાર, સમાજ, રાજ્ય, રાષ્ટ્રની ગરિમા જળવાય, તેનું ગૌરવ વધે તેવું મારાથી કાંઈક અર્પણ થાય. આપણાં બાળકોને રાષ્ટ્રિય ગૌરવ ઉજાગર કરતા આવા કાર્યક્રમોમાં ભાગ લેતાં કરીએ.'

જ્ઞાનયજ્ઞ વિદ્યાલયની ધો. ૧૦ની વિદ્યાર્થિની આશકા શાહે જોશીલું વક્તવ્ય આપ્યું. ડૉ. રતિકાકાએ મંચસ્થ મહેમાનોને સ્મૃતિચિહ્ન પાઠવી અભિવાદન કર્યું. ધો. ૧૦ની વિધિ પટેલે સુંદર સભાસંચાલન કર્યું. સહજાનંદ કલાસાધના તીર્થના સૂરવૃંદ દ્વારા દેશભક્તિ ગીતગાન પ્રસ્તુત કરવામાં આવ્યાં. આ પ્રસંગે શાળાના એન.સી.સી. બૅન્ડના કેડેટ્સ, ઉદ્‌ઘોષક વિધિ પટેલ તથા પ્રસંગોચિત વક્તવ્ય આપનાર આશકા શાહનું મંચસ્થ મહાનુભાવો તથા અતિથિઓના હસ્તે પુરસ્કાર એનાયત કરી બહુમાન કરાયાં. આચાર્યશ્રી નરેશભાઈ પટેલે કાર્યક્રમની સફળતામાં સહભાગી સૌ પ્રતિ કૃતજ્ઞતા વ્યક્ત કરી. ◆

*** ધારી :** અનુપમ મિશન સંચાલિત યોગીજી મહારાજ મહાવિદ્યાલયમાં ૭૩મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી ઉલ્લાસપૂર્વક કરવામાં આવી. સદ્‌ગુરુ પૂ. અરુણભાઈની ઉપસ્થિતિમાં પ્રિન્સિપાલ ડૉ. આર. કે. દવેસાહેબના હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવ્યું. આ પ્રસંગે સંસ્થાના અધ્યાપક શિક્ષક ભાઈઓ-બહેનો, બિનશૈક્ષણિક કર્મચારીઓ, વિદ્યાર્થિની બહેનો ઉપસ્થિત રહ્યાં. આ પ્રસંગે ડૉ. આર. કે. દવે અને સદ્‌ગુરુ પૂ. અરુણભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યાં. ◆



'તીરથ'માં સેવા પ્રેરણાપટના અનાવરણ પ્રસંગે સદ્‌ગુરુ સંતોના આશીર્વાદ



પ્રજ્ઞાનતીર્થ, મોગરી ખાતે ભારતના પ્રજાસત્તાક દિને ધ્વજવંદના





ધારી અને ઉપાસના ધામ, અમદાવાદ ખાતે પ્રજાસત્તાક પર્વની ઉજવણી

*** અમદાવાદ, ઉપાસના ધામ :** ૨૬ જાન્યુઆરીના રોજ પ્રજાસત્તાક દિનની ઉજવણી ઉપાસના ધામ, અમદાવાદના પ્રાંગણમાં સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ મર્યાદિત યુવક-યુવતીઓ તથા ગૃહસ્થ ભક્તોની ઉપસ્થિતિમાં દેશભક્તિભાવ સાથે કરવામાં આવી. આ પ્રસંગે મુખ્ય અતિથિશ્રી બિમલભાઈ શેઠ અને પૂજાબહેન સાથે સાધુ પૂ. ગૌતમદાસ, સાધુ પૂ. સતીશદાસ, નરસીદાદા, અક્ષરમુક્ત ઘનશ્યામભાઈ પાઠક-શ્રુતિબહેને મંચ પર સ્થાન ગ્રહણ કર્યાં. બિમલભાઈ શેઠે ધ્વજવંદન કરી દેશભાવના જાગૃત કરતું ચોટદાર પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું અને સાધુ પૂ. ગૌતમદાસે ઉપસ્થિત સૌને આશીર્વાદ પ્રદાન કર્યા. ◆

*** શારદા મંદિર, નડીઆદ :** શારદા મંદિર, નડીઆદમાં અખંડ ભારતના ૭૩મા પ્રજાસત્તાકદિનની ભવ્ય ઉજવણી સમારંભના મુખ્ય મહેમાન જાણીતા સંગીતકાર શ્રી બ્રીજ જોષીની ઉપસ્થિતિમાં થઈ.

કાર્યક્રમના શુભારંભે ધો. ૧૧ની વિદ્યાર્થિનીઓ દ્વારા 'મિલે સૂર મેરા તુમ્હારા...' પ્રાસંગિકનૃત્ય રજૂ થયું. શ્રી બ્રીજ જોષીના વરદ હસ્તે રાષ્ટ્રધ્વજને મુક્ત ગગનમાં લહેરાવવામાં આવ્યો. શ્રી બ્રીજ જોષીએ પોતાના પ્રાસંગિક વક્તવ્યમાં જણાવ્યું, 'અભ્યાસ આજીવન ચાલતી પ્રક્રિયા છે અને ૨૧મી સદી જ્ઞાનની સદી છે. ત્યારે વિદ્યાર્થીઓ જ્ઞાન સાથે મા-બાપ-ગુરુનું સન્માન, ઈશ્વરનું સન્માન તથા ધર્મનું આચરણ કરે તે ખૂબ જરૂરી છે. ધોરણ ૬થી ૮નાં બાળકલાકારોએ 'વન્દે જનની ભારત ધરણી...' દેશભક્તિ ગીતની સુંદર રજૂઆત કરી. કૃતિ સૈયાએ પ્રાસંગિક ઉદબોધનમાં ભારતના ઉજ્જ્વળ ભવિષ્યની તાસીર આપી. મૅનેજિંગ ટ્રસ્ટી સાધુ પૂ. સુનીલભાઈ પંડ્યાએ સૌને પ્રજાસત્તાકદિનની શુભેચ્છાઓ પાઠવી. રાષ્ટ્રગીતના ગાન બાદ કાર્યક્રમ સંપન્ન થયો. કાર્યક્રમનું સંચાલન ધોરણ ૧૧નાં હેતા પરમાર અને નાસીરહુસૈન મોમીને કર્યું. ◆

## ઉપાસના ધામ, અમદાવાદ મંદિરનો પંચમ પાટોત્સવ

ઉપાસના ધામ, અમદાવાદ મંદિરે બિરાજિત શ્રી ઠાકોરજી અને ગુણાતીત સ્વરૂપોની મૂર્તિઓનો પંચમ પાટોત્સવ સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાની દિવ્ય ઉપસ્થિતિમાં ૧ ફેબ્રુઆરીના રોજ સંપન્ન થયો. યુ.કે.ના સાધુ પૂ. હિંમતદાસજી, પૂ. પંકજદાસજી, પૂ. કિરણદાસજી તથા અમૅરિકાના સાધુ પૂ. જયેશદાસજી, પૂ. અરવિંદદાસજી, અમદાવાદના સાધુ પૂ. ગૌતમદાસજી, પૂ. પ્રિયકાંતદાસજી, પૂ. હર્ષદદાસજી અને બ્રહ્મજ્યોતિ, મોગરીથી પધારેલ સાધુ પૂ. સતીશદાસજી, પૂ. ઉત્પલદાસજી, પૂ. અશોકદાસજી અને પૂ. ભરતદાસજી દ્વારા પાટોત્સવ વિધિ કરવામાં આવી. આ પ્રસંગે અમદાવાદના સ્થાનિક અક્ષરમુક્તોએ ઉપસ્થિત રહીને દિવ્ય આધ્યાત્મિક લાભ પ્રાપ્ત કર્યો. યુવાનોએ સમગ્ર વ્યવસ્થા સંભાળી અને યુવતીઓએ રંગોળી તેમજ સુશોભનના ભાવ પ્રગટ કરી ભક્તિ અદા કરી. આ પ્રસંગે અમૅરિકાના ડૉ. જિતુભાઈ પટેલ, સાધુ પૂ. હિંમતદાસજી અને ઘનશ્યામભાઈ પાઠકે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં



શારદામંદિર, નડિયાદમાં ભારતના પ્રજાસત્તાક દિને રાષ્ટ્રભક્તિભાવે સલામી



ઉપાસના ધામ, અમદાવાદ પંચમ પાટોત્સવ પર્વની આરતી અર્પણ

ઉત્સવના આનંદ અને પ્રાસંગિક ધન્યતાને વ્યક્ત કર્યાં. સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ પાટોત્સવ આરતી અર્પણ કરી રૂડા આશીર્વાદ પ્રદાન કર્યા. ચેતનભાઈ વ્યાસે સભાસંચાલન કરી મહિમાગાન કર્યાં. ◆

## શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાભક્તિ મહાયાગ

તપોભૂમિ બ્રહ્મજ્યોતિમાં નિત્ય યજ્ઞ થાય તેવી ભાવના સંતભગવંત સાહેબજીએ અનેક વખત વ્યક્ત કરી છે અને આવા યજ્ઞ કરવા માટે સંતો પાસે તૈયારીઓ પણ કરાવી છે. ૩ ફેબ્રુઆરી ૨૦૨૨, કાકાજી સાક્ષાત્કાર સ્મૃતિદિને સંતભગવંત સાહેબજીએ આજ્ઞા કરી અને તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી સ્થિત બ્રહ્મસમાધિ સ્થાને 'શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાભક્તિ મહાયાગ'નું આયોજન થયું.

ઉપાસનાની શુદ્ધ અને સ્પષ્ટ સમજણ સહિતનાં સૌનાં જીવન આચરણ બની રહે અને તે દ્વારા સૌ અકલ્પ્ય સુખને પામે તે શુભભાવનાથી આ મહાયાગ કરવામાં આવ્યો. સાધુઓ પૂ. હિંમતદાસજી, પૂ. ભરતદાસજી, પૂ. અશોકદાસજી, પૂ. રાજુદાસજી, પૂ. ઉત્પલદાસજી, પૂ. મૂકેશદાસજી, પૂ. તુષારદાસજી આદિએ આચાર્ય સ્વરૂપે બિરાજી ભક્તિભાવે મહાયાગ કરાવ્યો. અમેરિકાનાં ડૉ. જિતુભાઈ પટેલ-રીટાબહેન, બિમલભાઈ શેઠ-પૂજાબહેન, ભાવેશભાઈ પટેલ-છાયાબહેન, ઈંગ્લેન્ડનાં વિજયભાઈ ઠક્કર-દર્શનાબહેન યજમાન સ્વરૂપે બિરાજ્યાં અને સમગ્ર યજ્ઞ અત્યંત શ્રદ્ધાપૂર્વક સંપન્ન થયો.

આ પ્રસંગે સ્થાનિક અક્ષરમુક્તો પધાર્યા, જેમને સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોની પરમ દિવ્ય સંનિધિનો અદ્‌ભુત લાભ પ્રાપ્ત થયો. સંતભગવંત સાહેબજીએ સૌ પર કૃપાશિષ વરસાવી. સંતભગવંત સાહેબજીએ સદ્‌ગુરુ સંતોના ભાલે ને સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ સંતભગવંત સાહેબજીના ભાલપ્રદેશમાં ચંદન અર્ચા કરી. આ દિવ્ય સ્મૃતિ અલૌકિક હતી, જેને દિવ્ય પ્રસાદ સ્વરૂપે હૃદયમાં ધરીને સૌ ધન્ય થયાં.



બ્રહ્મજ્યોતિ, મોગરીમાં બ્રહ્મસમાધિ સ્થાને સાહેબજીની ઉપસ્થિતિમાં અર્પણ મહાયાગ

બ્રહ્મસમાધિ સ્થાને શ્રી ઠાકોરજી મહારાજની મૂર્તિનાં સ્થાપન કરવામાં આવ્યાં, જેનાં સંતો દ્વારા પૂજન ને આરતી અર્પણ કરાયાં. ◆

## બ્રહ્મસ્વરૂપ પ.પૂ. કાકાજી મહારાજ સાક્ષાત્કારદિન

૩ ફેબ્રુઆરીના રોજ બ્રહ્મસ્વરૂપ પ.પૂ. કાકાજી મહારાજના ૭૧મા સાક્ષાત્કારદિન નિમિત્તે બ્રહ્મજ્યોતિ, મોગરી પર 'પારમિતા' સભાખંડમાં મંગલા આરતી બાદ પ.પૂ. કાકાજી મહારાજની મૂર્તિનાં પૂજન કરી પુષ્પહાર અર્પણ કરવામાં આવ્યા. તેઓની પુનિત સ્મૃતિ સાથે કીર્તનવંદના, મંત્રપુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી. સાંજે ડિજિટલ માધ્યમથી યોજિત સત્સંગસભામાં સાધુ પૂ. હિંમતદાસજી અને સદ્‌ગુરુ પૂ. હર્ષદદાદાએ કાકાજી મહારાજ સાથેનાં સંસ્મરણો વાગોળ્યાં ને મહિમાનાં અલૌકિક ગાન કર્યાં. સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાએ ગુરુદેવ યોગીજી મહારાજ દ્વારા લિખિત ગ્રંથ 'અક્ષરતીર્થ'માં પ્રકાશિત થયેલ કાકાજી મહારાજના સાક્ષાત્કાર-સમાધિ પ્રસંગનું પઠન કરી યોગીબાપાના મહિમા અને સામર્થીનું દર્શન કરાવ્યું. તેની આધ્યાત્મિક મનનીય સમજણ અંતે સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ પ્રદાન કરી. પ્રગટ સત્પુરુષને ઓળખી, તેઓમાં જીવ જોડી, તેઓના વચને સેવા-ભક્તિ કરી, તેમના સંબંધીમાં સંપૂર્ણ નિર્દોષભાવ અને મહિમાસભર દિવ્યભાવ એ જ જ્ઞાનસમાધિ ! તેમ જણાવી અલૌકિક માર્ગદર્શન આપ્યાં. દેશ-પરદેશના અનેક સંતો-અક્ષરમુક્તોએ આ દિવ્ય સભાનો લાભ લઈ ધન્યતા અનુભવી. ◆

## ભક્તિનંદન બાલવાડીના શુભારંભ

૫ ફેબ્રુઆરી ૨૦૨૨, વસંતપંચમીનાં અતિ શુભ દિને અનુપમ મિશનની યોગી વિદ્યાપીઠ પ્રેરિત શ્રી વેમાર કેળવણી મંડળ સંચાલિત, 'ભક્તિનંદન બાલવાડી'નો મુક્તાર્પણ સમારોહ વેમાર ખાતે યોજાયો. 'શ્રી




બ્રહ્મસ્વરૂપ પ.પૂ. કાકાજી મહારાજના ૭૧મા સાક્ષાત્કારદિને પૂજન... મહિમાગાન

વેમાર કેળવણી મંડળ'ના ટ્રસ્ટીઓએ ભાવના દર્શાવી કે, 'અનુપમ મિશન સંચાલિત યોગી વિદ્યાપીઠ ત્રણ દાયકાથી વધુ સમયથી શિક્ષણસેવા કરે છે તેના માધ્યમ અને સહકારથી વેમાર ખાતે પણ સંસ્કારસંપન્ન મૂલ્યનિષ્ઠ ગુણવત્તાસભર શિક્ષણ પ્રાપ્ત થાય.' તે માટે તેઓ દ્વારા અનુપમ મિશનને દરખાસ્ત કરવામાં આવી. સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી આ દરખાસ્ત સ્વીકારી, વેમાર ખાતે 'ભક્તિનંદન બાલવાડી' સ્વરૂપે શિક્ષણના પ્રથમ સોપાનમાં નર્સરી, જુનિયર કે.જી., સિનિયર કે.જી.માં ભાર વગરના ભણતરની શરૂઆત કરવામાં આવી.

મુક્તાર્પણ સમારોહની શરૂઆત મહાપૂજા દ્વારા કરાઈ, જેમાં 'શ્રી વેમાર કેળવણી મંડળ'ના પ્રમુખશ્રી ચંદ્રકાંતભાઈ અને તેઓનાં ધર્મપત્ની શીલાબહેને યજમાનપદે બિરાજી આશિષયાચના કરી. આ પ્રસંગે સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા, પૂ. રતિકાકા, યોગી વિદ્યાપીઠના ચિફ ઍક્ઝિક્યુટિવ ડાયરેક્ટર ડૉ. એન.સી. પટેલ તથા શ્રી મા આનંદમયી આશ્રમ, ભીમપુરા-ચાણોદના પૂ. જગદીશ્વરાનંદ સ્વામી તથા પૂ. સદાનંદ સ્વામી તેમજ ડૉક્ટર જિતુભાઈ પટેલ (યુ.એસ.એ.), સાધુ પૂ. હિંમત સ્વામી, સાધુ પૂ. જયેશદાસજી, સાધુ પૂ. અરવિંદદાસજી તથા પ્રાદેશિક સંતો સાધુ પૂ. સતીશદાસજી અને સાધુ પૂ. મણિદાસજી સાથે બીજા સંતો અને મુક્તો પણ ઉપસ્થિત રહ્યા.

'ભક્તિનંદન બાલવાડી'માં બાલભૂલકાંઓ માટે સુવિધાપૂર્ણ ક્રીડાંગણ ને સુસજ્જ વર્ગખંડો તૈયાર કરાયાં. જે પૈકી ક્રીડાંગણનું મુક્તાર્પણ રાજેશ્રીબહેન ગોકલ (દુબઈ) દ્વારા તેમજ બાલવાડીના વર્ગખંડોનાં મુક્તાર્પણ પૂ. જગદીશ્વરાનંદ સ્વામી-પૂ. સદાનંદ સ્વામી, સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા-પૂ. રતિકાકાના વરદ હસ્તે કરવામાં આવ્યાં. ઉદ્‌ઘાટનવિધિ બાદ સભાનું આયોજન કરાયું. ચંદ્રકાંતભાઈએ સ્વાગત પ્રવચન તેમજ ડૉ. એન. સી. પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યાં. સદ્‌ગુરુ સંત પૂ. રતિકાકાએ આશીર્વાદ પ્રવચનમાં બાળકોને સમય આપવાની સાથે પારિવારિક સંવાદિતા રાખવા શીખ આપી. પૂ. જગદીશ્વરાનંદ સ્વામીએ બાલવાડીના કાર્યને બિરદાવી કૃષિ, શિક્ષણ અને આરોગ્ય અનુસંધાને સેવાકાર્યો કરવા પ્રેરણા આપી. સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવી માતૃભાષામાં ભણતર ઉપર ભાર આપ્યો, તેમજ બાળકોનો ઉછેર, કેળવણી અને સર્વાંગી વિકાસ માટે માતા-પિતા, શિક્ષકો અને સમાજે કરવાની ફરજોની વાતો કરી. ◆

## વસંતપંચમી માહાત્મ્યપર્વે સત્સંગલાભ

સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણ રચિત 'શિક્ષાપત્રી' મહાગ્રંથનો ૧૯૭મો પ્રાદુર્ભાવ દિન, સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીનો ૨૫૬મો અને સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીનો ૨૫૦મો પ્રાગટ્યદિન અને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનો ૧૫૮મો પ્રાગટ્યદિન સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીના પારમિતા સભાખંડમાં ૫ અને ૬ ફેબ્રુઆરીના રોજ ડિજિટલ માધ્યમથી ઉજવાયો. આ પ્રસંગે સભાખંડમાં શોભાયમાન બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની મૂર્તિનાં પૂજન અને પુષ્પહાર અર્પણ કર્યાં અને સુંદર કીર્તનોનાં ગાન કરીને સંતોએ ભાવવંદના અર્પણ કરી.

૫ જાન્યુઆરીની સભામાં સદ્‌ગુરુ સંત પૂ. મનોજદાસજીએ મનનીય માર્ગદર્શક પ્રવચન કરી શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સિદ્ધાંતોની સરસ સમજણ આપી. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તન અર્થે કરેલ અકલ્પ્ય ભીડાભક્તિની સ્મૃતિ કરાવી, આવા દિવ્ય પુરુષનાં ઋણ ચૂકવવા અંગે શીખ આપી. તેમજ ઉપાસનાને સાંગોપાંગ જીવતા સદ્‌ગુરુ સંતોના દિવ્ય






વેમારમાં ભક્તિનંદન બાલવાડી શુભારંભ પ્રસંગે મહાપૂજા તથા સભામાં સંતોના આશીર્વાદ

મહિમાને વ્યક્ત કર્યો અને સંતભગવંત સાહેબજીની ગુરુભક્તિના પ્રસંગોનાં વર્ણન કરી વિશેષ પ્રેરણા પ્રદાન કરી.

૬ જાન્યુઆરીના રોજ સદ્ગુરુ સંત પૂ. શાંતિદાદાએ અંતરભીના ભાવે પ્રાર્થના ધરીને યુગપુરુષ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના અલૌકિક કાર્યની સ્મૃતિ કરી. તેઓના દિવ્ય કાર્યના વાહક ગુરુદેવ યોગીજી મહારાજ અને સંતભગવંત સાહેબજીના મહિમાને ઉજાગર કર્યો. પ્રભુના પ્રગટ સ્વરૂપ-ગુરુહરિના સંબંધને પામેલાં સર્વેનાં સર્વ પ્રકારે સ્વીકાર કરવા રૂપી ઉપાસનાના સિદ્ધાંતોની માર્મિક સમજ આપી સુખિયા થવાની ચાવી બતાવી. સદ્ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ 'શિક્ષાપત્રી'ના આદેશોની અને વ્યવહારશુદ્ધિની સુંદર સમજ આપી તેમજ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની દિવ્ય સામર્થી હોવા છતાં તેઓના દાસત્વભાવની સુંદર વાતો કરી. સંતભગવંત સાહેબજીની સૌનાં કલ્યાણ, સૌનું ભલું કરવાની દિવ્ય ભાવનાને પ્રસંગો સહિત સમજાવી આશીર્વાદ વરસાવ્યા.

બે દિવસ ડિજિટલ માધ્યમથી સત્સંગલાભ પ્રાપ્ત કરી દેશ-પરદેશના સૌ સંતો-અક્ષરમુક્તોએ આધ્યાત્મિક સુખાકારીની ધન્ય અનુભૂતિ કરી. શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની અનિવાર્યતા અને મહત્તા સમજી સૌએ તે રાજમાર્ગે ડગ માંડવા બળ અને પ્રેરણા પ્રાપ્ત કર્યાં. ◆

## શ્રદ્ધાંજલિ



**પૂ. વાસુદેવભાઈ પટેલ :** સંતભગવંત સાહેબજી અને સદ્ગુરુ સંતોના સહાધ્યાયી, કાલુપુર સ્વામિનારાયણ મંદિર-નરનારાયણ દેવ ગાદીના અગ્રણી સભ્ય, ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના ઉપપ્રમુખ અને અનુપમ મિશન પરિવારના અનુપમસ્વજન પૂજ્ય વાસુદેવભાઈ લવજીભાઈ પટેલ ૨૪ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ અક્ષરધામ સિધાવ્યા. શિક્ષણ સહિતની અનેકવિધ સમાજસેવામાં રત પૂ. વાસુદેવભાઈ આદર્શ અને મહિમાસંપન્ન વ્યક્તિત્વ ! સમાજ ઉત્કર્ષનાં અનેક કાર્યોમાં અંતિમ શ્વાસ સુધી સેવાપ્રવૃત્ત રહીને તેઓએ જનસેવાના માધ્યમથી પ્રભુસેવાની ભાવનાના આદર્શ પૂરા પાડ્યા. સંતભગવંત સાહેબજી સાથે પ્રેમસભર અદ્ભુત મિત્રતા નિભાવી. મૂળ ગાદીના આચાર્યો, સંતો સાથે અપ્રતિમ પ્રામાણિકતા રાખી મદદરૂપ થયા. આવા બહુગુણવાન મુક્તરાજને સ્નેહસભર વંદન ! ◆



હસુકાકા તથા સાધુ જયેશદાસજી દ્વારા બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનાં પૂજન



**પૂ. પુષ્પાબા :** કાસોર નિવાસી અક્ષરમુક્ત પૂ. પુષ્પાબાનું ૨૪ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ અક્ષરધામગમન થયું. નરસિંહભાઈ સાથે રહીને અનુપમ મિશનની પાયાની સેવામાં ભક્તિ અર્પણ કરનાર પુષ્પાબાનું જીવન દાસત્વપૂર્ણ હતું. સેવા અને દાસત્વભક્તિનો આ જ સંસ્કારવારસો તેઓએ તેઓનાં સંતાનોને આપ્યો અને તેથી જ ઑસ્ટ્રેલિયામાં સંદીપભાઈ, ભારતમાં વસંતભાઈ અને અમેરિકામાં દીપ્તિબહેને સત્સંગનું સુકાન સંભાળી સંતભગવંત સાહેબજી અને સદ્ગુરુ સંતો પ્રતિની નિષ્ઠાસંપન્ન ભક્તિ અદા કરી જીવન ઊજળું કર્યું છે. નાનામાં નાની સેવા કરવામાં સદાય સદ્ભાગ્ય ગણતાં પુષ્પાબાને અનંત વંદન છે ! ◆



**પૂ. ચંપાબા :** સદ્ગુરુ સંત પૂ. પૂનમદાદાના પૂર્વાશ્રમનાં ધર્મપત્ની અને અનુપમ મિશનના વ્રતધારી સંતો પૂ. નરેન્દ્રદાસજી, પૂ. મૂકેશદાસજીનાં ગૌરવવંતાં માતુશ્રી પૂ. ચંપાબા ૨૭ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ અક્ષરનિવાસી થયાં. તેઓએ કરેલાં અતુલનીય સમર્પણ અને શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની સ્પષ્ટ સમજણ સહિતનાં જીવન આચરણ સદૈવ પ્રેરણારૂપ રહેશે. ભક્તિમાર્ગે સંવાદિતા અને જવાબદારી નિભાવવાની સહર્ષ ધન્યતા એ તેઓના જીવનનું પ્રતિબિંબ છે. અત્યંત વિનમ્ર અને સદા પ્રેમાળ પૂ. ચંપાબાએ મૂક સાધના કરી પ્રભુના કર્તાપણાનો જબરદસ્ત સ્વીકાર કર્યો. હક અને અપેક્ષાઓથી ઉપર ઊઠી પ્રભુપ્રીત્યર્થે જીવન જીવવાની અનુપમ ભક્તિયાત્રા સંપન્ન કરી. સંતભગવંત સાહેબજી અને સદ્ગુરુ સંતો સાથે જીવની પ્રીતિ પાકી કરી પ્રભુએ અર્પણ કરેલ પ્રત્યેક પળને પૂ. ચંપાબાએ ઉત્સવ બનાવી. આવાં જંગમતીર્થ આદર્શ માવતરને વિદાયવેળાએ ગદ્ગદભાવે ભાવવંદના ! ◆




'અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની ભક્તિ સદાકાળ કરવી'
તે આપણો પરમ ધ્યેય છે.
વચનામૃત ગઢડા અંત્ય-૨૧માં
ભગવાન શ્રી સ્વામિનારાયણે જણાવ્યું છે તેમ
"...જેમ સોનાનો દોરો કર્યો હોય
તે છયે ઋતુમાં સરખો રહે..."

તે અનુસંધાને સુવર્ણપર્ણ પર અંકિત આપણા ધ્યેયમંત્રને
સિદ્ધ કરવાની ભાવના પણ છયે ઋતુમાં અચળ રહે
તેવી સંતભગવંત સાહેબજીની શુભાશિષ સાથે
શ્રી સ્વામિનારાયણ મંદિર કળશ મહોત્સવમાં
આ સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવી,
તેની પ્રતિકૃતિ સ્મૃતિપ્રસાદ સ્વરૂપે અત્રે સમાવી છે !







મનોહર

અતિ

દિવ્ય

રમ્ય



પરમ








વિલસે



હૃદયે

# 'સાહેબ'



અનુપમ



અતિ દિવ્ય મનોહર રમ્ય પરમ,
વિલસે હૃદયે સાહેબ અનુપમ !

॥ સ્વામિશ્રીજી ॥

# નિમંત્રણ



રંગોત્સવે
ભક્તિરંગમાં રંગાઓ...!

અહો આત્મીય સ્વજનો, હે અક્ષરમુક્તો !

હોળિકા ઉત્સવે ઇષ્ટરૂપ

**બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજની ૧૯૪મી જન્મજયંતીની પ્રાગટ્યપૂર્ણિમા !**

કૃષ્ણ પક્ષની ફૂલદોલી ધુળેટીએ પ્રેમમૂર્તિ, આનંદબ્રહ્મના પ્રગટ સ્વરૂપ

**સંતભગવંત પરમ પૂજ્ય સાહેબજીની ૮૩મી પ્રાગટ્યવસંત !**

આ મ્હોરેલી ભક્તિ પર્વણીના ઉમંગ સાથે
ગુણાતીત સંતસ્વરૂપોના આશીર્વાદની કૃપાવર્ષા પામી ધન્ય થઈશું.



**હોળિકા ઉત્સવ :**
બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ પ્રાગટ્યોત્સવ
૧૭ માર્ચ ૨૦૨૨, ગુરુવાર



**ધુળેટી પર્વ :**
સંતભગવંત પરમ પૂજ્ય સાહેબજી પ્રાગટ્યોત્સવ
૧૮ માર્ચ ૨૦૨૨, શુક્રવાર

આ ભક્તિરૂપ ઉમંગ ઉત્સવો
કોરોના નિર્દેશિકાના નિયંત્રણને અનુસંધાને તેમજ ડિજિટલ માધ્યમથી ઉજવીશું.
આ અંગેની વિશેષ વિગતો યથા સમયે આપને પ્રાપ્ત થશે.

અનુપમ મિશન

**Regd. News Paper / Air Mail / Book Post**

To,

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2021-23
* Date of Publication : 14th of each Month
* Date of Posting : 15th of each Month * Posted at: Vitthal Udyog Nagar Post Office

"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-02-22 * Office of Origin : Vitthal Udyognagar
Editor : Shantibhai F. Patel * Published by : Shantibhai F. Patel on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat
Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008

If Undelivered Please return to :
Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345. Gujarat, India
Phone : (02692) 230483, 230544 Fax : (02692) 235660
email : amindia@anoopam.org * website: www.anoopam.org